# આધુનિકતા એટલે....

[આધુનિકતાની વ્યાખ્યા અને ઈતિહાસ]

●

**લેખન**

ડૉ. સરૂપ ધ્રુવ

●

**પરામર્શન**

પ્રો. યોગેન્દ્ર માંકડ

●

**પ્રકાશન**

'દર્શન'

અમદાવાદ

**AADHUNIKTA ETLE**
(Definition and History of Modernity)
'AADHUNIKTA NI KHOJMAN' booklet -1

by Dr. Saroop Dhruv.

©'દર્શન'

**આવૃત્તિ- 1**

**નકલ : 750**

**સહયોગ રાશિ :**

| | | |
|---|---|---|
| વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકર્તાઓ માટે | : | Rs. 30.00 |
| અન્ય માટે | : | Rs. 75.00 |
| આવરણ અને ડીઝાઇન | : | જ્યોતિ ઝેવિયર |
| કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ | : | કે. શ્રીનિવાસ. |
| લે-આઉટ | : | ઈશ્વરભાઇ પ્રજાપતિ |
| મુદ્રક | : | સત્યમ્ પ્રિન્ટ, નરોડા |

**પ્રકાશક-વિતરક** : **'દર્શન'**, 19-બી, વિશ્વનગર સોસાયટી, વિશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક, અમદાવાદ-380051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : darshan.org@gmail.com


# અમે આભારી છીએ...

- પરામર્શકશ્રી પ્રો. યોગેન્દ્ર માંકડ.
- 'દર્શન' દ્વારા આયોજીત 'આધુનિકતાની ખોજમાં' વિચાર-વિમર્શ સભાઓમાં સહભાગી થયેલ સૌ સાથીઓના તથા તેમાં રજૂઆત કરનાર - પ્રો. મધુસૂધન બક્ષી, પ્રો. ગણેશ દેવી, પ્રો. ખાખા, ડો. તૃપ્તિ શાહ, ડો. સુધા વાસન, સુશ્રી. ગેબ્રિયેલ ડિટ્રીચ, બિ. સુભાષ ગાતાડે, બિ. આનંદ તેલતુંબડે, ડો. મિલિંદ બોકીલ, શ્રી. અચ્યુત યાજ્ઞિક, ડો. રવિ સિંહા, ડો. સંજય કુમાર, બિ. ભાર્ગવ, બિ. અલ્તાફ, બિ. શ્રીનિવાસ રાવ, ડો. ઉમાશંકર તિવારી, બિ. ઈશ્વર પ્રજાપતિ, બિ. અંજલિ સિન્હા, પ્રો. માધવી, સુશ્રી. પર્સીસ જીનવાલા, પ્રો. દિનેશ શુક્લ, શ્રી. પ્રકાશ ન. શાહ, ફા. પી.ડી. મેથ્યૂ, ફા. સબાસ્ટીયન વાઝાપલ્લી, શ્રી. ઈરફાન એન્જીનીયર, શ્રી મિહિર દેસાઈ, શ્રી. આનંદ યાજ્ઞિક, પ્રો. યોગેન્દ્ર માંકડ.
- સુશ્રી પ્રીતીબેન શુક્લ, શ્રી. હોઝેફા ઉજ્જૈની, સુશ્રી. ઉષ્મા, શ્રી. મિતેશ મહિડા, શ્રી. મહેન્દ્ર પટેલ.
- એચ. કે. આર્ટ્સ કોલેજના પ્રા. સંજય ભાવે તથા વિદ્યાર્થીઓ –કિશન, દક્ષા, યોગેશ, જયશ્રી, આરતી, જ્યોતિ તથા પવની.
- નિયતિ ગાંધી, શિરિન રત્નોત્તર, કે.શ્રીનિવાસ અને ભૂમિકાબેન સોલંકી.

**આ પુસ્તક માટે આર્થિક સહયોગ આપનાર :**

- Mensen met een Missie
- Tejender Singh Memorial Trust.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| **પ્રસ્તાવના** | | 5 |
| **ભૂમિકા** | | 7 |
| પ્રકરણ - 1 | આધુનિકતા એટલે... | 11 |
| પ્રકરણ - 2 | જ્ઞાનપ્રકાશ - પ્રબોધન - પ્રબુદ્ધતા | 15 |
| પ્રકરણ - 3 | આધુનિકતાનો ઉદ્ભવ અને પાયાનાં મૂલ્યો | 20 |
| પ્રકરણ - 4 | મૂડીવાદ, સમાજવાદ અને આધુનિકતા | 37 |
| પ્રકરણ - 5 | આધુનિકતા સામે અનુઆધુનિકતા | 43 |
| પ્રકરણ - 6 | ભારત અને આધુનિકતા વચ્ચેનો સંબંધ | 46 |
| પ્રકરણ - 7 | ભારતમાં સમાનતાની સમસ્યા અને આધુનિકતા | 55 |
| પ્રકરણ - 8 | નવા જમાનાના નવા પડકારો | 73 |
| પ્રકરણ - 9 | ત્યારે કરીશું શું? | 78 |
| **સંદર્ભ સૂચિ** | | 82 |
| **પરિશિષ્ટ - 1** | યુરોપના જ્ઞાનપ્રકાશ યુગના મશાલચીઓ | 83 |


# "આધુનિકતાની ખોજમાં"

## પ્રસ્તાવના

આપણી આસપાસના આજના સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ ઉપર નજર નાંખીએ તો શું દેખાય છે? એ જ સદીઓ પુરાણી પરંપરાઓ અને વિધિવિધાનો, કહેવાતી આધુનિકતાનો વેશ ધારણ કરીને ઘોંઘાટતાં રહે છે. જ્ઞાતિગત ભેદભાવો, સ્ત્રી-પુરૂષ અસમાનતાઓ અને કટ્ટર બનતી જતી સાંપ્રદાયિકતા પણ જાણે સમાજને કોઠે પડવા માંડી છે. આધુનિકતાએ આપણને આપેલો રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો ખ્યાલ પણ હવે તો હિંસક બની રહ્યો છે. તો વળી બીજી તરફ આર્થિક વિકાસનો વર્તમાન ખ્યાલ ગરીબ અને મધ્યમવર્ગના ગળે ગાળિયો બનીને ભીંસાઈ રહ્યો છે. ગામડાં ગૂંગળાઈ રહ્યાં છે, ગળચાઈ રહ્યાં છે. નગરો શહેરો બની રહ્યાં છે અને શહેરો મેગાસીટી, મેટ્રોઝ બની રહ્યાં છે. રોજ-બ-રોજ બજારમાં ઠલવાઈ રહ્યાં છે —અદ્યતન ટેક્નોલોજી ધરાવતાં રિમોટ્સ, સેલફોન્સ, આઈ પેડ્સ અને કૈં કેટલાંયે સાધન-સરંજામો. આપણે આજની આ વિરોધાભાસી જિંદગીને અને આપણા આ યુગને 'આધુનિક' કહીએ છીએ.

શું આજનો આ વાસ્તવ ખરેખર આધુનિક છે? આધુનિકતા એટલે શું? છેલ્લાં છસ્સો વર્ષથી માનવી આધુનિકતા માટે મથામણો, સંઘર્ષો કરતો આવ્યો છે. એ સંઘર્ષોમાંથી એણે ઘણું હાંસલ પણ કર્યું છે. સામંતી અર્થવ્યવસ્થાને બદલે મૂડીવાદી અર્થવ્યવસ્થા, રાજાશાહીને બદલે પ્રજાતાંત્રિક રાજ્ય વ્યવસ્થા, રજવાડાંને બદલે રાષ્ટ્ર વિશેનો ખ્યાલ, ધર્મ આધારિત જીવનને અને સમાજને બદલે ક્રમશઃ વિજ્ઞાન આધારિત જીવન

અને સમાજ ભણી આગળ વધતો માનવી. પરંપરાગત જ્ઞાતિઆધારિત, ધર્મ-સંપ્રદાય આધારિત મંડળો-સમુદાયોને બદલે વિચારો, પ્રવૃત્તિઓ અને વ્યવસાયો આધારિત મંડળો, એસોસિએશનો, ટ્રેડ યૂનિયનો, ક્લબો જેવાં અદ્યતન સમુદાયો રચતો થયેલો માનવી. સાર્વજનિક અને વિજ્ઞાન આધારિત શિક્ષણ મેળવતો થયેલો માનવી. આ અને આવું ઘણુબધું આધુનિકતા માટેની સફર દરમ્યાન માનવીએ, એટલે કે આપણે અને માનવસમાજે હાંસલ તો કર્યું છે. અને આમ છતાંયે શરૂઆતમાં જેની વાત કરી એવો વિરોધાભાસી વાસ્તવ- સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ કેમ? અને એથીયે મોટો અને ગંભીર સવાલ તો એ કે એ પરિવેશ સામેનો આપણો અવાજ, આપણા સવાલો ક્યાં?

આધુનિકતા માટેની સફરમાં ક્યાં ચૂક કરી છે આપણે? શું ચૂક કરી છે આપણે? આજે એ તપાસ આપણે માટે અનિવાર્ય બની ગઇ હોય એવું નથી લાગતું? એ તપાસ માટે આપણે ફરીથી યાદ કરવું પડશે, સમજવું પડશે —આધુનિકતા એટલે શું? આધુનિકતાનાં પાયાગત મૂલ્યો અને માપદંડો ક્યા? આધુનિક માનવ સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક સામુદાયિક-સામાજિક સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક જીવનશૈલી કોને કહેવાય? વિજ્ઞાન અને પ્રકૃતિ વચ્ચેનો આધુનિક સંબંધ કેવો હોઇ શકે? આધુનિક પ્રજાતંત્ર એટલે કેવું પ્રજાતંત્ર? આધુનિકતામાં બજારની ભૂમિકા શું અને કેટલી? અને સૌથી મહત્વનો સવાલ તો એ તપાસવો પડશે કે, માનવસમાજને અમીર-ગરીબમાં વહેંચતી મૂડીવાદી અર્થવ્યવસ્થાઓ અને પ્રતીકાત્મક પૂરવાર થઇ રહેલી વર્તમાન પ્રજાતાંત્રિક રાજ્યવ્યવસ્થાઓ આપણને સાર્થક આધુનિકતા સુધી પહોંચવા દેશે?

આ પુસ્તિકા શ્રેણી પાછળનો અમારો ઉદ્દેશ આવા સવાલોને સમજવાનો-તપાસવાનો છે. 'દર્શન' સાંસ્કૃતિક પરિવર્તન માટે પ્રતિબદ્ધ સંગઠન છે; એથી અમારી આવી તપાસ અમારી ફરજ પણ છે. અમે શરૂઆત કરી રહ્યાં છીએ. આશા છે, આપ પણ અમારી સાથે જોડાશો.

**હિરેન ગાંધી - ડૉ. સરૂપ ધ્રુવ**





# આધુનિકતા એટલે...

## ભૂમિકા

આમ તો આપણો આ સમય 'આધુનિક યુગ' કહેવાય છે. માનવસભ્યતા લગભગ એના ચરમ શિખરે પહોંચી છે એમ પણ કહેવાય છે. માણસે અવનવાં યંત્રો અને ટેકનિકલ સાધનોની શોધ કરી, એનો ઉપયોગ કરીને શ્રમ અને સમય બચાવવા માંડયા છે. દેશમાં શહેરીકરણ ઝડપભેર અને મોટાપાયે થવા લાગ્યું છે અને શહેરો કૂદકે ને ભૂસકે મહાનગરો બની રહ્યાં છે. વિવિધ વાહનો-સાધનો અને અનેકમાર્ગી રસ્તાઓ દ્વારા દેશના મોટાભાગના વિસ્તારો એકમેક સાથે સંકળાઇ ગયા છે અને ઘટતા જતાં અંતરોને કારણે 'ગ્લોબલ વિલેજ' (વિશ્વગ્રામ) જેવું નવું નામ ફકત દેશને જ નહીં, દુનિયાને પણ મળી ચૂક્યું છે.

મહાનગરો, મોટાં શહેરો માટે હવે 'મેગા સીટી', 'મેટ્રો' જેવાં નામ પણ પ્રચલિત બન્યાં છે. આવાં મહાનગરોમાં, મોટાં શહેરોમાં અને હવે તો ગ્રામીણ વિસ્તારો અને નગરો (ટાઉન્સ)માં પણ લોકોનું જીવન અને જીવન-ધોરણ ઝડપભેર બદલાતું જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારોમાં ટી.વી., ટેલિફોન, મોબાઇલ, કેમેરા અને કમ્પ્યુટર પણ રોજવપરાશનાં સાધનો બનતાં જાય છે. કપડાં-લત્તા વગેરેમાં પણ છેલ્લામાં છેલ્લી ઢબની ફેશનો પણ માત્ર શહેરો સુધી સીમિત નથી રહી. ગ્રામીણ દુકાનો અને આદિવાસી વિસ્તારનાં હાટ-બજારોમાં પણ આવી ચીજો સારી પેઠે વેચાય છે.

આ મુદ્દે ઘણું ઘણું કહી શકાય પણ ટૂંકમાં કહીએ તો આજે વિજ્ઞાનની શોધો અને ટેક્નોલોજીનો ઉપયોગ આપણા દેશમાં ભરપટ્ટે થઇ રહ્યો છે, જે 'આધુનિકતા' અને 'આધુનિકીકરણ'નાં 'ફળ' કહી શકાય. ઉપર જણોવેલાં સાધનો કે જીવનપદ્ધતિ સિવાય આપણા જીવનની કલ્પના સુદ્ધાં કરવી હવે અશક્ય છે. આ બધું એટલી સ્વાભાવિકતાથી બની રહ્યું છે અને સ્વીકારવામાં આવી રહ્યું છે કે એથી કરીને આપણે અને આપણો દેશ જાણે 'આધુનિક' થઇ ગયા છીએ અને આપણી જીવનપદ્ધતિને 'આધુનિકતા' કહેતાં પણ થઇ ગયાં છીએ. આ બાબતો કેટલે અંશે હકીકત છે, કેટલે અંશે માન્યતા છે કે કેટલે અંશે એ બેઉની કંઇક ભેળસેળ છે તેની તપાસ જરૂરી બની ગઇ છે અને આ પુસ્તિકામાં આ તપાસ કરવાની કોશિશ કરવા ધાર્યું છે.

કારણ કે, બીજી બાજુ જોઇએ તો આવાં 'આધુનિક' જીવન જીવતાં આપણે આની જ સાથોસાથ, સમાંતરે એવાં મૂલ્યોથી દોરવાઇએ છીએ, એવાં વલણો ધરાવીએ છીએ કે એવી જીવન પદ્ધતિ અપનાવી રહ્યાં છીએ, જે જોતાં આપણે આધુનિક નહિ, પણ દોઢ-બે સદીઓ પહેલાંની - સાવ મધ્યકાલીન તો નહિ, પણ જેને આધુનિકતા આવ્યાં પહેલાંની- 'પૂર્વઆધુનિક' માનસિકતા કહેવાય તેનાથી દોરવાઇને જીવી રહ્યાં હોઇએ એવું પણ લાગે છે. અલબત્ત, આપણી દિનચર્યા તપાસીએ તો 'આધુનિક' અને 'પૂર્વ આધુનિક' વલણો-વર્તનોની ભેળસેળ થતી દેખાય છે.

ઉદાહરણો જોઇએ તો આપણાં અતિઆધુનિક પોષાક પહેરેલાં ને આધુનિકતાના મુખ્ય લક્ષણ જેવી અંગ્રેજી ભાષા બોલતાં યુવાનો-યુવતીઓ વિવિધ પ્રકારની ધાર્મિક પદયાત્રાઓમાં જતાં જોવા મળે છે. વિદેશમાં જન્મેલા-ઉછરેલા એન.આર.જી. (નોન રેસિડેન્શ્યલ ગુજરાતી) એકદમ જૂનવાણી રિવાજો-સંસ્કારો અને હેરિટેજ-હવેલીઓમાં રસ ધરાવતાં જોવા મળે છે. સુશિક્ષિત-શહેરી-સાધનસંપન્ન 'આધુનિકો' વારે-તહેવારે અને પ્રસંગોમાં પરંપરાગત વિધિઓમાં રાચતાં જોવા મળે છે. ફરી પાછાં





'એરેન્જડ મેરેજ' (મા-બાપે ગોઠવેલાં લગ્ન)નો જમાનો આવી ગયો અને જ્ઞાતિ, પેટાજ્ઞાતિ આધારિત 'મેરેજ-બ્યૂરો' અને તે વિશેની 'વેબસાઇટો' ધામધૂમથી ચાલવા લાગી છે. ધર્મગુરુઓ વિમાનોમાં ને હેલિકોપ્ટરોમાં પ્રવાસ કર્યા પછી પણ કથા-કીર્તનોમાં સર્જનહારની લીલાનાં વખાણ કરે છે. સામુદાયિક શિક્ષણ પ્રસાર માટે મૂળભૂત રીતે, ચાલુ થયેલા ટી.વી. કાર્યક્રમોમાં જૂનવાણી મૂલ્યોને બહાલી આપે, અંધશ્રદ્ધાનો પ્રચાર કરે તેવી સામગ્રી હવે 'વિજ્ઞાન'ના પ્રતાપે જ ઘેર-ઘેર પહોંચી રહી છે. શિક્ષણક્ષેત્રે જોઇએ તો બાળકોનાં પાઠયપુસ્તકોમાં ઇતિહાસને નામે પુરાણકથાઓ ભણાવાય છે અને બીજી તરફ ટેબ્લેટ અને કંપ્યૂટર જેવી ટેકનોલોજી ફરજીયાત બનતી ગઇ છે. રાજકીય ક્ષેત્રમાં પણ આવા વિરોધાભાસી વલણો મોજૂદ છે. સ્વતંત્રતા-સમાનતા-બંધુતાને વરેલી આપણી લોકશાહીમાં જ્ઞાતિપંચો- ખાપ પંચાયતોનું વર્ચસ્વ એટલું બધું વધી ગયું છે કે હાઇકોર્ટ-સુપ્રીમ કોર્ટને આઘાં રાખીને, લોકોનાં સામાજીક જીવનને એવી રીતે સંચાલિત કરવામાં આવે છે કે જેમાં મધ્યકાલીન માનસિકતા દ્વારા લોકોનું દમન અને શોષણ ખુલ્લેઆમ થાય છે. ઉદ્યોગ-ધંધામાં વારસદારવાદ સાવ 'આમ' છે. સ્ત્રી-પુરુષના ભેદભાવની તો હદ આવેલી દેખાય છે.

સવાલ એ છે કે, બાહ્ય રીતે આધુનિક દેખાતો આપણો સમાજ, જે આધુનિકીકરણના ફળ સમાન વિજ્ઞાન-ટેક્નોલોજીનો ઉપયોગ પણ કરે છે પણ અમુક હદે વિચારોમાં અને આચાર-વહેવારમાં જૂનવાણી મૂલ્યોથી કેમ વર્તે છે? શું 'આધુનિકતા'નો અર્થ આપણા સમાજ માટે ઉપરછલ્લી ટાપટીપ પૂરતો સીમિત છે? અથવા 'આધુનિકતા' વિશે સમાજમાં પૂરતી સમજ કે માહિતીનો અભાવ છે, જે આપણાં મૂલ્યો અને વ્યવહારને નિયંત્રિત કરે છે? અથવા કોઇ પૂર્વગ્રહ છે આધુનિક મૂલ્યો પ્રત્યે? કે પછી આપણી સામે એક મોટો પડકાર છે - ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો અને આધુનિકતાને અડખેપડખે રાખવાનો?!

આ અને આવા બીજા સવાલોને લઈને આ આધુનિકતાની ખોજ શરૂ કરી છે. સૌથી પહેલાં તો આધુનિકતા એટલે શું ?- એ સમજવાનો પ્રયાસ કરીશું. એ આધુનિકતા ક્યા સમયખંડમાં, કેવી રીતે ઉદ્ભવી? ક્યાં અને ક્યારે આધુનિક વિચારો તરતા થયા? અમલમાં મૂકાતા થયા? આધુનિકતાના બધાં પાસાંની બહારભીતરની-તપાસ કરીશું. કંઈક ઈતિહાસમાં ડોકિયું કરીને, કંઈક ભૌગોલિક સરહદોને સ્પર્શીને, ઓળંગીને, કંઈક વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસીને 'આધુનિકતા'ને ઓળખવા-સમજવાનો પ્રયાસ કરીશું.

આ પહેલી પુસ્તિકામાં 'આધુનિકતા' વિશે પાયાની સમજ મેળવીને આપણે આગળ વધીશું.





## પ્રકરણ - 1

# આધુનિકતા એટલે....

આધુનિકતા એટલે અમુક વિચારોનો સંપૂટ(સમૂહ-ગુચ્છ); **જે વિચારો, મૂલ્યો, સિદ્ધાંતો અને હકીકતો આપણી સામે કુદરત, કુદરતી જગત અને સમાજનું ચિત્ર રજૂ કરે અને તેના વિશે વિચારવાનો રસ્તો સૂચવે તે સંપૂટ/સમૂહને 'આધુનિકતા' કહે છે.** તે સંપૂટને પશ્ચિમી તત્વજ્ઞાનીઓ 'પેરેડાઈમ' કહે છે. આધુનિકતા દર્શાવતા આ વિચારો, મૂલ્યો, સિદ્ધાંતો કયા હશે તે આપણે વિગતવાર સમજીશું. સૌ પ્રથમ એ જાણવું જરૂરી બને છે કે આધુનિકતાની વિચારધારા ક્યાંથી અને ક્યારે શરૂ થઈ. સામાન્ય રીતે, આધુનિકતા માટે 'મોડર્નિટી' શબ્દ જાણીતો છે.

### આધુનિકતાની શરૂઆત

ઈસ્વીસન્ 15મી-16મી સદીથી 19મી સદી દરમ્યાન, પાંચસો વરસના ગાળામાં આધુનિકતાની વિચારધારોનો જન્મ યુરોપના દેશોમાં થયો અને દુનિયાભરમાં તેનો પ્રસાર થયો એમ કહી શકાય. સૌ પ્રથમ 15-16મી સદીમાં, યુરોપના દેશોમાં જ્ઞાનપ્રકાશ (રેનેસાં) યુગનાં મંડાણ થયાં. ત્યારે એ જ દેશોમાં ઔદ્યોગિકીકરણ (ઈન્ડસ્ટ્રીયલાઈઝેશન) અને ધર્મસુધારણાની (રેફર્મેશન) ચળવળો પણ થઈ. આ ત્રણેની કડીરૂપે આધુનિકતાની વિચારધારા તરતી થઈ. યુરોપના દેશોમાં, આર્થિક, સામાજીક, રાજકીય અને સાંસ્કૃતિક બદલાવ આ અરસામાં આવવા

લાગેલો આથી સ્વાભાવિક રીતે 'આધુનિકતા'ને 'યુરોપિયન'કે પછી 'પશ્ચિમી / પાશ્ચાત્ય વિચારધારા' કહેવામાં આવે છે.

ખાસ તો, 14મી સદીમાં યુરોપના દેશોમાં ઔદ્યોગિકીકરણ અને યંત્રીકરણ (મિકેનાઇઝેશન -મશીનોનો ઉપયોગ) શરૂ થયું જેને કારણે ઉત્પાદન પદ્ધતિ બદલાઇ. ખેતીવાડી-પાક, કાપડ ઉત્પાદન, અન્ય વપરાશની ચીજોનું ઉત્પાદન યંત્રો દ્વારા થવા લાગ્યું -જથ્થો વધ્યો - ઝડપ વધી - બજાર વ્યવસ્થા બદલાઇ... વગેરે. આને કારણે આર્થિક પરિવર્તન આવ્યું - અર્થવ્યવસ્થા બદલાઇ. આના પહેલાં 'સામંતીયુગ' ચાલતો હતો -એટલે કે યુરોપના દેશોમાં રાજાઓ, તેમના સરદારો અને ધર્મસંસ્થા (ખ્રિસ્તી ચર્ચ)ના પાદરીઓના હાથમાં રાજ્યસત્તા, આર્થિકસત્તા અને સામાજિક - સાંસ્કૃતિક સત્તા રહેતી હતી. પરંતુ તે પછીના ઔદ્યોગિકીકરણ અને યંત્રીકરણના પરિણામે બદલાયેલી ઉત્પાદન પદ્ધતિએ રાજ્યવ્યવસ્થા ઉપર સીધી અસર કરી અને સામંતીયુગ આથમવા લાગ્યો.

આ જ અરસામાં જગત અને કુદરતને જોવાનો અને સમજવાનો દૃષ્ટિકોણ બદલાયો. સ્વાનુભવ, પ્રમાણભૂત ચકાસણી અને તાર્કિકતા જેવાં મૂલ્યો વિકસતાં ગયાં અને ફેલાતાં ગયાં, જેને આપણે જીવન અને જગતને તથા કુદરતને સમજવાનો 'વૈજ્ઞાનિક અભિગમ' કહીશું. આવા વૈજ્ઞાનિક અભિગમને કારણે આજ દિન સુધી માનવામાં આવતી ધાર્મિક માન્યતાઓ સામે સવાલો ઊઠયા. જેમ કે, આ સૃષ્ટિની રચના કોઇ 'દૈવી' બનાવ નથી પણ કુદરતી ઘટનાક્રમ છે; અથવા તો પ્રકાશ અને અંધકાર, સમુદ્ર અને નદીઓ, વનસ્પતિ અને જંગલો ને પછી જાતજાતનાં જીવજંતુ, પ્રાણીઓ, પક્ષીઓ ને છેવટે માણસજાતનું સર્જન કોઇ ઇશ્વરે કર્યુ નથી એટલે કે, પ્રથમ વાર દૈવી ચમત્કાર, ઇશ્વર જ સર્જનહાર છે.... એવી ધાર્મિક માન્યતાઓ ઉપર વૈજ્ઞાનિકો અને તત્વચિંતકોએ (ફિલોસોફરોએ) સવાલો ઊઠાવ્યા, બૌદ્ધિક મંથન શરૂ થયું અને તાર્કિક તેમજ વૈજ્ઞાનિક પુરાવાઓ દ્વારા ધાર્મિક માન્યતાઓને તોડવાનાં સાહસો શરૂ થયાં. આથી





ધર્મસત્તા અને એની સાથે સાંઠગાંઠ ધરાવતી રાજ્યસત્તાની સાથે (ધર્મગુરૂઓ અને રાજાઓની સાથે) જ્ઞાન-વિજ્ઞાનનો સંબંધ સંઘર્ષમય બન્યો.(તત્ત્વજ્ઞાનીઓ અને વૈજ્ઞાનિકો સંઘર્ષમાં ઉતર્યા). આખા યુરોપમાં બૌદ્ધિક મહામંથન શરૂ થયું.

આ મહામંથનથી યુરોપના ઇતિહાસમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું. જ્ઞાન-વિજ્ઞાન દ્વારા માનવ-સમાજની ઉત્ક્રાન્તિ અને વિકાસના સંદર્ભે અવનવાં તથ્યો ઉજાગર થવા લાગ્યાં. આકાશના તારાઓ, ગ્રહો, દિશાઓ, પૃથ્વી અને સમુદ્રની રચના અને વિવિધ દેશો અને તેના માનવસમુદાયો-સભ્યતા અને સંસ્કૃતિ વિશેની જાણકારી મળતી થઇ. માત્ર ધર્મપુસ્તકમાં (બાઇબલ) વર્ણવેલી માહિતી જ સાચી છે - એવી ઘોષણાઓ અને હુકમો સામે વૈજ્ઞાનિક અને પ્રમાણભૂત સચ્ચાઇઓ બહાર આવી. ઉચ્ચાલન, ગુરુત્વાકર્ષણ, જેવાં વૈજ્ઞાનિક રીતે પ્રમાણભૂત બળો, ખગોળવિદ્યા, શરીરવિજ્ઞાન જેવાં અભ્યાસક્ષેત્રો અને શોધખોળો બહાર આવ્યાં, શરૂ થયાં અને અસરકારક રીતે જ્ઞાનપ્રકાશ યુગનો વિસ્તાર-પ્રસાર થવા લાગ્યો. આને કારણે જ આ સમયગાળામાં યુરોપિયન સમાજ અને સંસ્કૃતિના સંદર્ભમાં બિનસાંપ્રદાયીકરણ અને માનવીના મહત્વની સ્થાપના થઇ. **આ સમયગાળા દરમ્યાન નવા વિચારો, નવા ખ્યાલો, નવાં મૂલ્યો, નવા દૃષ્ટિકોણ, નવાં વલણો અને વર્તનો અસ્તિત્વમાં આવ્યાં. આ નવો અભિગમ તે જ 'આધુનિકતા'**.

આ મહામંથન 18મી સદી સુધી ચાલ્યું અને સોળે કળાએ ખીલેલા આ યુગને **'જ્ઞાનપ્રકાશ યુગ'** અથવા **'પ્રબોધન કાળ'** નામ મળ્યું. યુરોપના દેશોમાંથી આ મંથનનો પ્રવાહ અમેરિકા ગયો અને આજે જેને 'ત્રીજા વિશ્વના દેશો' કહેવાય છે ત્યાં સુધી લંબાયો. આજે વિશ્વના મોટાભાગના બિનપશ્ચિમી સમાજો અને સંસ્કૃતિઓ પોત- પોતાની રીતે, પોતપોતાની ગતિએ, સભાનપણે કે પછી મજબૂરીથી પણ -યુરોપમાં જન્મેલી, યુરોપમાં પ્રમાણિત થયેલી અને યુરોપમાંથી પ્રસારિત થયેલી આધુનિકતાની દિશા

તરફ જઇ રહ્યા છે. મતલબ કે, આ સમાજો પણ પેલી આધુનિકતાના મૂલ્યો-ખ્યાલો-વિચારો-વલણોને અપનાવી રહ્યાં છે કાં તો એની સાથે મુઠભેડમાં ઊતર્યા છે.

ત્યારે, આધુનિકતાના એ કયાં મૂલ્યો છે તેનો પરિચય મેળવવો જરૂરી છે. જો કે એ પહેલાં, એ મૂલ્યોની ભૂમિકામાં જે 'પ્રબુદ્ધતા' (રેનેસાં), 'પ્રબોધન' કે 'જ્ઞાનપ્રકાશ' રહેલાં હતાં એનો પરિચય મેળવીએ. અહીં જ આધુનિકતાની જડો નંખાઇ છે ને આધુનિકતાની ભોંય પણ આ જ યુગમાં છે. 'જ્ઞાનપ્રકાશ' પોતાનું નામ સાર્થક કરનારાં મૂલ્યો-દષ્ટિકોણો -વર્તનોથી પ્રખ્યાત છે.





# પ્રકરણ - 2

## જ્ઞાનપ્રકાશ-પ્રબોધન-પ્રબુદ્ધતા

જ્ઞાનપ્રકાશ યુગના વિચારો અને મૂલ્યોએ માણસને સમીક્ષા કરતાં કર્યા. સમાજ, વ્યવસ્થાઓ, વારસો, ધાર્મિક માન્યતાઓ સામે સવાલ કરી શકાય એવી તર્કબુદ્ધિ જગાડી. આદર્શ સમાજ કેવો હોવો જોઇએ એનો કોઇ નમૂનો/મોડેલ તો નથી આપ્યું પણ જે છે તે સમાજની ટીકા કરવાનાં બૌદ્ધિક-વૈજ્ઞાનિક માપદંડો આપ્યાં. સાંસ્કૃતિક સમીક્ષાનું માળખું આપ્યું. અને આ સજ્જતા સાથે યુરોપીયન સમાજ આધુનિકતાના માર્ગે અગ્રેસર થયો.

અઢીસો વર્ષ પહેલાં જર્મન ચિંતક ઇમેન્યુઅલ કાન્ટે વિધાન કરેલું કે, પ્રબુદ્ધતા માનવસમાજની પરિપક્વતાનું લક્ષણ છે. અબોધ અને અજ્ઞાન, અપરિપક્વ અને બેબાકળી અવસ્થામાંથી માનવચેતના મુકત બને છે - આ વિચારો અપનાવવાથી. પ્રશ્ન કરવા અને જાણવાની હિંમત કરવી એ કાન્ટનું મુખ્ય સૂત્ર હતું, જેણે માનવસમાજને બૌદ્ધિક રીતે પગભર કર્યો અને કુદરત તેમજ સમાજ વિષેની ચકાસણી કર્યા પછીની સમજણ મેળવવા તૈયાર કર્યો.

કાન્ટથી પણ પહેલાં, પ્રાચીન ગ્રીસના પ્રબુદ્ધ ચિંતકો પણ 'જાણવાની પહેલ' કરી ચૂક્યાં હતાં. અલબત્ત, આ લોકો પાસે 'માનવવિકાસની

આગેકૂચ- વિશેનો કોઇ કાર્યક્રમ કે વિશેષ એજન્ડા નહોતો, છતાં એમ કહી શકાય કે આ સમયથી શરૂ થયેલી વિચારક્રાન્તિએ આગળ જતાં આધુનિકતાને જન્મ આપ્યો.

જ્ઞાનપ્રકાશ યુગના યુરોપીયન પ્રબુદ્ધ ચિંતકોની વાત કરીએ તો તેઓ ફકત પોતાના આગવા, સુરક્ષિત અભ્યાસખંડોમાં બેસીને વિચારનારા, લખનારા કે વિવાદો છેડનારા બુદ્ધિજીવીઓ નહોતા. તેમના પગ ધરતી ઉપર ખોડાયેલા હતા. તેઓ પત્રકારો હતા, કર્મશીલો હતા. તેઆ વાસ્તવિક જગતને ફક્ત સમજવા જ નહોતા માંગતાં પણ તેમાં પરિવર્તન લાવવા પણ ઝંખતા હતા. તેમને માટે કહેવાયું છે કે, **''પૂર્વાગ્રહો, પરંપરાઓ, માનવીની બુદ્ધિને બેડીમાં જકડી રાખી ગુલામ બનાવતી સત્તા કે વૈશ્વિક સંપત્તિ જેવાં પરિબળો-વિચારો-વહેવારોને પગ તળે કચડનારા અને સ્વાયત્તપણે વિચારવાની હિંમત દર્શાવનાર વ્યક્તિઓ એટલે પ્રબુદ્ધ ચિંતકો..''**

ઉદાહરણ તરીકે વોલ્તેર, તુર્ગોન જેવા ફ્રાન્સના ચિંતકો, બેન્જામિન ફ્રેન્કલીન, એડમ સ્મિથ, જેફરસન, હેમિલ્ટન જેવા અમેરિકન પ્રબુદ્ધો રાજનૈતિક ક્ષેત્રે પણ સક્રિય હતા અને બંધારણીય સ્વાતંત્ર્યના હિમાયતી પણ હતા. આ પ્રબુદ્ધ ચિંતકોનું સમાન અને મુખ્ય લક્ષણ એ હતું કે તેઓ જૂની, અન્યાયી અને બિનકાર્યક્ષમ વ્યવસ્થાઓના કટ્ટર આલોચકો હતા. તેમનું મુખ્ય ધ્યેય, જ્ઞાન વિજ્ઞાન અને શિક્ષણ દ્વારા અજ્ઞાન, અંધશ્રદ્ધા, ધાર્મિક સિદ્ધાંતજડતા અને ધર્મગુરૂઓની જોહુકમીમાંથી માનવીને મુક્ત કરવાનું અને નવા પ્રકાશ અને નવી આશાનાં દ્વાર ખોલવાનું હતું. ધ્યેયલક્ષી પ્રવૃત્તિઓ, સમૃદ્ધિ, વાજબી કાયદાઓ, મર્યાદિત સરકાર, બૌદ્ધિક સ્વાતંત્ર્ય, ધાર્મિક સહિષ્ણુતા, કુશળ વહીવટ અને ઊર્ધ્વગામી (ઊંચે લઇ જનાર) વ્યક્તિગત સભાનતા -એ તેમનાં સામૂહિક ધ્યેયો હતાં. તેમનું કામ લોકોની આંખો ઊઘાડવાનું, માનસિક અવસ્થા (માનસિકતા) બદલવાનું અને સ્વાયત્ત રીતે વિચાર કરવા માટે પ્રોત્સાહિત કરવાનું હતું. જ્ઞાનપ્રકાશને લોકો સુધી પહોંચાડવા માટે તેમણે પ્રચારનો આશરો





લીધો અને સૂત્રોનો ઉપયોગ પણ કર્યો જેનાથી પોતાનો અવાજ લોકોને જોરથી સંભળાય. એમનો દાવો હતો કે પ્રબોધન અને વિજ્ઞાન લોકોને સુખી બનાવશે, વધુ ને વધુ માનવીય બનાવશે.

આવા ધર્મનિરપેક્ષ બૌદ્ધિકોના એક મોટા વર્ગનો ઉદય એક પ્રકારની સામાજિક શક્તિ રૂપે થયો. આ બૌદ્ધિકો, રાજાઓ કે ધર્મગુરૂઓના પક્ષમાં નહોતા કે તેમના પ્રવક્તાઓ પણ નહોતા બનતા. એ જમાનામાં કલમની તાકાત તલવાર કરતાં ઓછી જ હતી છતાં પણ જ્ઞાનપ્રકાશ યુગના વિચારો, બૌદ્ધિકોનાં શક્તિશાળી શસ્ત્રો હતાં. બૌદ્ધિકોએ જ્યારે જ્યારે પોતાનો અવાજ ઊઠાવ્યો, કલમ વીંઝી ત્યારે ત્યારે એમને એનાં ફળ ભોગવવાં પડયાં હતાં, છતાં એમણે રાજ્યાશ્રય ઉપર નભતા ભાટચારણો બનવાનું પસંદ નહોતું કર્યું. રાજ્યસત્તા અને ધર્મસત્તાનો ખોફ વહોરવાનું સાહસ કરનારા આ બૌદ્ધિકોએ સાંસ્કૃતિક વિચારવાહકો બનીને 'મુક્ત સમાજ'નું એલાન કર્યું હતું. જેનાથી યુરોપમાં ઠીક ઠીક પ્રમાણમાં બૌદ્ધિક અરાજકતાનો સિલિસલો શરૂ થયો હતો. યાદ રહે કે, સશક્ત અરાજકતા ક્રાન્તિઓ સર્જે છે.

પ્રબુદ્ધતાનું અંતિમ લક્ષ્ય 'માનવીના સાચા વિજ્ઞાનની ખોજ'નું હતું. જેમ કે, લા મેત્રી જેવા ફ્રેન્ચ ભૌતિકવાદીઓ માનવીને 'નાજૂક યંત્ર' માનતા હતા. આ ધારણા (હાઇપોથિસીસ)ને આધારે માનવલક્ષી શરીર વિજ્ઞાનનો વિકાસ થયો. જ્ઞાનપ્રકાશ યુગના પહેલા તબક્કામાં ઇટાલીના પ્રસિદ્ધ ચિત્રકાર અને બહુમુખી પ્રતિભા ધરાવનાર લિયોનર્દો દ' વિન્સીએ માનવદેહનાં રેખાચિત્રો દોરેલાં. માનવશરીરની આંતરિક રચનાના સ્કેચ બનાવ્યા હતા. ઇટાલીના જ માઇકલ એન્જેલો જેવા શિલ્પકાર-ચિત્રકારના યુગમાં જીવંત માનવને સામે બેસાડીને તેનું આબેહૂબ ચિત્ર દોરવાની પદ્ધતિ ખાસ્સી સામાન્ય હતી. એ સમયે માનવના મૃતદેહની ચીરફાડ કરીને પણ કલાકારો માનવદેહ વિશેની 'સાચ્ચી' ને 'નક્કર' જાણકારી મેળવતાં.

આ ચિંતકો એક બાબતે સર્વાનુમતે સંમત હતા કે, 'માનવજાતનો સાચો અભ્યાસ એટલે માનવીનો (વ્યક્તિનો) અભ્યાસ'. એ લોકો એમ પણ કહેતા કે, માનવીનું વિજ્ઞાન સમજવાની સાચી ચાવી માનવીનો અભ્યાસ કરવાથી હાથ આવે. આ અભ્યાસ એટલે વ્યક્તિ અને સમાજ વચ્ચેના આંતર્સંબંધ (ઇન્ટરએક્શન)ને પ્રભાવિત કરતા રાજકીય અને આર્થિક નિયમોનું પૃથક્કરણ (એનાલીસીસ).

આમ, જ્ઞાનપ્રકાશ યુગમાં માનવકેન્દ્રી અભ્યાસની શરૂઆત થઇ અને વિશ્વની રચનામાં માનવીનું કેન્દ્રસ્થાને મહત્વ સ્થાપવાની પહેલ થઇ. મતલબ કે, માણસ આ જગતના કેન્દ્રમાં છે. જગત અને સૃષ્ટિનાં તત્વો માણસ માટે છે. સાચા જ્ઞાન માટે ધર્મ સિવાય કોઇ નવો રસ્તો ખોળવાની અનિવાર્યતા આ યુગમાં સમજાઇ.

સત્તરમી સદીના પાછલાં વર્ષોમાં યુરોપના પ્રબુદ્ધ ચિંતકો એવું વિચારતા થયા કે, માણસજાતનો સાચો ઇતિહાસ સમજવા માટે પ્રાચીન જ્ઞાન ઉપર આધાર રાખવો પૂરતો નથી. મનુષ્ય સ્વભાવ અંગે ઘણું સમજવાનું બાકી છે અને તેથી અભ્યાસનો વિષય 'મનુષ્ય' હોવો જોઇએ. આ રાહે જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર... જેવાં અભ્યાસક્ષેત્રો વિકાસ પામ્યાં. એ સમજ દૃઢ બની કે જે રીતે ભૌતિક વિજ્ઞાનને પોતાના નિશ્ચિત નિયમો છે, જેના દ્વારા ભૌતિક ઘટનાઓને સમજી શકાય છે - (દા.ત. સૂર્યોદય - સૂર્યાસ્ત, ગ્રહણો, ચંદ્રની કળા વગેરે) તેવી રીતે સમાજના પણ પોતાના નિયમો છે, જેને માત્ર શોધવાની જરૂર છે અને તે કેવળ બુદ્ધિ અને તાર્કિક અનુભવો, નિરીક્ષણ અને સભાનતા દ્વારા શોધી શકાય છે. માનવીની ચેતનાનો વિકાસ એ સમાજના વિકાસનું ચાલક તત્વ છે.

ન્યૂટને સ્થાપિત કરેલા સૌરમંડળ (સૂર્ય-મંડળ, તેની ગતિ વગરે), ગ્રહોની ગતિ અને ગુરુત્વાકર્ષણના નિયમે પુરવાર કર્યું કે વિજ્ઞાન માનવપ્રગતિ માટેની ગુરૂચાવી છે. ન્યૂટનની સિદ્ધિને જ્ઞાનપ્રકાશ યુગનું સૌથી મહત્વનું પગલું કહી શકાય.





આજે વિશ્વ જ્યારે 21મી સદીમાં પ્રવેશ્યું છે ત્યારે યુરોપિયન સંસ્કૃતિના વારસાનું આ મંથન અને દર્શન એના પાયામાં છે, જેમાં વૈજ્ઞાનિક શોધખોળો, માનવપ્રગતિના વિચારો, આર્થિક વિકાસ... વગેરે પણ પાયાના પ્રયાસો તરીકે અભ્યાસ માંગી લે છે.

જ્ઞાનપ્રકાશ યુગે આધુનિકતા માટે આવી શોધખોળો, પ્રયત્નો, પ્રયોગો અને અભ્યાસોથી પહેલ કરી હતી.

## પ્રકરણ - 3

# આધુનિકતાનો ઉદ્‌ભવ અને પાયાનાં મૂલ્યો

બૌદ્ધિક મહામંથન પછી જ્ઞાનપ્રકાશ યુગમાં જે તત્વ વિચાર આવ્યો તેના ફળસ્વરૂપે કેટલાંક પાયાનાં મૂલ્યો અસ્તિત્વમાં આવ્યાં, જે 'આધુનિકતા'ના મૂળમાં છે, અથવા તો કહી શકીએ કે આ મૂલ્યો દ્વારા જે વલણો, વર્તનો, વ્યવહારો પેદા થાય તે આધુનિકતા.

**આ મૂલ્યો છે -**

1. **બુદ્ધિનિષ્ઠા**
2. **વૈજ્ઞાનિક અભિગમ**
3. **માનવકેન્દ્રિતા**
4. **ધર્મનિરપેક્ષતા**
5. **પ્રગતિશીલતા**
6. **આત્મપ્રશ્નેયતા (*જાત તપાસ*)**
7. **અંગતતા અને સાર્વજનિકતા વચ્ચેનો તફાવત**
8. **વૈશ્વિકતા (*કોસ્મોપોલિટાનીઝમ*)**
9. **સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયપરકતા**

આમાંના મહત્વનાં મૂલ્યોને વિગતવાર સમજીએ, જેણે આધુનિકતાનો માર્ગ મોકળો કર્યો.





### 1. તાર્કિકતા અથવા બુદ્ધિનિષ્ઠા (*રીઝન - રેશનાલીઝમ*)

આધુનિકતાના જ્ઞાનશાસ્ત્ર (પેડેગોજી), દર્શન (ફિલસૂફી) અને આચાર-વ્યવહાર (પ્રાકસીઝ)નું કેન્દ્રીભૂત તત્વ છેઃ તાર્કિકતા અથવા બુદ્ધિનિષ્ઠા.(આપણે હવે પછી 'બુદ્ધિનિષ્ઠા' શબ્દ જ વાપરીશું). બુદ્ધિનિષ્ઠા એ જ્ઞાનપ્રકાશ યુગનો, સૌથી મહત્વનો દિશાસૂચન કરનારો સિદ્ધાંત છે. ભાવના, શ્રદ્ધા, માન્યતા વગેરેની પરંપરાને પ્રબુદ્ધ ચિંતકોએ બુદ્ધિનિષ્ઠાના ઓજાર વડે પડકારી. આ દર્શનની સુવ્યવસ્થિત શરૂઆત સોળમી સદીમાં, ફ્રાન્સમાં થઇ. ફ્રેન્ચ બુદ્ધિવાદી દેકાર્ત (1596-1650)નું નામ પહેલી હરોળનાયે પહેલા પ્રબુદ્ધચિંતક તરીકે લેવું જોઇએ. એણે કહ્યું કે, ''હું વિચારૂ છું એટલે હું છું''. આદર્શવાદી દર્શનની આ પહેલી ઘોષણા હતી, જે જ્ઞાનને માનવજાતના કેન્દ્રમાં મૂકી આપે છે. એવું આદર્શ જ્ઞાન કે જેમાં અનુભવ કે સંસ્કાર-સંસ્કૃતિની કોઇ ભેળસેળ ન હોય. ત્યાર પછીના સમયમાં બ્રિટનના અનુભવવાદીઓએ (જાત અનુભવ કરી, ચકાસીને પરિણામ પર આવનારા ચિંતકો) પ્રાકૃતિક વિજ્ઞાન અને વસ્તુનિષ્ઠ પ્રયોગ પદ્ધતિને (ઓબ્જેક્ટીવ એક્સપેરીમેન્ટ સિસ્ટમ)મહત્વ આપ્યું. જહોન લૉકનું (1632 - 1704) નામ આ બૌદ્ધિકોમાં અગ્રેસર લેખાય છે. બુદ્ધિનિષ્ઠાના આધારે ચાલતું વિશ્વ જ સત્ય, શિવ (કલ્યાણકારી) અને સુંદરનો પર્યાય હોઇ શકે. સત્ય, ન્યાય અને નૈતિકતા, ત્રણે બુદ્ધિનિષ્ઠાની સાથે જ ચાલી શકે. સત્ય-ન્યાય કે નૈતિકતા માટે કોઇ 'દૈવી સહાય'ની જરૂર ન રહી.

બીજા શબ્દોમાં, ટૂંકમાં કહીએ તો બુદ્ધિનિષ્ઠાથી વાસ્તવિક જગતને તપાસવામાં આવે તો જગતને સમજવાનું આપણું સામર્થ્ય આપણી સામે પ્રગટ થાય છે, જેને કારણે જગતને સમજવાનું આપણું સામર્થ્ય વધતું જાય છે. માનવીની વિચારશક્તિની ક્ષમતા આ યુગમાં પહેલી જ વાર મહત્તા પામી. પ્રયોગો દ્વારા પણ એ સાબિત કરવામાં આવ્યું કે કોઇ પણ પ્રકારના ચમત્કાર, ઈશ્વરીય હસ્તક્ષેપ કે પારંપરિક ડહાપણ (કોઠાસૂઝ)ને બદલે માણસ પોતાના જ બૌદ્ધિક સ્રોતોની મદદથી સમાજ-સંસ્કૃતિ-

બ્રહ્માંડનાં રહસ્યો પામી શકે છે. આ ચેતના વિકસી, જેના કારણે જ્ઞાન, વિજ્ઞાન, વૈશ્વિક રચનામાં માણસનું સ્થાન, તેનો કુદરત સાથેનો સંબંધ.... જેવા ખ્યાલોમાં પાયાગત અને ઉદ્દામવાદી પરિવર્તનો આવ્યાં.

આ પ્રકારની વૈચારિક ક્રાન્તિએ ધર્મસંસ્થા (ચર્ચ અને ધર્મગુરૂઓ/ પાદરીઓ)ની ઈજારાશાહી ઉપર જોરદાર ઘા કર્યો અને આ સમયથી જ ચર્ચની સત્તાનું ધોવાણ થવાનું ધીમે ધીમે શરૂ થયું.

## 2. વૈજ્ઞાનિક અભિગમ

પાછાં વળીને જોઈએ તો ઇટલીના જ્ઞાનપ્રકાશ યુગમાં 'આધુનિકતા'નાં બીજ પહેલવહેલાં વવાયેલાં જોવા મળે છે. પ્રાચીન ગ્રીક તત્વજ્ઞાન અને જ્ઞાનના દીવડાઓએ મધ્યયુગીન યુરોપમાં થોડોક પ્રકાશ પ્રગટાવેલો, જે પ્રકાશે આધુનિકતાનો મારગ અજવાળ્યો.

કોપરનિકસ(1473 - 1543), કેપ્લર(1571 - 1630), ગૅલિલિયો (1564 - 1642) અને ન્યૂટન(1642 - 1727) આ યુગના મહાન શોધકર્તાઓ છે, જેમણે જગતને વિજ્ઞાનનો પ્રકાશ બક્ષ્યો અને જ્ઞાનચક્ષુ ખોલી દીધાં.

આપણે મોટેભાગે તો વિજ્ઞાનને ટેક્નોલીજીકલ વિકાસ અને બહોળા ઉત્પાદનની સાથે જોડીને ઓળખતાં હોઈએ છીએ. આ એની અધૂરી ઓળખ છે. વિજ્ઞાનની મૂળ ભૂમિકા તો પ્રકૃતિ અને માનવ વચ્ચેના આંતર્‌સંબંધોને કડીરૂપે જોવાથી સમજાય. ઇતિહાસકારો અને સમાજશાસ્ત્રીઓ પણ વિજ્ઞાનની ભૂમિકાને ભાગ્યે જ મહત્વ આપે છે. બીજી તરફ એમ કહેવાય છે કે 'પશ્ચિમમાં' વિજ્ઞાનવાદનો એટલો અતિરેક થયો છે કે, ત્યાં તો માનવીનો પ્રકૃતિ સાથે સંબંધ જ તૂટી ગયો છે -કાં તો ખોવાઇ ગયો છે.

જ્ઞાનપ્રકાશના પરિણામે ઉદ્‌ભવેલી આધુનિકતાની રચનામાં વિજ્ઞાન ઓછામાં ઓછાં ચાર કારણોને લીધે એક મહત્વનું ઘટક બને છે.





1. **વિજ્ઞાનનું દાર્શનિક મહત્વ** એ પહેલું કારણ છે.. વિજ્ઞાન જે રીતે પ્રકૃતિની વાસ્તવિકતા અને વસ્તુગત (ઓબ્જક્ટીવ) જ્ઞાનની શક્યતાઓને ઉજાગર કરે છે તેવું પહેલાં શક્ય નહોતું. આ યુગના ચિંતકો-વૈજ્ઞાનિકોએ જ્ઞાનનો દષ્ટિકોણ ધરમૂળથી બદલી નાખ્યો, જેનાથી માણસજાત વિશે નવી જાણકારીનો માપદંડ ઊભો થયો.

2. **આધુનિકતાના ઘડતરમાં વિજ્ઞાન દ્વારા ઘડાયેલી પદ્ધતિ** એ બીજું કારણ છે. વિજ્ઞાને આપણને નિરીક્ષણ, પૂર્વાનુમાન (હાઈપોથિસીસ) અને ચકાસણીનો પદ્ધતિસર ઉપયોગ કરતાં શીખવ્યું. પ્રાકૃતિક વિજ્ઞાનના અભ્યાસથી શરૂ થયેલી આ પદ્ધતિ ઘણાં નવાં સંશોધનો અને સામાજિક વિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિનો આધાર બની.

3. **વિજ્ઞાને, વૈજ્ઞાનિક અભિગમે** માનવને / માનવસમાજને કર્તા (સબજેક્ટ) બનાવ્યો અને પ્રકૃતિને 'વસ્તુ' (ઓબજેક્ટ). જ્ઞાનપ્રકાશ યુગ પહેલાં આ અભિગમ નહોતો. આ નવા અભિગમને લીધે વસ્તુગત જ્ઞાનનું નિશ્ચિત મોડેલ બને છે અને પ્રકૃતિ વિશેની જાણકારી, પ્રકૃતિ ઉપર કાબૂ મેળવીને તેને ઉપયોગમાં લઇ શકાય છે. નવયુગના માણસે આ મોટી સિદ્ધિ હાંસલ કરી હતી, જેનાં ફળ આજ સુધી આપણે માણી રહ્યાં છીએ.

4. **વિજ્ઞાનના ઉપયોગથી પ્રકૃતિનું રૂપાંતર કરીને એનો ઉપયોગ કરવો** એ વિજ્ઞાનની મહત્તાનું ચોથું, મહત્વનું કારણ છે. વિજ્ઞાન દ્વારા થયેલો યાંત્રિક (ટેક્નિકલ) વિકાસ અને એના દ્વારા કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવાની ક્ષમતાએ વિજ્ઞાનને સર્વોપયોગી બનાવ્યું -સાર્વજનિક બનાવ્યું. ઔદ્યોગિક ક્રાન્તિને શક્ય બનાવવામાં અને એનો યુરોપમાં અને પછી દુનિયાભરમાં પ્રસાર કરવામાં વિજ્ઞાનની આ ભૂમિકા બહુ મોટી રહી છે.

જ્ઞાનપ્રકાશ યુગમાં પ્રાકૃતિક વિજ્ઞાનને કારણે માનવ-અભ્યાસ શરૂ થયો અને ત્યારથી જ શરીર વિજ્ઞાન, ચિકિત્સા (મેડિકલ જ્ઞાન) વિજ્ઞાન, વનસ્પતિ વિજ્ઞાન વગેરે વિજ્ઞાનની વિવિધ શાખાઓના અભ્યાસ પણ શરૂ થયા. જેમ જેમ વિજ્ઞાનનો ઊઘાડ થતો ગયો, તેમ તેમ યુરોપના દેશોમાંથી કહેવાતા ‘દિવ્ય તત્વ’નો અસ્ત થતો ગયો.

### ૩. માનવકેન્દ્રીતા/ માનવવાદ

બુદ્ધિનિષ્ઠા અને વિજ્ઞાનના હસ્તક્ષેપને કારણે જે સમાજમાં ‘ધર્મ’ કેન્દ્રસ્થાને હતો તેને બદલે ‘માનવ’ કેન્દ્રમાં આવ્યો. આ અસાધારણ પરિઘટના (ફેનોમિના)ને ‘માનવકેન્દ્રિતા’ કહેવાય છે અને એને કારણે માનવ ‘કર્તા’ તરીકે સ્થપાયો. કર્તાકેન્દ્રી બુદ્ધિનિષ્ઠાનો મહિમા થયો. ધર્મસત્તા (ચર્ચ અને પાદરીઓ)માટે આ મોટો પડકાર બન્યો, જેણે ધીમે ધીમે યુરોપની રાજકીય, સાંસ્કૃતિક અને સામાજિક પરિસ્થિતિઓને બદલવામાં મોટો ભાગ ભજવ્યો. આ પહેલાંની વિચારધારાઓ અને વ્યવસ્થાઓ માનવસમાજની બહાર, કોઇ બાહ્ય નિયામક સત્તા (દૈવી, ઇશ્વરીય, આધ્યાત્મિક)ના તત્વજ્ઞાન ઉપર આધારિત હતીઃ આવી વ્યવસ્થાઓમાં કોઇ ‘અજાણ્યા’, અગમ્ય શાશ્વત નિયમો હતા, ઊંચી નીચી શ્રેણીઓ (હાયરાર્કી) અને વળી એમાંય વિભાજનો હતાં. માનવીય કર્તૃત્વને કોઇ સ્થાન નહોતું. જગતના સંચાલનમાં માણસની કોઇ ભૂમિકા નહોતી. આધુનિકતાના જન્મ પહેલાં, જે ‘પૂર્વ આધુનિક’ સામાજિક-રાજકીય-અર્થિક વ્યવસ્થા હતી તેમાં ઇશ્વર સર્જનહાર અને વિશ્વસંચાલક હતો, માણસજાતની નિયતિનો નિર્ણાયક હતો અને ચર્ચ (પાદરીઓ) અને રાજ્ય (રાજાઓ) એ દિવ્ય સર્જનહારના પૃથ્વી પરના પ્રતિનિધિઓ હતા પણ જ્યારે માનવકેન્દ્રી વિચારધારા ફેલાવાની શરૂ થઇ ત્યારે સૃષ્ટિમાં, સમાજમાં માનવના હસ્તક્ષેપ વિશેના વ્યવસ્થિત દર્શનની શરૂઆત થઇ.

આની સાથે જ માનવની સ્વાધીનતા/મુક્તિ વિશેનું દર્શન અને ચર્ચાઓ શરૂ થયાં. સાથોસાથ માણસની જવાબદારીનો સિદ્ધાંત પણ અસ્તિત્વમાં





આવ્યો. યુરોપિયન મૂડીવાદી આધુનિકતામાં વ્યક્તિ અને વ્યક્તિવાદ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે જે આ હક અને ફરજ-બંનેને આવરી લે છે. વ્યક્તિવાદનાં નકારાત્મક પાસાં પણ છે જ, જેની વાત આગળ ઉપર કરીશું. અહીં આપણે માટે તો વ્યક્તિકેન્દ્રી બુદ્ધિનિષ્ઠાએ કેવી રીતે આધુનિકતાનાં મંડાણ કર્યાં તે આપણી તપાસનો વિષય છે.

માનવકેન્દ્રી અભ્યાસો શરૂ થયા. પરિણામે ઇતિહાસ, કલાઓ, સાહિત્યના ક્ષેત્રમાં માનવની સર્જનાત્મકતા અને કલ્પનશીલતાના, તથા વિચાર પ્રક્રિયા અને વલણોના અભ્યાસ શરૂ થયા. આ અભ્યાસોની મુખ્ય અસર રૂપે ‘માનવવાદ’ શબ્દ ઉપજ્યો, જેમાં મનુષ્યના ‘સ્વ’ (જાત) વિશેના, તેના કુદરત સાથેના સંબંધો વિશેના અભ્યાસો શરૂ થયા. પ્રકૃતિ અને જગતને જાણવા માટે જે બુદ્ધિનિષ્ઠા અને વૈજ્ઞાનિક પરીક્ષણ પદ્ધતિ અપનાવવામાં આવી હતી, તે જ પદ્ધતિ દ્વારા માનવી અને સમાજનો અભ્યાસ પણ થઇ શકે છે, તેમ ફ્રેન્ચ પ્રબુદ્ધ ચિંતકો માનતા હતા. અને આ પરીક્ષણ પદ્ધતિ અમલમાં પણ આવી. બન્યું એવું કે, સિદ્ધાંતજડ ખ્રિસ્તીધર્મના માનવી, કુદરત અને સમાજને સમજવા-સમજાવવાના અધિકૃત અને પુસ્તકીયા દાવાઓની (બાઇબલને ઇશ્વરનિર્મિત કહેવાય છે) સામે, ‘સેકયુલર - ધર્મનિરપેક્ષ માનવવાદ’નો ખ્યાલ ધીમ ધીમે આકાર લેવા માંડયો.

આવી નવી વિચારધારાઓ અને વલણ-વર્તનને કારણે, ધીરે ધીરે ધર્મની મહત્તા ઘટતી ગઇ અને તેની સામે યુરોપના સમાજના બિનસાંપ્રદાયિકરણની શરૂઆત થઇ. કુદરતી વિજ્ઞાનો અને માનવ-અભ્યાસની શાખાઓ, સમય જતાં ધાર્મિક દંતકથાઓ (લિજેન્ડ્સ), પુરાકલ્પનો (મિથ્સ) અને ધર્મ આધારિત જ્ઞાનને સ્થાને બેસવા માંડી અને વિવિધ જ્ઞાનશાખાઓ દ્વારા વિશ્વ તેમજ માનવી વિશેની સર્વગ્રાહી સમજણ અપાવી શરૂ થઇ.

આ રીતે જોતાં ‘માનવવાદ’ને વ્યાપક અર્થમાં એક પ્રકારનું વલણ કહી

શકાય. વિચારો અને માન્યતાઓનું આ એવું પરિમાણ હતું જેમાં અનેક દષ્ટિકોણોનો સમાવેશ થાય છે. આમ તો આનું કોઇ માળખું નથી પણ તેમાં વ્યાપક રીતે સ્વીકારાયેલા કેટલાક માપદંડો સ્થાપવામાં આવ્યા. જેનો ટૂંકો પરિચય મેળવવો જરૂરી છેઃ

### માનવવાદના માપદંડો

1. મનુષ્યનું મનુષ્ય તરીકે એક આગવું મૂલ્ય છે. આ મૂલ્ય મનુષ્યમાં રહેલી ક્ષમતાઓ ઉપર આધારિત છે, આવી ક્ષમતા તમામ મનુષ્યોમાં પડેલી છે. સર્જનાત્મકતા આ ક્ષમતાઓની અભિવ્યક્તિ છે. દરેક મનુષ્ય પાસે ભાષાઓ, કળાઓ, વિજ્ઞાન, માનવસંબંધો, સંસ્થાઓના સંવર્ધન - સંચાલનની ક્ષમતા હોય જ છે. જો તાલીમ, કેળવણી, શિક્ષણ અને એક્સપોઝર દ્વારા આ શક્તિઓને ખીલવવામાં આવે તો વ્યક્તિ ઇચ્છિત જીવનઘડતરની પસંદગી કરી શકે છે. વ્યક્તિગત સ્વાતંત્ર્ય-એ જાણે માનવવાદનું પહેલું લક્ષણ છે.

2. મનુષ્યની સર્જનાત્મક શક્તિમાં વિશ્વાસ ન હોય, તેવી કોઇપણ વિચારસરણીનો ઇન્કાર કરવો તે માનવવાદનું મહત્વનું લક્ષણ છે. માનવવાદમાં જીવનની નિરર્થકતા - અર્થહીનતા કે નિરાશાને કોઇ સ્થાન નથી.

3. ખ્રિસ્તી ધર્મની એક મૂળ ધારણા છે કે મનુષ્ય માત્ર ‘પાપી’ છે અને ‘દૈવીકૃપા’ જ એને બચાવી શકે છે. માનવવાદ આવા ‘પાપ’ અને ‘દૈવી કૃપા’ ને સદંતર નકારે છે.

4. નસીબવાદ કે પ્રારબ્ધવાદ જેવું કંઇ નથી - માનવચેતનાનો વિકાસ એ માનવવાદનું લક્ષણ છે.





5. મનુષ્ય કોઇ રાજકીય, સામાજિક કે આર્થિક પરંપરાની કઠપૂતળી છે - એવી પુરાતનપંથી વિચારસરણીને નકારવી એ માનવવાદની મહત્વની શરત છે.

**માનવવાદ** માણસને સક્રિય અને સર્વોપરિ માને છે. જ્ઞાનપ્રકાશયુગના આ મહામંથને ધર્મજડ ચર્ચ અને સત્તાજડ રાજ્ય સામે હિંમતપૂર્વક અને તાર્કીક પડકારો ફેંકયા અને મનુષ્યનું મૂલ્ય આંકવાની શરૂઆત કરી. આ પ્રયાસોમાં **ધર્મનિરપેક્ષતા**નો વિચાર આગવું મહત્વ લઇને આવ્યો, જેણે યુરોપના સમાજ અને રાજકારણની દિશા અને દશા - બંને બદલી નાંખી. પછીના સમયમાં આવનારા ‘પ્રજાતંત્ર’નાં મૂળિયાં, આ ‘માનવવાદ’માં જ હતાં.

### 4. ધર્મનિરપેક્ષતા ( *સેક્યુલારિઝમ*)

જ્ઞાનપ્રકાશયુગની ખૂબ જ મહત્વની ભેટ છે- ‘ધર્મનિરપેક્ષતા’. જે આધુનિકતાનું મહત્વનું લક્ષણ છે. ‘ધર્મનિરપેક્ષતા’ એટલે રાજ્ય (સ્ટેટ-સરકાર, સરકારી તંત્રો-વહીવટ-કાનૂન-વ્યવસ્થા) અને ધર્મ (ધાર્મિકતા-ધર્મસંસ્થાઓ-ધર્મગ્રંથો-ધર્મગુરૂઓ-ધાર્મિક વિધિઓ-ધાર્મિક ઉત્સવો)ને એકમેકથી તદ્દન અલગ રાખવાં. સામાજિક-સાંસ્કૃતિક વૈવિધ્ય જાળવીને પણ દેશનું તંત્ર તમામ ધર્મ-સંપ્રદાયો પ્રત્યે તટસ્થ રહે - નિરપેક્ષ રહે તે ‘ધર્મનિરપેક્ષતા’. સરકારી વહીવટમાં ક્યાંય પણ ધાર્મિકતાની દખલગીરી કે ઘાલમેલ ના હોય તે ‘ધર્મનિરપેક્ષતા’. ધર્મનિરપેક્ષતાને મોટેભાગે ‘પાશ્ચાત્ય મૂલ્ય-વિચાર’ કહીને વખોડી નાખવામાં આવે છે, આઘું મૂકી દેવાય છે; પણ ઐતિહાસિક રીતે કહી શકાય કે જ્ઞાનપ્રકાશ યુગે યુરોપને આપેલી આ અમૂલ્ય ભેટને કારણે યુરોપના જ નહિ, પરંતુ સમગ્ર જગતના રાજકારણ અને સમાજકારણને આગવો વળાંક આપી દીધો. જો કે, આને માટે રાજ્યે ચર્ચ સામે ઘણો સંઘર્ષ કરવો પડયો હતો. મધ્યયુગમાં થયેલાં ધર્મયુદ્ધોએ રાજ્ય અને ચર્ચની સાંઠગાંઠ મજબૂત કરી હતી પરંતુ પછીના

સમયમાં આ ગાંઠ, બંનેના અહમ્‌ને લીધે તંગ બનેલી અને છેવટે બંને અલગ થયાં ત્યારે નવયુગનો આરંભ થયો એમ કહેવાય. વાસ્તવિકતા એ છે કે, આજે છેલ્લી દોઢ-બે સદીથી, યુરોપની વચ્ચોવચ ખ્રિસ્તીધર્મના રોમન કેથલિક સંપ્રદાયનું મુખ્ય મથક 'વેટિકન' ધર્મકેન્દ્ર તરીકે ચાલી તો રહ્યું છે પણ ધર્મનો પ્રભાવ યુરોપના સમાજ ઉપર નહિવત્ છે. લોકોના જાહેર જીવન અને રોજીંદા જીવનમાં પણ, આસ્થા કે ધાર્મિક વિધિઓનું સ્થાન લગભગ નહિવત્ છે.

ઇતિહાસ સાક્ષી છે કે, આ ધર્મનિરપેક્ષતા હાંસલ કરતાં કરતાં પ્રજાનું બૌદ્ધિક ઘડતર પણ થતું રહ્યું છે. જ્યાં સુધી રાજાશાહી રહી ત્યાં સુધી રાજાઓ, અને એ પછીના સમયમાં રાજ્યતંત્રને ધર્મનિરપેક્ષ રહેવાની ફરજ પાડે તેવા બૌદ્ધિક ચિંતકોના ઝૂઝારૂ પ્રયાસોથી આ ધર્મનિરપેક્ષતા સફળ અને સ્થાયી બની છે. સમગ્ર યુરોપની આ સ્થિતિ છે એમ જરૂર કહી શકાય. અમેરિકાની વાત જરાક અલગ પડે છે. ત્યાંનો માનવવાદ ધર્મ સાથે આવેલો છે. અમેરિકામાં રોમન કેથલિક નહીં પણ 'પ્રોટેસ્ટંટ' પંથનો પ્રભાવ છે. કેથોલિક ચર્ચ સામે બળવો કરીને માર્ટીન લ્યૂથર નામના જર્મન પાદરીએ વધુ મોકળાશભર્યો પંથ શરૂ કરેલો. (ઇ.સ. 1483 - 1546) એમાં સૈદ્ધાંતિક વિરોધ ઉપરાંત આચારભેદ પણ હતો જ. અમેરિકન ધર્મસભા (ચર્ચ) વધુ માનવતાસભર છે એમ કહેવાય છે, છતાં પણ ત્યાંનું રાજ્યતંત્ર 'સો ટકા ધર્મનિરપેક્ષ' છે.

અલબત્ત, ધર્મનિરપેક્ષતા એ સ્ટેટ / રાજ્યનું લક્ષણ છે પણ એનો અર્થ એ નથી કે સમાજ આખો નાસ્તિક બની ગયો છે! વ્યક્તિગત આસ્થા ઉપર કોઇ પ્રતિબંધ નથી. પણ આસ્થાનું જાહેર જીવનમાં પ્રદર્શન કરવું એ ધર્મનિરપેક્ષતાનો ભંગ છે. નાસ્તિકતા એટલે ઇશ્વર, ધર્મ-સંપ્રદાય અને માનવજીવનમાં કહેવાતા દૈવી હસ્તક્ષેપનો ઇન્કાર. નાસ્તિકતાને વ્યક્તિગત ગુણલક્ષણ કહી શકાય. પણ નાસ્તિકતા એટલે સારાં ને સાચાં મૂલ્યોનો ઇનકાર હરગિઝ નથી. નૈતિક અને સાચા માણસ બનવા માટે ધાર્મિક-





સાંપ્રદાયિક કે શ્રદ્ધાળુ બનવાની જરૂર નથી. સત્ય, નીતિમત્તા, કરૂણા, પ્રામાણિકતા, સંવેદના જેવાં મૂલ્યો 'માનવતા' સાથે સાંકળી જ શકાય. આ મૂલ્યો વ્યક્તિગત હોવા ઉપરાંત આખી પ્રજાનું પણ ચરિત્ર બની શકે છે. સાદું, વ્યવહારૂ ઉદાહરણ જોઇએ તો યુરોપ-અમેરિકા જઇ આવેલા ભારતીયોના અભિપ્રાયો જુઓ. આ મિત્રો યુરોપ-અમેરિકાની રોજિંદી જિંદગીની પ્રામણિકતા, જાહેરસ્થળોની સાફસફાઇ, વ્યક્તિગત શિસ્તનાં ઘણાં ઉદાહરણ આપતાં હોય છે. જેમ કે, રસ્તા પરનાં કાઉન્ટરો ઉપર વેચાતાં ઠંડા પીણાં-આઇસ્ક્રીમ-અખબારો વગેરે નાગરિકોએ જાતે જ લઇ લેવાનાં હોય છે -દુકાનદાર વગરની આ દુકાનો ખોટમાં નથી જતી. ટ્રાફિકના નિયમોનું સૌ કોઇ અનિવાર્યપણે પાલન કરે છે. સરકારીતંત્ર ઝડપી અને લાંચરૂશ્વત વગર સેવાઓ આપે છે. આવા નાગરિક ધર્મ બજાવતાં શીખવા માટે પ્રજાને ધર્મગુરૂ પાસેથી ઉપદેશ સાંભળવા કે દેવળમાં આશીર્વાદ માંગવા નથી જવું પડતું. લોકશાહી દેશોનું પ્રજાઘડતર કરવા માટે ધર્મરૂપી લાલબત્તી નથી દેખાડવી પડતી. આ બધાંની પાછળ નિયમબદ્ધ, શિસ્તબદ્ધ તંત્ર-વ્યવસ્થા જ જવાબદાર હોય છે અને આવા ઘણા દેશોમાં જવાબદાર નાગરિકો સદીઓથી ધર્મનિરપેક્ષતાના રાહે જ ચાલતાં આવ્યાં છે.

ધર્મનિરપેક્ષતા આધુનિક સમાજોની સામૂહિક નાગરિકતાનું મહત્વનું લક્ષણ છે. આધુનિક સમાજોમાં નાગરિકતા, જાહેર જીવનનો ધર્મ-ધાર્મિક વિધિઓ- રૂઢિ - પરંપરા સાથેનો સંબંધ નકારાત્મક જ હોઇ શકે. રાજ્યે આ બાબતમાં મક્કમ રહેવું પડે. આજે પશ્ચિમના દેશોમાં રૂઢિચૂસ્ત પારંપરિક ધર્મના 'યોદ્ધાઓ' દ્વારા થતા હિંસક હુમલાઓ પ્રત્યે ત્યાંનું રાજ્ય ધરાર કડક પગલાં લે છે, તેની પાછળ આ ધર્મનિરપેક્ષતાની સમજણ, શિસ્ત અને ઘડતરનો મોટો ફાળો છે.

ભારતીય લોકશાહી અને ભારતીય સમાજ-સંસ્કૃતિના સંદર્ભે 'ધર્મનિરપેક્ષતા'નો મુદ્દો આપણે આગળ ઉપર વિસ્તારપૂર્વક તપાસવાનાં

જ છીએ, છતાં અહીં એક વાત કરવી જરૂરી લાગે છે. યુરોપ અને પશ્ચિમના દેશોના સંદર્ભમાં શરૂઆતથી જ, 'ધર્મનિરપેક્ષતા', 'બિનસાંપ્રદાયિકતા' (સેક્યુલારિઝમ)નો અભિગમ સ્પષ્ટ હતો અને એની પાછળ, જ્ઞાનપ્રકાશનો યુગ શરૂ થયો, તેથીય પહેલાં અને કંઈક અંશે શરૂઆતના ગાળામાં યુરોપ અને મધ્ય પૂર્વના દેશો વચ્ચે જે 'ધર્મયુદ્ધો' થયાં હતાં તેનો પણ મોટો ફાળો છે. આ ધર્મયુદ્ધો ખ્રિસ્તી ચર્ચ અને યુરોપના રાજાઓએ સાથે મળીને 'ધર્મની સુરક્ષા' ખાતર લડેલાં. 'ઈસ્લામ'ના હુમલાઓ ખાળવાને લડ્યાં હતાં. જે ઘણાં વર્ષો સુધી ચાલ્યાં. ધર્મયુદ્ધો (ક્રૂઝેડ) દરમ્યાન થયેલી હિંસા, અરાજકતા અને ધર્મની-ધર્મગુરૂઓની જડ પક્કડના અનુભવે 'રાજ્ય'ને ચોક્કસ સમજણ બક્ષી હતી અને ધીમે ધીમે ચર્ચ અને રાજ્ય વચ્ચેના સંબંધો તંગ થયા પછી ખતમ થયા હતા.

તદુપરાંત, ચર્ચ અને પાદરીઓએ, બુદ્ધિનિષ્ઠા અને વિજ્ઞાનનો પ્રકાશ ફેલાવનારા પ્રબુદ્ધ ચિંતકો ઉપર 14મી થી 16મી સદી સુધી કારમો અત્યાચાર ગુજાર્યો હતો. બ્રૂનો અને કોપરનિકસ જેવા વિજ્ઞાનીઓને જીવતા સળગાવ્યા હતા, તો ગેલિલિયો જેવાનો દેશનિકાલ કર્યો હતો. ત્યારે સેંકડોની સંખ્યામાં નાગરિકો અને ચિંતકોને ધર્માંધતાનો ભોગ બનવું પડયું હતું. તેમ છતાં પણ પ્રબુદ્ધ ચિંતકો, વિજ્ઞાનીઓ ચર્ચ અને રાજ્યસત્તા સામે ઝૂઝુમ્યા હતા, તેઓ પોતાનો મત સ્થાપવા મથતા રહ્યા હતા અને છેવટે ધર્મનિરપેક્ષ વ્યવસ્થાતંત્ર સ્થાપીને જ જંપ્યા હતા. 17મી સદીની ફ્રાન્સની રાજકીય ક્રાન્તિએ દુનિયાનો ઈતિહાસ બદલી નાંખ્યો હતો. રાજાશાહી હોવા છતાં એ શક્ય બનેલું અને પ્રજાતંત્રનું મહાન સૂત્ર તરતું બનેલું -''સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા''.

આ ઉદાહરણો યાદ કરાવવાનો મતલબ એ છે કે ધર્મનિરપેક્ષ રાજ્ય માટે, ધર્મનિરપેક્ષ નાગરિકત્વ માટે ધર્મસંપ્રદાયોને પંપાળવાની નીતિ





નહીં, એનો સમનો કરવાની હિંમત અને તાર્કિક વ્યૂહરચનાની જરૂર છે. ભારતની લોકશાહી વિશે આ મુદ્દે ઘણા સવાલો ઉઠાવી શકાય તેમ છે.

## 5. પ્રગતિ-પ્રગતિશીલતા (*પ્રોગ્રેસ*)

પ્રગતિ / પ્રગતિશીલતા એક ક્રાન્તિકારી વિચારસરણી છે, જેણે આધુનિકતાનો રસ્તો અજવાળ્યો છે. બુદ્ધિનિષ્ઠા અને વૈજ્ઞાનિક અભિગમથી સુસજ્જ માનવજાતનાં ઉજ્જવળ પગલાં આધુનિકતા માટે તૈયાર હતાં. પ્રકૃતિ ઉપર કાબૂ મેળવી શકાય છે અને એના ઉપયોગ દ્વારા જીવન સ્તર ઊંચું આણી શકાય છે એની ખાત્રી થઈ. દા. ત. કાચું માંસ ખાનારો માનવસમાજ પહેલાં તો અગ્નિએ એને હૂંફ અને પ્રકાશ આપ્યાં અને પરિપક્વ ખોરાક ખાતો કર્યો. અગ્નિને કાબૂમાં લેવાની એ શરૂઆત હતી. ડર દૂર થયો અને છેવટે અગ્નિએ એને ધાતુ પિગળાવી આપી, યંત્રો ધમધમતાં કર્યાં, રેલ્વે એન્જિન ચલાવ્યું... અને પછી તો સભ્યતાનો ઈતિહાસ રચાતો ગયો.

બુદ્ધિનિષ્ઠાથી સામાજિક જીવન વિકસે તો માણસ/ વ્યક્તિનો ઉત્કર્ષ સાધી શકાય છે એની પ્રતિતી પણ થવા લાગી. આધુનિકતાની આજ સુધીની પરિયોજના આવા વિશ્વાસ ઉપર આધારિત છે, અને એ જ લક્ષ્ય તરફ આગળ વધી રહી છે. જીવન સ્તર ઊંચું આણવું, ભૌતિક સુખ મેળવવું, કુદરતના કોપ-પ્રકોપને ખાળી શકવા, વિજ્ઞાન-ટેકનોલોજીની મદદથી સગવડો મેળવવી, તંદુરસ્ત જીવન ગાળવું, આવરદામાં વધારો કરી શકવો અને ઔદ્યોગિકીકરણ દ્વારા સમય, શક્તિના બચાવને નવાં પરિમાણો આપવાં એ પ્રગતિશીલ આધુનિકતાનાં લક્ષણો છે. ઔદ્યોગિકીકરણ અને બુદ્ધિનિષ્ઠાના પરિણામસ્વરૂપે જન્મેલી આધુનિકતાના જોડિયા ભાઈ સમા 'મૂડીવાદ'ની એક ઓળખ 'પ્રગતિશીલતા' પણ છે. યુરોપીયન, પાશ્ચાત્ય સમાજની આધુનિકતાને પ્રગતિશીલતાની સાથે સાંકળીને જ સમજવી પડે.

### 6. આત્મપ્રશ્નેયતા અથવા આત્મનિરીક્ષણઃ (*જાતની તપાસ*)

આધુનિકતાની સંરચનામાં અને જ્ઞાનપ્રકાશની પરિયોજનામાં આત્મપ્રશ્નેયતા-આત્મનિરીક્ષણ એક મહત્વનું લક્ષણ છે. વિજ્ઞાન આપણને પળે પળે પ્રકૃતિ વિષયક વધુ વ્યાપક અને ઊંડાણભર્યાં સત્યો તરફ લઈ જાય છે અને બુદ્ધિનિષ્ઠા પણ આપણને સવાલ પૂછતી રહે છે અને વર્તન અને વ્યવહારની (પ્રાક્સીઝ) બારીકીઓ તરફ લઈ જાય છે. ધર્મનિરપેક્ષ આધુનિક નાગરિક માટે આત્મપ્રશ્નેયતા એક નૈતિક વલણ છે. આપણે કેટલા બુદ્ધિનિષ્ઠ છીએ -કેટલા પ્રગતિશીલ છીએ -કેટલા ધર્મનિરપેક્ષ છીએ -કેટલા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળા છીએ - સ્વતંત્રતા અને સમાનતાનાં મૂલ્યોને વિચાર અને આચારમાં કેટલી હદે મૂકીએ છીએ -કેટલા 'નાગરિક' છીએ.... આ બધા પ્રશ્નો જાતને પૂછતા રહેવું અને આંતરિક તાકાતને ચકાસતા રહેવું એ જાગૃતિનું લક્ષણ છે અને આવી ચકાસણી પ્રેરિત જાગૃતિ આધુનિકતાનું લક્ષણ છે. આ લક્ષણ વ્યક્તિને 'નાગરિક' બનાવે છે અને સંસ્થાઓને પારદર્શી અને પરિવર્તનશીલ બનાવે છે.

### 7. અંગતતા અને સાર્વજનિકતા વચ્ચેનો તફાવત

એવું તો નહોતું કે, આધુનિકતા પહેલાં, 'પૂર્વઆધુનિક' સમયમાં અંગત અને સાર્વજનિક વચ્ચે તફાવત નહોતો, પણ આધુનિક સમાજોમાં આ તફાવત વધુ સ્પષ્ટ થયો, સમજપૂર્વક એનો ઉપયોગ થવા લાગ્યો અને એને ઔપચારિક રૂપ પણ મળ્યું. આધુનિકતા પૂર્વે સાર્વજનિકતા હતી પણ એ સામૂહિકતા કે સંકુચિત સમુદાયવાદ સાથે જોડાયેલી રહેતી. દા.ત. **અમુક તમુક જાતિ કે ખાસ** સ્થળના રહેવાસીઓનું ટોળું! જેમાં વ્યક્તિમત્તા કે વ્યક્તિસ્વાતંત્ર્યને કોઈ સ્થાન ન હોય, વ્યક્તિનું મહત્વ ન હોય. ભારત જેવા દેશના સંદર્ભે જોઈએ તો જ્ઞાતિ, પેટા જ્ઞાતિ, વંશ, લોહીના સંબંધો,





ગામ, કસ્બા, પ્રાંત, પ્રદેશ, દેશ... વગેરે. આમાં પારંપરિક ગુમાન અને સંકુચિતતા જોવા મળતાં. આવાં માનવીને 'લોકો' કહેવાય, 'લોક' કહી શકાય.

જ્યારે સાર્વજનિકતાનું આધુનિક સ્વરૂપ આધુનિકયુગમાં એવી રીતે ઘડાયું કે, જેમાં વ્યક્તિસ્વાતંત્ર્ય અને અંગતતા જળવાઈ રહે. મોટેભાગે, આધુનિકતાનું મૂડીવાદી અને પાશ્ચાત્ય રૂપ અને પછીના ગાળામાં ઉદારમતવાદી -લિબરલ-સ્વરૂપ આનાં ઉદાહરણોરૂપે જોઈ શકાય. આધુનિકતાના પ્રકાશમાં વ્યક્તિવાદ, વ્યક્તિગત અધિકારો, વ્યક્તિગત સુખાકારી, વ્યક્તિગત સંપત્તિ જેવા મુદ્દા ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે. 'લોકો'માંથી 'પ્રજા' બનવાનું, 'લોક'માંથી 'નાગરિક' બનવાનું આ ઘડતર છે. 'વ્યક્તિ'એ પણ 'નાગરિક' બનવું પડે છે. આધુનિકતાનાં મૂલ્યો - બુદ્ધિનિષ્ઠા, પ્રગતિશીલતા, જીવન પ્રત્યેનો વૈજ્ઞાનિક અભિગમ, ધર્મનિરપેક્ષતા, જાહેર અને અંગતનું સાચું અર્થઘટન અને તે મુજબનું આચરણ.... વગેરે દ્વારા થઈ શકે છે.

આ 'જાહેર' અને 'અંગત'ને જરા વિસ્તારથી જોઈએ તો, વ્યક્તિગત સ્વાતંત્ર્ય જાળવીને પણ શી રીતે 'સાર્વજનિક'નું મહત્વ થઈ શકે છે તે સ્પષ્ટ થશે. માણસની આજુબાજુ, આગળ જોયું તેમ જાતજાતનાં સામુદાયિક પડ વળગેલાં હોય છેઃ કૌટુંબિક સગપણ, લોહીની સગાઈ, જ્ઞાતિ, ગોળ, પેટાજ્ઞાતિ, કસ્બા, મહોલ્લા, ફળિયા, ગામ, પ્રાંત-પ્રદેશ, દેશ... જેવા સંકુચિત વર્તુળોથી આપણે વિંટળાયેલા હોઈએ છીએ, જે 'અંગત' કહેવાય પણ બીજી રીતે તે 'વ્યક્તિસ્વાતંત્ર્ય'ને અવરોધતાં હોય છે. ઘણી બાજુએથી પસંદગીનું સ્વાતંત્ર્ય, વ્યક્તિગત પ્રગતિ-વિકાસને ગૂંગળાવતાં હોય છે અને 'વ્યક્તિ'ને પણ પોતાની નાનકડી દુનિયામાં જકડી રાખતાં હોય છે. પણ જ્યારે આધુનિકતા વડે આગળ કરવામાં આવેલું-પોષાયેલું 'જાહેર કે સાર્વજનિક'નું મૂલ્ય અપનાવવામાં આવે ત્યારે વાત બદલાઈ જતી હોય છે. આવું જાહેર ક્ષેત્ર (પબ્લિક સ્ફીયર) એટલે સમાન રસ ધરાવતા,

બુદ્ધિનિષ્ઠ, પ્રગતિશીલ, વૈજ્ઞાનિક અભિગમ ધરાવતાં, ધર્મનિરપેક્ષ નાગરિકોના સમુદાય દ્વારા રચાતાં મંડળો, સંસ્થાઓ અને તેને માટે સુગમ બનેલાં સ્થળો. આવાં જાહેર (સાર્વજનિક) સ્થળોએ, આવા નાગરિકો એકઠાં થઈ શકે, વાતચીત-સંવાદ-ચર્ચા-વિમર્શ કરી શકે છે. વાંચનાલયો, ગ્રંથાલયો, સભાગૃહો જેવાં જાહેર સ્થળો સૌને માટે ઉપલબ્ધ હોય છે તેથી તેને 'સાર્વજનિક' કહેવાય છે. અહીં કોઈ જાતની પ્રવેશબંધી નથી હોતી. બલ્કે, નવા વિચારો ધરાવતા નવા સમુદાયો આદર્શ સમાજની પરિપકલ્પના-પરિયોજના માટે બૌદ્ધિક કસરતો કરે છે જે આગળ જતાં વ્યવહાર-આચાર-અમલમાં આવે. આવા વિમર્શો આધુનિક મૂલ્યોનો પ્રસાર-પ્રચાર કરે છે, જેને પગલે સમાજમાં જ્ઞાનપ્રકાશ ફેલાતો રહે છે. 14મી સદી થી શરૂ થઈને છેલ્લાં છસો વર્ષમાં પશ્ચિમના દેશોએ આવાં જાહરેક્ષેત્રો વિકસાવ્યા છે, સાર્વજનિકતા પામીને વ્યક્તિસ્વતંત્ર્ય હાંસલ કર્યું છે.

## ૮. વૈશ્વિકવાદ : કોસ્મોપોલિટાનિઝમ

જ્ઞાનપ્રકાશ યુગના પ્રબુદ્ધ ચિંતકો માનતા હતા કે બુદ્ધિનિષ્ઠ જ્ઞાનપ્રકાશ 'વૈશ્વિક' છે, એ જ ન્યાયનાં ધોરણોને વૈશ્વિક બનાવે છે. સત્ય, નીતિમત્તા, પ્રામાણિકતા, માનવતા, કરૂણા જેવાં મૂલ્યો વૈશ્વિક છે. તદુપરાંત મનુષ્ય સ્વભાવ પણ બધે જ સરખો છે. માનવીના સવાલો બધે જ સરખા હોઈ શકે. આ પ્રબુદ્ધ ચિંતકો પોતાને ''વૈશ્વિક માનવીઓ'' તરીકે ઓળખાવતા હતા. તેઓ સંકીર્ણ પૂર્વગ્રહો અને સંકુચિત રાષ્ટ્રવાદના વિરોધી હતા. સમગ્ર માનવજાતનું કલ્યાણ અને સાર્વત્રિક ઉત્કર્ષ એ એમની નિસ્બતનો મુખ્ય વિષય હતો. બુદ્ધિનિષ્ઠાનો શાશ્વત માર્ગદર્શક તરીકે સ્વીકાર અને તેના પ્રત્યે સંપૂર્ણ પ્રતિબદ્ધતા એ તેમનો જીવનમંત્ર હતો. દરેક પ્રકારની સંકુચિતતાને ઓળંગવાની-અતિક્રમવાની તેમની આ વૃત્તિ અને શક્તિને કારણે બાકીના વિશ્વ સાથે તેઓ સરળતાથી અને સફળતાપૂર્વક નાતો જોડી શકયા. પ્રબુદ્ધ નાગરિક હોવું એટલે સમગ્ર નાગરિક સમાજ સાથે





સંકળાવું -પછી પોતે ગમે ત્યાં હોય. કોઈપણ દેશની પ્રગતિ અને સુધારણા વિશે અધિકારપૂર્વક ટીકા કે ચર્ચા કરવા માટે, જે તે દેશના નાગરિક હોવું જરૂરી નહોતું. એક જાણીતું ઉદારહણ છે, ફ્રાન્સના વતની પ્રબુદ્ધ ચિંતક દિદેરોનું. રશિયાની રાણી કેથેરીનને રાજધર્મ અંગેની સલાહ આપતાં એનું ફ્રેન્ચપણું કે ભૌગોલિક દૂરતા આડે નહોતાં આવ્યાં. આવું આંતર્દેશીયપણું પ્રબોધનકાળમાં નવાઈની વાત નહોતી. બીજી મહત્વની વાત એ હતી કે, તેમના આ વૈશ્વિકવાદના મૂલ્યોને કારણે તેઓ રાષ્ટ્રપ્રેમની કટ્ટરતાથી હમેશાં દૂર રહ્યાં. આ પ્રબુદ્ધ ચિંતકોની નેમ હતી કે, માનવજાતના સમગ્ર પ્રયત્નોનું સર્વોચ્ચ અને અંતિમ લક્ષ્ય 'વૈશ્વિક સમાજનું નિર્માણ' છે. આ દર્શને મુક્તિલક્ષી મહત્વાકાંક્ષાઓને જન્મ આપ્યો. આ મૂલ્યે, આ દર્શને, આગળ જતાં ઉદારમતવાદ (લિબરાલિઝમ) અને માર્ક્સવાદને નિશ્ચિત સ્વરૂપ આપવામાં મોટી ભૂમિકા ભજવી. ઉદારમતવાદ અને માર્ક્સવાદનું ધ્યેય અનુક્રમે મૂડીવાદ અને રાજય (સ્ટેટ)ની નાબૂદીનું રહ્યું છે, જેને કારણે સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયપરકતાવાળા, બહુલતાવાળા (કોસ્મોપોલિટન) વૈશ્વિક સમાજનું નિર્માણ શક્ય બની શકે.

## ૯. સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયપરકતા

આ ત્રણે મૂલ્યો / ધ્યેયો આધુનિકતાના ઘડતરના કેન્દ્રમાં છે. પૂર્વઆધુનિક સમયમાં આ ત્રણ મૂલ્યો માટે આગ્રહ રાખવો કે સંઘર્ષ કરવો-એવી કલ્પના સુદ્ધાં નહોતી કરવામાં આવતી. યુરોપમાં આધુનિકતાનો ઉદય થયો ત્યારે વ્યક્તિની સ્વતંત્રતા અને ન્યાયપરકતા (ન્યાયની માંગ, ન્યાય મેળવવાનો પ્રયાસ) સાવ નવાં મૂલ્યો હતાં. પણ સતત મનોમંથન-ચર્ચાઓ અને આચારની તકેદારીએ યુરોપના/પશ્ચિમના ઘણા દેશોનાં સૂત્ર તરીકે આ મૂલ્યોની સ્થાપના કરી. ફ્રાન્સની ક્રાન્તિ અને તે પછીની લોકશાહી પામવાનું આ જ સૂત્ર હતું ''સ્વતંત્રતા-સમાનતા-બંધુતા.''

આજે, છેલ્લી એકાદ સદીથી આપણે જેને 'માનવ અધિકારો' (હ્યુમન રાઇટ્સ) કહીએ છીએ, 'સામાજિક ન્યાય' (સોશ્યલ જસ્ટીસ) કહીએ છીએ તેનાં મૂળ યુરોપના જ્ઞાનપ્રકાશયુગમાં અને આધુનિકતામાં છે એ નોંધવું જોઇએ.





## પ્રકરણ - 4

# મૂડીવાદ, સમાજવાદ અને આધુનિકતા

આ પ્રકરણની શરૂઆતમાં એટલું સ્પષ્ટ કરી લઇએ કે કોઇપણ સામાજિક-સાંસ્કૃતિક મૂલ્ય-વ્યવસ્થા દ્વારા પોતપોતાના સમયની ઉત્પાદન પ્રણાલિ અને તેને આધારિત આર્થિક વ્યવસ્થાથી નિયંત્રિત થાય છે.(ઉત્પાદન પ્રણાલિ - જેમ કે પાક, કપડાં અન્ય ચીજવસ્તુઓનું ઉત્પાદન હાથથી કે સાદાં કે ભારે યંત્રોથી અને પૂર્ણપણે યાંત્રિક ઢબે કરવામાં આવે તે).

આપણે અગાઉ જોયું કે, યુરોપમાં જ્યારે ઉત્પાદન ક્ષેત્રે ઔદ્યોગિકીકરણ આવ્યું / ઔદ્યોગિક ક્રાન્તિ થઇ તે કાળે જે જ્ઞાનપ્રકાશ યુગ હતો, ત્યારે આધુનિકતાનો ઉદ્ભવ થયો હતો. અથવા તો એમ કહી શકાય કે, યાંત્રિક પ્રગતિશીલતાનો એક છેડો હતો મૂડીવાદ અને મૂડીવાદની સાથોસાથ જે વિચારધારા જન્મી તે હતી આધુનિકતા. આમ, ઔદ્યોગિકીકરણથી બદલાયેલી ઉત્પાદન પ્રણાલિ, ને તેને કારણે મૂડીવાદી / અથવા તો નફા આધારિત આર્થિક વ્યવસ્થા બની ત્યારે જ 'આધુનિકતા' એક મૂલ્યવ્યવસ્થા સામાજિક-સાંસ્કૃતિક પરિઘટનારૂપે અસ્તિત્વમાં આવી. આને માટે એમ પણ કહેવાય છે કે આર્થિક-રાજનૈતિક-સામાજિક વ્યવસ્થાના રૂપમાં જે પહેલી આધુનિકતા અસ્તિત્વમાં આવી તે મૂડીવાદી આધુનિકતા હતી. આમ તો, સામંતી અને મધ્યકાલીન યુરોપ માટે મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિ અને મધ્યમવર્ગીય મૂલ્યોવાળી લોકતાંત્રિક રાજકીય વ્યવસ્થા જ મુક્તિ

અપાવનારી લાગે તે સ્વાભાવિક હતું. જો કે, અહીં એટલું નોંધવું જોઈએ કે, લોકશાહીનાં મૂળિયાં યુરોપના મોટાભાગના દેશોમાં વીસમી સદીમાં ઊંડાં ઉતર્યાં ન હોતાં. આધુનિકતાનાં બાકીનાં લક્ષણો, જે મૂડીવાદ માટે અનિવાર્ય નહોતાં અને જેને અપનાવ્યા વિના પણ મૂડીવાદ દુનિયાના મોટાભાગના દેશોમાં સારી રીતે ચાલી રહ્યો છે, તે લક્ષણો યુરોપને વધુ પ્રગતિશીલ બનાવનારાં હતાં અને તેને કારણે યુરોપમાં એક નવી સભ્યતાની શરૂઆત થઇ ચૂકી હતી.

મૂડીવાદી યુરોપ અને આધુનિકતા વચ્ચેના સંબંધો અને વિરોધોને પણ સમજી લેવા જેવા છે. મોટેભાગે આધુનિકતાના એવાં ઘણાં ગુણ-લક્ષણ છે જેને મૂડીવાદ સાથે જોડી દેવામાં આવે છે. પણ ઘણીવાર બંને વચ્ચે સાપ-નોળિયા જેવો સંબંધ પણ હોઇ શકે છે. દાખલા તરીકે, 'સ્વતંત્રતા', 'સમાનતા' વાળું ફ્રાન્સનું પ્રસિદ્ધ આધુનિકતાવાદી સૂત્ર. હવે સ્વાભાવિક રીતે જ, મૂડીવાદને આમાંનો એકે ગુણ ન ખપે, ન પરવડે. કેમ કે, નફા આધારિત મૂડીવાદમાં વર્ગભેદ-અમીર, ગરીબ વચ્ચેની ખાઈ-એક સ્વાભાવિક પરિસ્થિતિ છે, જે શોષણ આધારિત પણ છે જ, જે અસમાનતા ઉપર જ રચાયેલા સંબંધો છે એટલે તાત્વિક રીતે આધુનિકતાની મૂળ વ્યાખ્યાથી બહાર છે.

બાકી, પ્રકૃતિ-પ્રાકૃતિક સ્રોતો ઉપર કાબૂ મેળવીને તેનો ઉપયોગ કરવાની ક્ષમતાને પરિણામે આવેલું ઔદ્યોગિકીકરણ, મૂડીવાદ અને આધુનિકતા બંને માટે અનુકૂળ પરિસ્થિતિ હતી.

તદ્દુપરાંત, પૂર્વાઆધુનિક અરાજકતા, શોષણ તેમ જ સંકુચિતતાને સ્થાને વ્યક્તિગત, લોકતાંત્રિક રાજકીય માનવ અધિકારોનો યશ પણ આ મૂડીવાદ ને આધુનિકતા વચ્ચેના ગઠબંધનને જ આભારી છે.

આ બધું જોતાં, દુનિયા ઉપર પશ્ચિમનું વર્ચસ્વ વધતું ગયું એ જોવા મળે છે. મૂડીવાદ સામેની ક્રાન્તિઓ વધુ પડકારજનક સાબિત થઇ છે. પશ્ચિમી





મૂડીવાદની સાથે સ્વાધીનતા અને ન્યાયપરકતાનાં મૂલ્યો ગૂંગળાવા લાગેલાં. એ તો વીસમી સદીમાં થયેલી સમાજવાદી ક્રાન્તિની સાથે, સમાનતા માટેના સંઘર્ષ સમયે, નવેસરથી માનવીય મૂલ્યો સપાટી ઉપર આવ્યાં એમ કહેવું જોઈએ. જે જે દેશોમાં સમાજવાદી ક્રાન્તિ થઇ, તે તે દેશોમાં ફક્ત આર્થિક અને રાજકીય જ નહિ, સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તન પણ મોટાપાયે આવ્યું.

માર્ક્સવાદ, આ મુદ્દે સૈદ્ધાન્તિક રીતે સફળ થઇ શક્યો છે, કેમ કે તેમાં સમાજની જટિલતાઓ / ગૂંચવાડા અને પછાતપણાને સ્વીકારીને અને સમાજ અને પ્રકૃતિના આંતર્સંબંધોને સતત તપાસતાં રહીને એનો હલ કાઢવાની કોશિષ કરવામાં આવે છે. માર્ક્સવાદ, ઉત્પાદક શક્તિઓના ઉત્તરોત્તર વિકાસને ઇતિહાસની ગતિનું મૂળ કારણ પણ માને છે અને ઉત્પાદક શક્તિઓનું ધ્યેય પણ 'માનવસમાજનો વિકાસ' જ છે, તેમ પણ માને છે.

મૂડીવાદને પડકારીને થયેલી સમાનતાલક્ષી સમાજવાદી ક્રાન્તિની આ વિચારધારા પાછળ આધુનિકતાને વધુ માનવીય, વધુ ઉન્નત અને વધુ વ્યાપક બનાવવાની જ નેમ છે. વીસમી સદીનો સમાજવાદી સમાજ, આધુનિકતાનું નવીન અને ઘણા અર્થોમાં ઉન્નત (ચડિયાતું) સ્વરૂપ ગણી શકાય. માર્ક્સવાદે મૂડીવાદની વૈજ્ઞાનિક અને નીડરપણે ટીકા કરી છે અને સાબિત કર્યું છે કે, મૂડીવાદ કંઇ માનવઇતિહાસની છેલ્લામાં છેલ્લી અને સૌથી ચડિયાતી ઉત્પાદન પ્રણાલિ નથી. મૂડીવાદથી આગળનો માર્ગ શોધતાં, 'સમાજવાદ' આધુનિકતાનું ચડિયાતું રૂપ બની શકે. એને માટે એમ પણ કહી શકાય કે મૂડીવાદી સમાજની ઉત્પાદનશીલતા અને સમૃદ્ધિને માન્ય રાખીએ તો પણ તે, વર્ગ વિભાજિત (અમીર-ગરીબ વર્ગના ભેદભાવ સાથેની) આધુનિકતાનું સ્વરૂપ પ્રગટ કરતો હતો, આની સામે સમાજવાદી ક્રાન્તિ વધુ મોટી, યુગાન્તરકારી (યુગને બદલી નાખનારી) મહત્વ ધરાવતી હતી.... તેની સાથેની આધુનિકતા પણ

બહેતર હોઇ શકત. પણ ઇતિહાસે જે રીતે ગતિ કરી, તેમાં વીસમી સદીની સમાજવાદી ક્રાન્તિની મર્યાદાઓ છતી થઇ અને આધુનિકતા પ્રશ્નચિહ્ન બની ગઇ.

## આધુનિકતાનાં નકારાત્મક પાસાં

આધુનિકતાએ માનવસમાજની સંસ્કૃતિ અને સભ્યતાને એક ઉંચાઇ જરૂર બક્ષી છે, તો અહીં આધુનિકતાનાં કેટલાંક નકારાત્મક પાસાં પણ તપાસવાં જરૂરી લાગે છે. મહત્વની વાત એ છે કે, આવી તાપસની શરૂઆત વીસમી સદીમાં જ કાર્લ માર્ક્સ, મેક્સ વેબર, ડરખાઇમ જેવા અર્થશાસ્ત્રીઓ / સમાજશાસ્ત્રીઓએ કરી દીધી હતી. માર્ક્સ અને ડરખાઇમે આધુનિક યુગનાં સંકટો જોઇ લીધાં હતાં. જોકે, બંનેએ સ્પષ્ટ વિધાનો કર્યાં છે કે આધુનિકતાની કેટલીક મર્યાદાઓ જરૂર છે પણ તેનાં કરતાં તેની સિદ્ધિઓનું પલ્લું વજનદાર છે. માર્ક્સે મૂડીવાદી આધુનિક સમાજનું વર્ગભેદનું પાસું ચીંધી બતાવ્યું પણ સાથે સાથે માનવતાવાદી આધુનિકતાનું સપનું સમાજવાદી ક્રાન્તિ રૂપે જોયું હતું. ડરખાઇમનું માનવું હતું કે ઔદ્યોગિકીકરણનો વધારે વિકાસ થશે તો સમાજમાં સુખ-સુવિધાઓ વધશે અને સમરસતા આવશે, જેમાં શ્રમ-વિભાજન અને વ્યક્તિગત નૈતિકતાનો વિવેકપૂર્વકનો સમન્વય થશે અને સમાજ વધુ ઉન્નત રીતે આધુનિકતા હાંસલ કરશે.

જોકે, મૅક્સ વેબર ખાસા નિરાશાવાદી જણાય છે, એ કહે છે કે, આધુનિક વિશ્વ વિરોધાભાસોથી ભરેલું છે, જેમાં ભૌતિકવિકાસ તો થયો છે પણ તે અમલદારશાહીના દમન દ્વારા અને વ્યક્તિસ્વાતંત્ર્ય તેમજ સર્જકતાના ભોગે થયો છે.

આધુનિકતાના એક તબક્કે, વીસમી સદીમાં ફાસીવાદનો ઉદય થયો, અણુવિસ્ફોટ થયો, હિરોશિમા-નાગાસાકિનો ધ્વંસ થયો, નાઝીવાદીઓએ યહૂદીઓનો કારમો જનસંહાર કર્યો, સ્ટાલિને પણ હિંસાના જોરે સત્તા





સ્થાપી અને ટકાવી. આ બધી એકહથ્થુ-ફાસીસ્ટ સત્તાખોરીનાં પરિણામોની પાછળની 'આધુનિકતા'હતી એમ કહેવાય છે.

આધુનિકતાના ચાર સંસ્થીકૃત આયામો તરફ નજર નાખીએ તો પેલાં નકારાત્મક ગણાયેલાં પરિણામો વધુ સમજી શકાય તેમ છે.

1. ***ઔદ્યોગિકતાવાદ (ઈન્ડસ્ટ્રીયાલિઝમ) :*** પ્રાકૃતિક શક્તિઓ અને સ્ત્રોતોનું ઉપયોગિતાવાદી (પ્રાગ્મેટિક) રૂપાંતરણ અને યંત્રો-મશીનો-નો અતિરેક. પરિણામે પ્રાકૃતિક સ્રોતોનું અપાર શોષણ થાય છે... આગળ જતાં નાશ પણ થઇ શકે. ત્રીજા વિશ્વના દેશોમાં રોજી-રોટી માટે માનવ-શ્રમિકોની જરૂર બેઉ પક્ષે રહે છે - (શ્રમિકોને મજૂરી જોઇએ અને ઉદ્યોગપતિઓને શ્રમિકો જોઇએ) પણ યંત્રો વધી જાય તો શ્રમિકો બેરોજગાર રહે ગરીબી બરકરાર રહે.

2. ***મૂડીવાદ:*** શ્રમનું શોષણ કરવું, ઉત્પાદનનું આડેધડ બજારીકરણ કરવું અને ભરપેટ નફો મેળવવો તે આધુનિક મૂડીવાદનું લક્ષણ છે.

3. ***નિયંત્રણ:*** માહિતી સ્રોતો ઉપર રાજકીય નિયંત્રણ (સેન્સરશીપ) અને સામાજિકક્ષેત્રે ચાંપતાં પગલાં લેવામાં દમન અને ધાકધમકી, જે હિંસકતા સુધી પહોંચી શકે.

4. ***લશ્કરી તાકાત:*** રાજ્યે સશસ્ત્ર દળો રાખવાં અને તેને અમર્યાદિત સત્તા આપવી. પ્રજાકીય સુરક્ષાના નામે વિવિધ હિંસક કાયદા ઘડવામાં આવે.(દા.ત. આર્મ્ડ ફોર્સીઝ સ્પેશ્યલ પાવર એક્ટ - AFSPA, ટાડા -TADA વ.) આધુનિકતાનું આવું દમનકારી સ્વરૂપ વીસમી સદીમાં, યુરોપના કેટલાક દેશોમાં સરમુખત્યારશાહી દ્વારા પ્રગટ થયું. પણ આપણને સવાલ એ થવો જોઇએ કે -આધુનિકતાનાં મૂલ્યો-ને આને માટે જવાબદાર કઇ રીતે ઠરાવી શકાય? આ

નકારાત્મકતા જે તે દેશોની જડ તંત્રવ્યવસ્થા (સિસ્ટમ)ને કારણે આવી, એમ ન કહી શકાય?

### આધુનિકતાનાં નકારાત્મક પરિબળો સામે પડકારઃ

છેલ્લી સદીમાં (વીસમી સદીમાં) આધુનિકતાના આ સંસ્થાકરણની સામે સામાજિક-સાંસ્કૃતિક અને રાજકીય આંદોલનો પણ છેડાયાં છે, જેણે આધુનિકતાના જડત્વ સામે પડકાર ફેંક્યા. ઉદાહરણ તરીકે, મૂડીવાદની સામે મજદૂર-આંદોલનો થયાં, સેન્સરશીપ સામે અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યની ચળવળો થઈ, લોકશાહી-આંદોલનો થયાં. લશ્કરી શાસનની સામે શાન્તિ-આંદોલનો થયાં, સંયુક્ત-રાષ્ટ્ર-સંસ્થાન (UNO-યુનો)ની સ્થાપના થઈ, માનવ-અધિકારની ઝૂંબેશો થઈ અને મંડળો સ્થાપાયાં.... અને છેલ્લાં થોડાં વર્ષોથી ઔદ્યોગિકીકરણ સામે પર્યાવરણ-સુરક્ષાનાં આંદોલનો શરૂ થયાં.

જોકે, અહીં નોંધવું જરૂરી લાગે છે કે જ્ઞાનપ્રકાશ યુગમાં ફેલાયેલાં અને આધુનિક યુગમાં પ્રસ્થાપિત થયેલાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, માનવવાદ, વૈશ્વિકવાદ, સાર્વજનિક ઉન્નતિ - જેવાં મૂલ્યોને કારણે આવાં આંદોલનો શક્ય બન્યાં અને તેમાં અમુક અંશે સફળ પણ થયાં. કલ્પના કરો કે, આજે ઈરાક ઉપરના હુમલા સામે, અમેરિકાની રાજ્યસત્તા સામે શાંત અને ઉગ્ર વિરોધ કરવા માટે, લાખોની સંખ્યામાં લોકો રેલી કાઢે છે, દેખાવો કરે છે.... તે નવજાગૃતિ વિના શક્ય બન્યું હોત? કહેવાતા પશ્ચિમના દેશોમાં રાજકીય-સામાજિક જાગૃતિ આધુનિકતાને કારણે જ આવી છે એ દેખીતી હકીકત છે.





## પ્રકરણ - 5

# આધુનિકતા સામે અનુઆધુનિકતા

'અનુઆધુનિકતા'નો શબ્દાર્થ જોઈએ તો તે છે -આધુનિકતાની પછી/પાછળ આવનાર વિચારધારા અને આચાર-વ્યવહાર. આધુનિકતાની ટીકા થઈ શકે છે, તે હમણાં જ જોયું. આધુનિકતાની અંદર જ કેટલાક વિરોધો છે, એ પણ નોંધ્યું. વીસમી સદીના ચિંતકોએ આધુનિકતા અને આધુનિકતાવાદની સમીક્ષા શરૂ કરી. વૈશ્વિકવાદ (કોસ્મોપોલિટાનીઝમ), સમાજવાદ, સામ્યવાદ જેવી સમગ્રગામી વિચારધારાઓ અને પદ્ધતિઓ, આચાર, વ્યવહારને આ સમીક્ષામાં 'મહા-આખ્યાનો' કહેવામાં આવ્યાં, જે વધારે પડતાં આદર્શવાદી -તરંગી હતાં અને હવે તે પડી ભાંગ્યાં છે, એમ તેમણે જાહેર કર્યું. વીસમી સદીના અંતમાં જર્મનીની દીવાલનો ધ્વંસ થયો અને સામ્યવાદનું પતન થયું. રશિયા અને પૂર્વ યુરોપના અન્ય દેશોમાં તેનો અંત આવ્યો. સામ્યવાદની વૈશ્વિક વર્ચસ્વની સ્થિતિ... વગેરે પરિસ્થિતિઓને આગળ ધરીને અનુઆધુનિકવાદના વિચારકો, પ્રચારકો અને ચિંતક વિદ્વાનોએ જોરશોરથી આધુનિકતાનાં નકારાત્મક પાસાંને ઉજાગર કરીને, છેવટે આધુનિકતાનાં મૂલ્યોને જ વખોડવાનું શરૂ કર્યું છે.

એક રીતે જોતાં, પર્યાવરણની જાળવણી માટે ઉદ્યોગો સામેનો સંઘર્ષ હોય કે મોટી યોજનાઓમાં ખેતરો અને રહેણાંકની જમીનો જવાથી વિસ્થાપિત

બનેલાં લોકોનાં આંદોલનો હોય એ તમામ માનવકેન્દ્રી અનુઆધુનિકતાવાદની ભેટો છે. અહીં છેક છેવાડાનાં લોક સુધીની ચિંતા કરવામાં આવે છે, પણ સાથેસાથ યંત્રોદ્યોગ અને પ્રગતિની આકરી ટીકા પણ કરવામાં આવે છે. એક રીતે જોતાં આ સકારાત્મક વલણ છે પણ આવા સંઘર્ષો ધીમે ધીમે સંકુચિત બનતા જાય છે. એનો હેતુ કોઇ અમુક કે તમુક સમુદાયનાં હિતોના રક્ષણ પૂરતો સીમિત બનતો જાય છે અને સંઘર્ષકર્તાઓ પણ માત્ર જે તે સમુદાયો જ રહી ગયાં છે. એ સમુદાયોની અસ્મિતા, ગૌરવના નામે જે રીતે જૂથવાદ, પ્રાન્ત-પ્રદેશવાદ, ભાષાવાદ, જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ, ધાર્મિક જૂથોની 'આગવી' કહેવાતી 'ઓળખ'ને પ્રોત્સાહન મળી રહ્યું છે તે જોતાં પેલા ''વૈશ્વિક માનવવાદ''ના જાણે ભાંગીને ભૂક્કા થઇ ગયા છે. એટલું જ નહિ, સીમિત હેતુ ધરાવતા આ સંઘર્ષો અલગતાવાદી બનવા લાગ્યા છે. એક શોષિત સમુદાયનાં સભ્યોને બીજા શોષિત સમુદાયના સવાલો વિશે જાણે કોઇ નિસ્બત નથી રહી. દા.ત. દલિત આંદોલનકર્તાઓને લઘુમતિ સમુદાયના સવાલો સાથે કોઇ સંબંધ નથી અને લઘુમતિઓને આદિવાસીઓનાં આંદોલનમાં કોઇ લગાવ નથી... વગેરે! આવાં વલણો-વર્તનોને કારણે સમાજ-સંસ્કૃતિ જાણે પુરાણયુગમાં પીછેહઠ કરી રહ્યાં હોય એવી સ્થિતિ સરજાઇ છે. પશ્ચિમના દેશોમાં અમુક ધર્મચુસ્ત કટ્ટરવાદીઓ દ્વારા ફેલાવવામાં આવેલો આતંકવાદ અને ભારત જેવા ત્રીજા વિશ્વના દેશમાં વકરેલા જ્ઞાતિ-જાતિ-સંપ્રદાયવાદે વર્તમાન સમાજવ્યવસ્થાની પોકળતાને ઉઘાડી પાડી દીધી છે. 14મી થી 16મી સદીથી શરૂ થઇને વીસમી સદી સુધી પહોંચેલી, છસ્સો વર્ષ જૂની - પરિપક્વ આધુનિકતાને રૂંધનારી આ પ્રકારની માનસિકતાએ જાણે માનવસભ્યતાની આગેકૂચના પગમાં પરંપરાઓની બેડીઓ નાંખી દીધી છે. આધુનિક યુગની ક્રાન્તિઓ, ચળવળો, બૌદ્ધિક કસરતો, ચર્ચા-વિમર્શો જાણે કે જોજનો દૂર, પાછાં ધકેલાઇ રહ્યાં છે, સમાજને સમજવાનો અને એનું પૃથકકરણ કરવાનો સાચો રસ્તો આધુનિકતાની પ્રસ્તુતતાને સમજવામાં છે, આધુનિકતાનાં પાયાનાં મૂલ્યો સાથે બાંધછોડ કરવામાં નહિ.





આ માટે, પશ્ચિમના વિદ્વાનોએ જ એક વિચાર તરતો મૂકયો છે કે માત્ર યુરોપના મોડેલને જ આધુનિકતાનું 'આખરી (શ્રેષ્ઠ)' મોડેલ માનવાને બદલે, પ્રત્યેક દેશ-કાળના સમગ્ર સંદર્ભમાં આધુનિકતાને જોવી જોઇએ. એમણે એક સરસ સૂત્ર આપ્યું ''સૌને પોતપોતાની આધુનિકતા હોઇ શકે''. મતલબ કે એક કરતાં અનેક સ્તરની આધુનિકતા હોઇ શકે - આધુનિકતાઓ' હોઇ શકે.

આધુનિકતાના સર્વદેશીય, સર્વમાન્ય, સર્વજનહિતકારી સ્વરૂપની વાતની સાથે સાથે આ ''પોતપોતાની આધુનિકતા''ના દાયરામાં **ભારત અને આધુનિકતા વચ્ચેનો સંબંધ** તપાસવો રસપ્રદ બનશે.

## પ્રકરણ - 6

# ભારત અને આધુનિકતા વચ્ચેનો સંબંધ (ગુજરાતના વિશેષ સંદર્ભ સાથે)

આપણે જોઇ ગયા કે, મોટેભાગે આધુનિકતાને 'પાશ્ચાત્ય-પશ્ચિમ'ની વિચારધારા (યુરોપ-અમેરિકાની) કહીને,ભારતીય સાંસ્કૃતિક-સામાજિક સંદર્ભે કાં તો એને આઘી મૂકાય છે, કાં તો ઝનૂનપૂર્વક તેનો વિરોધ કરાય છે. વળી પશ્ચિમમાંથી જે કંઇ આવે તેને સ્વીકારવામાં કે બહાલી આપવામાં આપણા દેશના કેટલાક સમુદાયોને 'દેશદ્રોહ' દેખાય છે, તેથી પણ આધુનિકતાનાં મૂલ્યો અને વલણ-વ્યવહાર-વર્તનને વખોડવાની સર્વસામાન્ય લાગણી અને રીતરસમ દેખાય છે.

ભારતમાં, આપણે આગળનાં પ્રકરણોમાં જોઇ ગયાં તેવાં ગુણ, લક્ષણો અને મૂલ્યોવાળી આધુનિકતા, 19મી સદીના આરંભે, અંગ્રેજો આવ્યા ત્યારે લેતા આવ્યા. વેપારી સંબંધો બાંધતા બાંધતા સત્તાનો દોર એમણે હાથમાં લીધો તેથી તેમના પ્રત્યેના પૂર્વાગ્રહોને કારણે એને ''અંગ્રેજી મૂલ્ય'' ગણીને આધુનિકતા તરફ નકારત્મક વલણ શરૂઆતથી જ રહ્યું. અંગ્રેજોએ હિંદને પોતાની 'કોલોની' (સંસ્થાન) બનાવી અને સત્તાને મજબૂત કરવા, મૂળિયાં ઊંડા નાખવા માટે ઔદ્યોગિકીકરણ અને યંત્રીકરણ લઇ આવ્યા. પોતાના હિત માટે -સરકારી નોકરીઓમાં ભરતી કરવા માટે- પોતાની (પશ્ચિમી) ઢબનું શિક્ષણ પણ શરૂ કર્યું. તદુપરાંત,





તત્કાલિન આધુનિક બ્રિટીશ શાસનપદ્ધતિ, કાનૂની તંત્ર, પુલિસ વ્યવસ્થા વગેરે પણ અહીં શરૂ થયાં. જેને કારણે ભારત જેવા પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતા ધરાવતા સમાજ ઉપર આધુનિકતાની 'અધકચરી' કહી શકાય તેવી અસરો થવા લાગી. ખરેખર તો આધુનિકતાનાં મૂળભૂત મૂલ્યોમાં 'સંસ્થાનવાદ'નો વિરોધ કરવામાં આવ્યો છે અને 'સ્વાયત્તતા'ને ખૂબ મહત્વ આપવામાં આપ્યું છે, તે નોંધપાત્ર હકીકત છે. પણ અંગ્રેજોએ એ મૂલ્યો-વલણોને 'સગવડિયા' રૂપ આપી દીધું અને પોતાની સત્તા અને મૂડીના વિસ્તાર માટે 'આધુનિકતા'નો ઉપયોગ કર્યો એમ માનવામાં આવે છે. ભારત જેવા સંસ્થાન ઉપર આ પ્રક્રિયાની અસરો પરસ્પર વિરોધી ચરિત્ર સાથે ઉજાગર થઇ. લગભગ બે સદી પછી પણ, આજની તારીખમાં પણ આ વિચિત્ર દુવિધાનો અનુભવ આપણે કરી રહ્યાં છીએ.

### શિક્ષણનો પ્રભાવ

અંગ્રેજોએ શરૂ કરેલી 'સાર્વજનિક' કેળવણી એ એમના દ્વારા શરૂ કરવામાં આવેલી 'આધુનિક શિક્ષણ'ની પહેલ હતી. આપણે જાણીએ છીએ કે, આ દેશમાં શિક્ષણ પણ એક જાતની સત્તા છે - અમુક વર્ગોએ પોતાને માટે જ રાખેલો અધિકાર છે અને તેમાં જ્ઞાતિભેદની ખાસી અસરો હતી. વળી 'શિક્ષણ' એટલે ધર્મશાસ્ત્રો, સંસ્કૃતભાષા અને તત્વજ્ઞાનનું શિક્ષણ અને તે પણ બ્રાહ્મણો, ક્ષત્રિય અને અમુક કહેવાતી ઉપલી જ્ઞાતિનાં પણ કહેવાતા ઉચ્ચ કુટુંબોના પુરુષો પૂરતું સીમિત હતું એ પણ જાણીતો ઇતિહાસ છે. અંગેજોએ પહેલી વાર કેળવણીને સાર્વજનિક બનાવી તમામ જ્ઞાતિઓ માટે 'મુક્ત' કરી અને એમાં પણ વિજ્ઞાન -ગણિત-ઇતિહાસ-ભૂગોળ વગેરે ઉપરાંત અંગ્રેજીભાષાને પણ -વિષય બનાવી. શાળાઓ ખોલી, તેમાં તાસ-વ્યવસ્થા (પિરિયડની સિસ્ટમ) ઊભી કરી. નિશ્ચિત સમયે નિશાળો શરૂ થાય ને પૂરી થાય એ ક્રમ પણ દાખલ કર્યો અને 'પાઠ્યપુસ્તકો' પણ રચાયાં અને ઉપયોગમાં લેવાયાં. આમ, માળખાંકીય અને આંતરિક- બધી રીતે કેળવણીનું સ્વરૂપ બદલાયું.

આ શિક્ષણનો લાભ લેનારા પહેલા ભારતીયો હતા કહેવાતી ઉપલી જ્ઞાતિના પુરુષો. પણ આ શિક્ષિત પુરૂષોનું ધ્યાન પણ જ્ઞાતિવ્યવસ્થાના દૂષણ તરફ ભાગ્યે જ ખેંચાયું. આપણા દેશમાં પ્રાચીન કાળથી જ શ્રમવિભાજનના નામે નીપજેલી વર્ણવ્યવસ્થા અને એમાંથી ઉપજેલી જ્ઞાતિઓ-પેટાજ્ઞાતિઓ-ગોત્ર-ગોળ આદિ ભેદભાવોએ સદીઓથી અસંખ્ય સંકુચિત સમુદાયો અસ્તિત્વમાં આવ્યા હતા. ધર્મ-સંપ્રદાયોએ આ ભેદભાવોને બહાલી આપીને દૃઢ બનાવ્યા હતા. જેના પરિણામે આ મુદ્દે અંગ્રેજોએ શરૂ કરેલી આધુનિક કેળવણીએ ખાસ કોઈ ફરક નહોતો પાડયો. શિક્ષણને કારણે જે ફરક આવ્યો તે કેળવણીનું મહત્વ સમજવામાં, નોકરીઓ મેળવવામાં અને તેથી કરીને જીવનધોરણ ઊંચું લાવવા પૂરતો જ. સમય જતાં, વૈજ્ઞાનિક શોધખોળ, રેલ્વે વગેરેને લીધે આ ઉપલા કહેવાતાં વર્ગે, જરૂરિયાત મુજબ જ્ઞાનપ્રકાશ અને આધુનિકતાનાં મૂલ્યોનો આંશિક સ્વીકાર કર્યો એમ કહી શકાય.

## જ્ઞાનપ્રકાશ, સમાજ-સુધારકો અને આધુનિકતા

લગભગ 19મી સદીથી શરૂ થઈને વીસમી સદીના શરૂઆતના ગાળા સુધી, કેટલાંક શિક્ષિત લોકોએ - જે મોટેભાગે ઉપલા વર્ણના અને ઉપલા મધ્યમવર્ગના હતાં- યુરોપના - જ્ઞાનપ્રકાશ'નાં કેટલાંક મૂલ્યો સ્વીકારીને, દેશની સમાજિક-સાંસ્કૃતિક દુર્દશા વિશે વિચારવાનું શરૂ કર્યું. દેશમાં ફેલાયેલા ઘણાં કુરિવાજો, શોષણકારી પરંપરાઓ અને સામાજિક પછાતપણા ઉપર તેમની નજર ગઈ. આ કુરિવાજો-અંધશ્રદ્ધા -પછાતપણું અને અજ્ઞાનતા દૂર કરવા પગલાં લેવા સક્રિય બનેલા આ શિક્ષિતોએ કમર કસી અને સમાજ-સુધારાની ઝૂંબેશો શરૂ થઈ.

ત્યારનાં જૂના ને જાણીતા કુરિવાજો હતા- સતીપ્રથા, વિધવા-દુર્દશા, બાળલગ્ન, કજોડાં (મોટેભાગે નાની છોકરી જોડે મોટી ઉંમરના પુરુષનું લગ્ન), બહુપત્ની પ્રથા વગેરે. જોઈ શકાશે કે, આ કુરિવાજો આપણા દેશના સ્ત્રી-સમુદાયને સૌથી વધુ સ્પર્શે છે. આપણે જાણીએ છીએ કે





બંગાળના સુશિક્ષિત જમીનદાર રાજા રામમોહન રાયની પહેલથી સમાજ સુધારણાની ઝૂંબેશ શરૂ થઈ. સતીપ્રથાના વિરોધ માટે તેમણે લેખો લખ્યા, યુવાનોને ભેગા કરી મંડળો સ્થાપ્યાં, ચર્ચાઓ કરી અને પોતે સુશિક્ષિત હોવાને કારણે અંગ્રેજ અમલદારો સાથે વાટાઘાટો કરીને કાયદાઓ ઘડાવ્યા. 19મી સદીના આવા 'પ્રતિબંધક ધારાઓ' દેશભરમાં જાહેર થયા અને અમલીકરણ પણ થવા લાગ્યું. બંગાળના ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહારાષ્ટ્રના જ્યોતિરાવ ફૂલે, મૂળ ગુજરાતના અને પછીથી પંજાબ અને ઉત્તર ભારતમાં જેમનો પ્રચાર-પ્રસાર વધ્યો તેવા સ્વામી દયાનંદ સરસ્વતી, પંડિતા રમાબાઈ જેવાં સુધારક અગ્રણીઓએ 'જ્ઞાનપ્રકાશ'નાં પહેલાં કિરણો ઝીલ્યાં અને દેશમાં નવી સામાજિક-સાંસ્કૃતિક સમજણનો ઉઘાડ થયો.

ખાસ ગુજરાતના સંદર્ભમાં જોઈએ, તો મુંબઈના કરસનદાસ મૂળજી, સુરતના કવિ નર્મદ, દુર્ગારામ મહેતાજી, દાદોબા પાંડુરંગ અને નવલરામે લગ્નસંબંધી કુરિવાજો દૂર કરવાના પ્રયાસો કર્યા, લેખો લખ્યા, મંડળીઓ સ્થાપી, અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાને પડકારી. અમદાવાદના કવિ દલપતરામ અને અંગ્રેજ અમલદાર ફાર્બસ સાહેબે કન્યા કેળવણીની ઝૂંબેશ ઉપાડી, જેમાં હરકુંવર શેઠાણી, શેઠ હેમાભાઈ વગેરે સખાવતી ધનિકોએ ટેકો કરીને શાળાઓ સ્થાપવાની-ખાસ તો, કન્યાશાળાઓ સ્થાપવાની શરૂ કરી. સામાજિક-સુધારાઓ અંશતઃ લગ્નસંસ્થા અને સ્ત્રી-સમુદાયને અનુલક્ષીને કરવામાં આવ્યા હતા. હજી જ્ઞાતિ વ્યવસ્થાનું પૃથક્કરણ કે સમીક્ષા કરીને, તેને નાબૂદ કરવાની વાત આપણે ત્યાં શરૂ નહોતી થઈ. આ વાતનો પ્રભાવ લાંબા ગાળા સુધી ચાલ્યો છે. આજે પણ જે 'સુધારાયુગની' પ્રશંસા થાય છે તેણે અવગણેલી 'જ્ઞાતિ-સમસ્યા' આજે પણ અવનવા સ્વરૂપે લોકશાહીને નડતરરૂપ બનતી જ રહી છે.

સુધારાયુગમાં એક બીજી સકારાત્મક પહેલ હતી તે મંડળો-સંસ્થાઓ સ્થાપવા વિષેની. બંગાળમાં 'બ્રાહ્મોસમાજ',મહારાષ્ટ્રમાં 'પ્રાર્થના સમાજ', સૂરતની 'સત્યશોધક સભા', અમદાવાદનો 'ઈશ્વર-પ્રાર્થના સમાજ',

'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી', 'બંધુ સમાજ' -જેવી ચર્ચા-વિમર્શની મંડળીઓ સ્થપાઇ. જેમાં જ્ઞાતિજાતિનો બાધ રાખ્યા વગર, શહેરી શિક્ષિત પુરૂષો ભેગા મળતા અને સામાજિક, રાજકીય મુદ્દા વિશે ચર્ચા કરતા, લેખો લખતા, જાહેર ભાષણો કરીને સામાજિક જાગૃતિની ચિંગારી પેટાવતા હતા. લગભગ આ દરેક મંડળોનું એકેક મુખપત્ર-છાપું / પત્રિકા ચાલતું હતું. જેમાં કેટલાંક જાણીતાં નામ -'સત્યન્વેષી', 'ડાંડિયો', 'બુદ્ધિપ્રકાશ', 'સ્ત્રી-બોધ','સુંદરી સુબોધ'... વગેરેને ગુજરાતનાં સુધારક અખબારો -સામાયિકો તરીકે નોંધપાત્ર ગણવાં જોઇએ.

યુરોપના જ્ઞાનપ્રકાશયુગનું યંત્રીકરણ, ઔદ્યોગિકીકરણ પણ ભારતમાં તેના મૂળ ઉદ્ભવનાં લગભગ ત્રણસો વર્ષ પછી - અઢારમી / ઓગણીસમી સદીમાં આવ્યું અને તેનાથી આંશિક પ્રગતિ અને સુધારા થયા. જો કે, એ પણ અમલદારી સ્તરે અને ઉપલા વર્ગના સમાજને જ વધુ લાભકર્તા હતા એમ કહેવામાં ખચકાટ ન થવો જોઇએ.

## અર્વાચીનતા

એક મુદ્દા ઉપર આપણું ધ્યાન ખાસ જવું જોઇએ કે, આ 'સુધારાયુગ' હતો. એમાં અંગ્રેજી શાસનને કારણે-કોલોની બની જવાને કારણે આવી મળેલા ટેકનિકલ સાધનો-યંત્રોને આપણે અપનાવ્યાં એમાં આપણા દેશના લોકોનો કોઇ પુરૂષાર્થ કારણભૂત નહોતો. બીજું કે, યુરોપના જ્ઞાનપ્રકાશયુગનાં મહત્વનાં મૂલ્યો બુદ્ધિનિષ્ઠા, વૈશ્વિકતા, માનવવાદ કે ધર્મનિરપેક્ષતા વિશે હજી તો આ સુધારકો માહિતી - જાણકારી મેળવતા હતા. નાના નાના મુદ્દે ચર્ચાઓ જરૂર થતી પણ વિમર્શ કે પૃથકકરણ કરવામાં નહોતું આવ્યું. વળી વૈજ્ઞાનિકતા વિશે પણ પૂરી સમજણ ખીલેલી નહોતી. નસીબવાદ, અંધશ્રદ્ધતાના મુદ્દે આંગળીના વેઢે ગણી શકાય એટલા સુધારકો થોડોઘણો ઊહાપોહ કરીને થાકી ગયા હતા. ઉદાહરણ તરીકે, સૂરતના દુર્ગારામ મહેતાજી, કરસનદાસ મૂળજી, નર્મદ વગેરેએ





શરૂ શરૂમાં ઠીકઠીક પ્રયત્નો કરેલા પણ પછી સમાજના વિરોધ સામે ચૂપ થઇ ગયેલા અને નર્મદ જેવાએ તો પાછલી ઉંમરમાં વિચારસરણી સાવ બદલી નાખીને, પુરાતન શાસ્ત્રોને સમજાવનારાં પુસ્તક લખેલાં. મૂળગામી રીતે પરિવર્તન લાવવાના પ્રયત્નો નહોતા થયા. પરંપરાવાદી માનસિકતા બદલવા માટે તાર્કિક રીતે પરંપરાનું ખંડન થવું જોઇએ. એવું નહોતું કે મંથન થયું જ નહોતું, પણ છેવટે તો પ્રાચીન સંસ્કૃતિની મહત્તાને નકાર્યા વગર થતું હતું. એ સંસ્કૃતિમાં રહેલાં પછાત મૂલ્યોને પડકાર્યા વિના થતું હતું. દાખલા તરીકે, જ્ઞાતિવ્યવસ્થા, અસ્પૃશ્યતા, પિતૃસત્તા, ધાર્મિક કર્મકાંડ જેવા મુદ્દાને તોડવા - હીટ કરવા-ની વૃત્તિ ઓછી જ રહેલી. પરિણામે, સુધારા પણ અધકચરા જ રહ્યા અને પ્રગતિ પણ ઉપરછલ્લી જ થઇ. જો કે, એવું નહોતું કે પેલો અંધારઘેરો સામંતીયુગ 'જૈસે થે' રહ્યો હોય! અનેક પરિબળોને કારણે વ્યવસ્થાઓ બદલાતી રહે છે. આર્થિક વ્યવસ્થા અને રાજકીય વ્યવસ્થા બદલાય એની અસર સમાજ અને સંસ્કૃતિ ઉપર થયા વગર રહેતી નથી. બદલાવની પ્રક્રિયા 'ઝમણ'ની છે તેમજ 'ઝીલણ'ની પણ છે જ. અને આનો આધાર 'પાત્ર' ઉપર રહેલો છે. પાત્ર / વાસણ નાનું હોય, સાંકડું હોય તો 'ઝીલણ' ઓછું જ થાય. દેશની સ્થિતિ અને વાસ્તવિકતા પ્રમાણે બદલાવ આવે અને એને માટેના પ્રયત્નોની ગંભીરતા તેમ જ સાચી દિશામાં થયેલા પ્રયત્નોની મોટી ભૂમિકા હોય છે.

અહીં, આ મુદ્દાને સમેટતાં એટલું કહી શકાય કે, સમાજ પોતાને બદલવાનું સાહસ તો કરી રહ્યો હતો પણ એવા પ્રયાસને 'સુધારો' કહી શકાય. સુધારકો પેલા યુરોપિયન પ્રબુદ્ધ ચિંતકો જેટલા વિવિધ જ્ઞાન ધરાવનારા ભાગ્યે જ હતા અને મથામણ, શોધખોળ, પ્રયોગોનો સફળ-નિષ્ફળ ઉદ્યમ પણ નહોતો જ થયો. આ પ્રયાસોથી **'પ્રાચીનતા'થી આંશિક રીતે મુક્તિ મળી** પણ એને **આધુનિકતા નહિ કહી શકીએ**. આ અવસ્થા માટે આપણી પાસે એક યોગ્ય શબ્દ છે -**અર્વાચીનતાઃ જે પ્રાચીનતાથી આગળ**

**જવાની ગતિ છે પણ આધુનિકતા સુધી પહોંચ્યા પહેલાંની સ્થિતિ છે, આ અર્વાચીનતા.**

## સ્વાધીનતા આંદોલન અને આધુનિકતા

1857 પછી, ઓગણીસમી સદીમાં જ્યારે દેશમાં સ્વાધીનતા આંદોલનની શરૂઆત થઇ ત્યારે શરૂઆતમાં તો હિંદુસ્તાન રાષ્ટ્રીય આંદોલન પાછળનું મુખ્ય સંચાલક બળ બનેલી તે -'સાર્વભૌમ-રાષ્ટ્ર-રાજ્ય'ની પરિકલ્પના, આધુનિકતાનું એક ગુણલક્ષણ હતી. ફ્રાન્સની ક્રાન્તિ, અમેરિકાની લોકશાહીની ભાવનાથી પ્રભાવિત હતું આપણું રાષ્ટ્રીય આંદોલન. સમાજવાદી રાહે સ્વાધીનતા મેળવવાનું મનન-મંથન કરનાર અનેક યુવા આંદોલનકારીઓમાંના એક, ભગતસિંહનું ઉદાહરણ કાફી છે. સ્વતંત્રતા હમેશાં સમાનતાની સાથે જ હોઇ શકે એવું એલાન એમના જેવા અનેક ક્રાન્તિકારીઓએ કરેલું. બુદ્ધિનિષ્ઠા અને ધર્મનિરપેક્ષતા એમનાં ચાલક બળો હતાં. પણ થોડા જ સમયમાં સ્વાધીનતા સંગ્રામનું ફોકસ બદલાયું.

ધીમેધીમે આ આંદોલન માટે, દેશની જનતા સમક્ષ જે નારાઓ અને કાર્યક્રમો રાખવામાં આવ્યા તેમાંના મોટાભાગનાં 'પૂર્વઆધુનિક' હતાં. નેતૃત્વ ગાંધીજીના હાથમાં આવ્યું હતું અને સમાજ-સંસ્કૃતિ-અર્થવ્યવસ્થા વિશેના એમના પૂર્વઆધુનિક વિચારો અને વલણોને અનુરૂપ આ લડતે સ્વરૂપ ધારણ કર્યું. વર્ણાશ્રમ વ્યવસ્થા, કુટુંબભાવના, ધર્મશ્રદ્ધા વગેરે મૂલ્યો કેન્દ્રમાં હતા. બુધ્ધિનિષ્ઠા,વૈજ્ઞાનિક અભિગમ, વ્યક્તિકેન્દ્રિતા જેવાં આધુનિક મૂલ્યોની સામે ગાંધીજીનાં પેલાં પરંપરાવાદી મૂલ્યો જનતાને વધું ફાવતાં આવ્યાં હતાં. બીજી તરફ, જવાહરલાલ નહેરૂ, ડો.ભીમરાવ આંબેડકર અને તત્કાલીન સામ્યવાદીઓની આધુનિક વિચારધારાને આપણા પૂર્વઆધુનિક સમાજ અને એવા જ પૂર્વઆધુનિક નેતાઓએ આઘી રાખી, અને તેને અપ્રિય અથવા અ-લોકપ્રિય બનાવી. સમગ્ર ભારતીય 'રાષ્ટ્ર'ની પરિકલ્પના આધુનિક હોવા છતાં રાષ્ટ્રઘડતરની આખી પ્રક્રિયા પૂર્વઆધુનિક  ઢાંચામાં કેમ થઇ હશે એ સવાલ છે. માની લો કે, પ્રજાકીય





ચરિત્ર પૂર્વઆધુનિક હતું, તો શું આ યોગ્ય મોકો ન હોઇ શકે, માનસિકતાને આધુનિકતા તરફ વાળવાનો?! ખેર, પણ આ સાધ્ય-સાધન વચ્ચેનો વિરોધાભાસ એક મહત્વપૂર્ણ ઐતિહાસિક હકીકત તરીકે નોંધાઇ ચૂકી છે.

## ભારતની આર્થિક નીતિ - રાજનીતિ અને આધુનિકતા

રાજનૈતિક વ્યવસ્થા અને સામાજિક - સાંસ્કૃતિક સંરચનાના ગૂંચવાયેલા ચરિત્રની સાથોસાથ મૂડીવાદી ઉત્પાદન-પ્રણાલીનું ભારતીય સ્વરૂપ પણ ગૂંચવાયેલું (જટિલ) છે. મૂડીવાદના આગમન પહેલાંની સંરચનાઓ સાથે તાલમેલિયું અને મધ્યમ ગતિએ કરેલું રૂપાંતર અપનાવવામાં આવેલું છે. પરિણામે, પૂર્વઆધુનિક તત્વો અને સંરચાનાઓને સામાજિક જીવનમાં યથાવત રહેવાની સગવડ મળી ગઇ છે. ટૂંકમાં, આર્થિક રીતે પણ ગૂંચવણભરી (કોમ્પ્લેક્સ) પરિસ્થિતિ છે. નથી પૂરો મૂડીવાદ, નથી પૂરો સામંતવાદ! આને 'પૂર્વ આધુનિક' કહીને અટકવું પડે છે. ઊંડાણનાં ગામોમાં, અમુક રાજ્યોમાં હજી સુધી ઉત્પાદન પ્રણાલિ **પૂર્વઆધુનિક એટલે કે પરંપરાગત છે**, ખેતીવાડી કે અન્ય ચીજવસ્તુનું ઉત્પાદન પારંપરિક રીતે, જૂનવાણી સાધનો દ્વારા થાય છે પણ એને મૂડીવાદી બજારવ્યવસ્થામાં ફરજિયાત મૂકાઇ જવું પડે છે, કેમ કે સમગ્ર રીતે દેશની ને દુનિયાની આર્થિક નીતિ મૂડીવાદી છે. બીજી તરફ, અમુક રાજ્યોમાં, વિસ્તારોમાં આધુનિક ઉત્પાદન પ્રણાલીનો સ્વીકાર થયો છે અને બજાર પણ મૂડીવાદી-મુક્ત-વૈશ્વિક છે. આ વિરોધાભાસ ઊડીને આંખે વળગે તેવો અને આર્થિક-સામાજિક ધ્રુવીકરણનો છે. બે વર્ગો વચ્ચે ઊંડી ખાઇ છે અને ત્રીજો-મધ્યમવર્ગ ધીમે ધીમે વધતો જાય છે, જેનું ચરિત્ર પણ દુવિધાગ્રસ્ત છે. એ ઉપભોક્તા (ગ્રાહક) સંસ્કૃતિને માણી રહેલો મોટો વર્ગ છે. આપણે અહીં બરાબર સમજી શકીએ છીએ કે આર્થિક વ્યવસ્થા જે મૂલ્યવ્યવસ્થાને સ્થાપે છે તે જ, જે તે સમાજની સામાજિક-સાંસ્કૃતિક સ્થિતિનું નિર્ણાયક પરિબળ બને છે. આપણા દેશમાં આ ખેંચતાણ એક લાક્ષણિક ગુણ છે.

આમ, ભારતીય સમાજમાં 'આધુનિક' અને 'જ્ઞાનપ્રકાશ'ની પરિયોજના અધૂરી જ છે એમ કહેવામાં કોઈ સંકોચ રાખવો ન જોઈએ. વળી 'આધુનિકતા' અને 'જ્ઞાનપ્રકાશ'ના બે મુખ્ય, પ્રાણસમાન લક્ષણો અંગે આપણા દેશમાં સમય સાથે આગેકૂચ થવાને બદલે-બદલાવાને બદલે, પીછેહઠ થતી લાગે છે, નકારાત્મક રૂપાંતરણ થતું લાગે છે. આ બે મુદ્દા છે - **સમાનતા** અને **ધર્મનિરપેક્ષતા**. સાથોસાથ વૈશ્વિકતા, માનવકેન્દ્રિયતા, વૈજ્ઞાનિક અભિગમ.... જેવા મહત્વના મુદ્દા પણ સંકળાયેલા જ છે. ભારતની લોકશાહી, ભારતનો સમાજ.... લગભગ આખા ભારતની છબી (ઇમેજ)ને 'ત્રિશંકુ' બનાવનાર આ ઊણપો વિશે થોડી વિગતે વાત કરવી જરૂરી છે, જે કદાચ આધુનિકતાના આદર્શ તરફ જવા માટેની પ્રેરણા પૂરી પાડી શકે.





## પ્રકરણ - 7

# ભારતમાં સમાનતાની સમસ્યા અને આધુનિકતા

પરાપૂર્વથી ચાલી આવતી વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિસંસ્થાઓને કારણે જન્મેલાં દૂષણો પર ભારતના / ગુજરાતના સુધારાયુગમાં પણ પૂરતું લક્ષ આપવામાં ન આવ્યું. જે શિક્ષિતો 'સુધારકો' થઈને સક્રિય બન્યા તેઓ મોટે ભાગે કહેવાતી ઉપલી જ્ઞાતિઓના ઉપલા કે ઉપલા મધ્યમવર્ગના હતા. તેઓ પોતે પણ કદાચ આ જ્ઞાતિસંસ્થામાં માનતા હતા અને લાભાર્થી પણ બન્યા હતા. પોતે પણ એ 'સંસ્કારો' (!)માં ઉછર્યા હતા તેથી એમને અસ્પૃશ્યતા કે કહેવાતી નીચલી જાતિઓને વેઠવાં પડતાં અપમાનનો અનુભવ નહોતો થયો તેથી પણ આ કેવું કલંક છે, કેવી પીડા છે.... તેનું ભાન નહિ થયું હોય અને તેથી કરીને આ ભયાનક દૂષણ દૂર કરવા ન તો એમણે લેખન-ભાષણ કર્યાં કે ન કોઈ અસરકારક પગલાં લીધાં.

ગુજરાતમાં સુધારાનો અગ્રેસર ગણાયેલો કવિ નર્મદ પણ ઉદ્દામવાદી ભાષા વાપરીને જ્ઞાતિના કુરિવાજો દૂર કરવાનું કહે છે. પણ એનાં લેખોનો અભ્યાસ કરતાં હાથ લાગે છે કે, એણે પોતાની ઉચ્ચ કહેવાતી જ્ઞાતિના જે બે વિભાગો હતા, તેની વાડાબંધી તોડવાની વાત કરેલી-જ્ઞાતિને દૂર કરવાની નહિ! સુધારક-કેળવણીકાર કવિ દલપતરામે 'જ્ઞાતિનિબંધ' લખીને જ્ઞાતિની અતિશયતા અને જૂનવાણીપણાની છણાવટ કરી છે

પણ એ દુર્દશાને સમૂળગી દૂર કરવાની વાત નથી કરી. મહીપતરામ નીલકંઠને કેળવણીમાં પ્રગતિ આણવા માટે અંગ્રેજ સરકાર તરફથી ઈંગ્લેંડ મોકલવામાં આવ્યા હતા. સમુદ્ર પાર કરવાથી પાપ લાગે એવો આક્ષેપ મૂકીને તેમની જ્ઞાતિએ તેમને 'નાતબહાર' કાઢીને બહિષ્કાર કરેલો. પણ પોતે આ અન્યાયની સામે લડવાને બદલે ઝૂકી ગયા હતા અને વિધિસરનું પ્રાયશ્ચિત્ત કર્યા પછી જ્ઞાતિમાં પાછા ફર્યા હતા -પુનરાગમન કરેલું. તે યુગનાં સુધારક-મંડળોઃ 'સત્યશોધક સભા', 'બુદ્ધિવર્ધક સભા', 'ઈશ્વર-પ્રાર્થના સમાજ' વગેરેએ પણ જ્ઞાતિના વાડા, ઉચ્ચાવચતા અને અસ્પૃશ્યતા વિશે કદી ક્યારેય વિચાર-વિમર્શ કર્યા નોંધાયા નથી. આ 'સુધારો' પૂર્વઆધુનિક હતો, અર્વાચીન હશે પણ એનું લક્ષ્ય 'આધુનિકતા' નહોતું.

મધ્યકાલીન ગુજરાતમાં, સોળમી સદીમાં થયેલા એક નાનકડા પ્રયત્નને યાદ કરીને આગળ વધીએ, અલબત્ત, એને આધુનિકતા ન જ કહેવાય-સમય સંદર્ભ ત્યારે પરિપક્વ નહોતો - પણ સમાજના છેવાડાના લોકો સાથે બેસીને કીર્તન કરવાનું પગલું લેનાર નરસિંહ મહેતા કદાચ પહેલીવાર અસ્પૃશ્યતા અને જ્ઞાતિની વાડાબંધી તોડનાર સાહસિક-સંવેદનશીલ વ્યક્તિ હતા. સુધારકોએ નમૂના તરીકે પણ એમને સામે રાખ્યા હોત તો 'સમાનતા'ના મુદ્દે કંઈક પ્રગતિ સાધી શક્યા હોત, એવું નથી લાગતું?

પછીના સમયમાં, લાંબેગાળે, ગાંધીજીએ અસ્પૃશ્યતા વિશે ચિંતા-ચિંતન કર્યું. અછૂત સમાજ માટે 'હરિજન' શબ્દ આપ્યો, જાતે પાયખાનાં સાફ કરીને એમના શ્રમનો મહિમા કર્યો, અસ્પૃશ્યતા હિંદના સમાજનું કલંક છે એમ પણ જાહેર કર્યું છતાં આખી જ્ઞાતિવ્યવસ્થાની ટીકા કરતાં કોઈ વિધાનો સુદ્ધાં નથી કર્યાં કે નથી કર્યો તે માટેનો 'નાબૂદીકાર્યક્રમ' ... કારણ કે પોતે વર્ણાશ્રમ વ્યવસ્થામાં માનતા હતા. તેમણે તે લખીને કબૂલ્યું છે! આગળ આપણે ગાંધીજીને 'પૂર્વ આધુનિક' કહ્યા હતા તેનો આ એક પુરાવો છે.





ડો. ભીમરાવ આંબેડકર પોતે અત્યંત ગરીબ એવા અસ્પૃશ્ય કુટુંબના હતા. અંગ્રેજોએ શરૂ કરેલું શિક્ષણ લેનારી બીજી-ત્રીજી પેઢીના ભારતીય હતા. આ શિક્ષણે તેમનામાં જાગૃતિની જ્યોત પ્રગટાવી. પોતાના અસ્પૃશ્ય સમાજ વિશે ચિંતા-ચિંતન જ નહિ, પરંતુ એની સાથે સાથે તેની પર મંથન-વિચાર અને જીવનના આચારોનો પ્રસાર-પ્રચાર કરવાની પહેલ પણ એમણે કરી. 'સ્વમાન'ના ખ્યાલ સાથે, 'શિક્ષિત બનો-સંગઠિત બનો'ના સૂત્ર સાથે એમણે ભારતભરનાં અસ્પૃશ્યોને આંદોલન માટે એલાન આપ્યું. અસ્પૃશ્યોને 'દલિત'નામ આપીને, આ દેશની કહેવાતી ઉજળિયાત કોમોના વર્ચસ્વવાળી સંસ્કૃતિએ કેવી રીતે એક મોટા સમુદાયનું દમન કર્યું છે તે છતું કર્યું. પછીના પોતાના જીવનકાળમાં એ દલિત સમાજના અધિકાર વિશે તેઓ જે રીતે સંઘર્ષ કરતા રહ્યા તેની પાછળ 19મી સદીના મહારાષ્ટ્રના સુધારકો શાહૂ મહારાજ અને જ્યોતિરાવ ફૂલેનો વારસો તો હતો જ પણ તે માટે અંગ્રેજી - પાશ્ચાત્ય કેળવણીનો મોટો પ્રભાવ પણ અવગણી શકાય નહિ. સ્વતંત્રતા-સમાનતા-બંધુતા-ન્યાયપરકતા અને માનવકેન્દ્રીતા જેવાં આધુનિકતાનાં મૂલ્યો અને પશ્ચિમની લોકશાહીના નમૂનાનો પ્રભાવ પણ એમણે સુપેરે પચાવી જાણ્યો હતો.

મજાની વાત એ લાગે છે કે, ગાંધીજી પણ લંડનમાં અભ્યાસ કરીને, વકીલાતની ડિગ્રી લઈ આવ્યા હતા અને પછાત ગણાતા આફ્રિકામાં હિંદી-ગુલામ પ્રજાના અધિકારો માટે આંદોલન કરી, સફળતા મેળવીને આવ્યા પરંતુ દલિતોની અવદશા પ્રત્યે સંવેદનશીલ થવા સિવાયની, એમની સમાનતા માટેની કોઈ ઝૂંબેશ ઉઠાવી શક્યા નહોતા. એની પાછળ પોતે સવર્ણ હિંદુ અને જ્ઞાતિ વ્યવસ્થાના લાભાર્થી હતા, એ કારણ હશે? બાબાસાહેબ અને ગાંધીજી વચ્ચેની વૈચારિક અને રાજનૈતિક મડાગાંઠ 'દલિત અધિકાર'ના મુદ્દે જ અણઉકલી રહી ગઈ હતી તે યાદ રાખવું ઘટે.

સ્વતંત્ર ભારતમાં, ભારતીય બંધારણના ઘડતરમાં સિંહફાળો આપનાર ડૉ. આંબેડકરે સૂચવેલી દલિત સમાજ માટેની શિક્ષણ અને નોકરીમાંની ‘અનામત પ્રથા’ અમલમાં આવ્યા પછી દલિતોના શિક્ષણ અને આર્થિક સ્થિતિમાં બહુ ધીમો, છતાં ફરક ચોક્કસ પડયો, પણ દલિતો પ્રત્યે સવર્ણોનું મનોવલણ અને સામાજિક વર્તન બદલાયું છે ખરૂં? કાયદો અને વ્યવસ્થા પોતાની રીતે દલિત-અત્યાચાર વિરોધી સ્વરૂપ ધારણ કરે છે પણ સમાજની માનસિકતાનું શું? ઉલટું, રોજેરોજ દલિતો પરના અત્યાચારોના આંકડા વધતા જાય છે. ખરેખર, આપણે 21મી સદીમાં જીવીએ છીએ?!

માત્ર દલિત-સવર્ણ વચ્ચેના ભેદભાવની જ વાત નથી, આ ભારતીય સમાજમાં પ્રત્યેક જ્ઞાતિ વચ્ચે ઉચ્ચાવચતા (ઊંચ-નીચનો તફાવત) છે જ. જેના મૂળમાં કહેવાતા શ્રમવિભાજનને કારણે શરૂ થયેલી વર્ણવ્યવસ્થા છે. આજે માત્ર જ્ઞાતિ જ નહિ, ‘જ્ઞાતિવાદ’ની જડ ચુંગાલમાં આપણો સમાજ જકડાયેલો છે. આપણા દેશની ચૂંટણીઓ -કે જે લોકશાહી રાજ્યવ્યવસ્થાનું ઉત્તમ અંગ કહેવાય છે -તે તો ફક્ત ને માત્ર જ્ઞાતિ-જાતિ-સંપ્રદાયના પાયા ઉપર જ ચાલે છે જેને કારણે રાજકારણીઓને જે ‘લાભ’ મળે છે તે જોતાં, આવનારાં વર્ષોમાં તો જ્ઞાતિસંસ્થા નાબૂદ થવાની કોઇ એંધાણી દેખાતી નથી.

અલગ અલગ જ્ઞાતિઓ કે આદિવાસીઓની ભિન્ન ભિન્ન ઉપજાતિઓની જ વાત નથી, શહેરી અને ઉપલા વર્ગના કહેવાતા લોકો પણ પોતપોતાનાં વર્તુળો-મંડળોથી સંચાલિત થાય છે તેથી કહી શકાય કે તમામ વર્ગો અને સમુદાયો અસ્મિતાના મુદ્દે એ કક્ષાએ પહોંચ્યા છે કે માત્ર ‘સમાનતા’ જ નહિ, ‘વૈશ્વિકવાદ’કે ‘માનવવાદ-વ્યક્તિવાદ’ જેવાં આધુનિકતાનાં બીજા ગુણલક્ષણો પણ આપણાથી દૂર જ રહ્યાં છે.

માત્ર જ્ઞાતિગત અસમાનતાની વાત નથી, સ્ત્રી-પુરુષ વચ્ચેની અધિકારલક્ષી અને સામાન્ય જીવનમાં રોજબરોજ દેખાતી અસમાનતા





પણ ચિંતાનો વિષય છે. આ મુદ્દા વિષે આપણે અલગ પુસ્તિકામાં વિચાર-વિમર્શ કરવાનાં છીએ.

વર્ગીય અસમાનતાની વાત તો અહીં કરતા નથી પણ એટલી નાની નોંધ કરવી જોઇએ કે, મૂડીવાદ અને મુક્ત બજારની દોટમાં અમીર-ગરીબ વર્ગ વચ્ચે તો અંતર છે જ અને વધતું જાય છે. મધ્યમવર્ગ વધ્યો છે અને એની મહત્વકાંક્ષાઓ પણ વધી છે પણ એનાં શોષણનું ચરિત્ર ‘શ્રમિક’નું જ રહ્યું છે. એનો અભ્યાસ એ જ રીતે થવો ઘટે.

‘સમાનતા’ એ લોકશાહીનો પાયાનો સિદ્ધાંત છે. પરંતુ આપણે ત્યાં હજી એ હાંસલ નથી થયો તો પછી આધુનિકતાનું તો નામ જ શી રીતે લેવાય?

## ઓળખનું રાજકારણ

આપણા દેશની લોકશાહી એ રીતે રચાઇ છે કે લોકોનું ઘડતર ‘નાગરિક’ તરીકે થવાને બદલે અમુક-તમુક સમુદાય-જ્ઞાતિ-જાતિના પ્રતિનિધિ તરીકે થતું રહ્યું છે. એક તો, અનુઆધુનિક વિદ્વાનો દ્વારા થતો પર્યાવરણ-પ્રાકૃતિક સ્રોતોના બચાવના નામે થતો એકપક્ષી વિરોધ જવાબદાર છે; તો એ જ અનુઆધુનિકતા એક નવા પ્રકારનું રાજકારણ લઇને આવી છે તે બીજું મહત્ત્વનું પરિબળ છે. આ છે **‘અસ્મિતા-ઓળખનું રાજકારણ’**. જેમ કે ‘મહિલા’ ઓળખ, ‘દલિત’ ઓળખ, અમુક-તમુક જાતિ / સમુદાયની ઓળખ આગળ ધરીને એના જ પ્રશ્નો અને એની જ ઉન્નતિને મહત્વ અપાતું થયું છે. આને કારણે નાના નાના સમુદાયો ટુકડામાં વહેંચાઇને પોતપોતાના અધિકારોના આંદોલનને પણ ટુકડામાં તોડતાં થયાં છે. પરસ્પર સંવાદને બદલે પોતપોતાના સંકુચિત વર્તુળોમાં રહીને અલગાવને બહાલી આપતા થયા છે. તદુપરાંત આપણું ચૂંટણીલક્ષી રાજકારણ પણ આ જ ‘ઓળખના રાજકારણ’ ઉપર ચાલે છે, એ વળી તેનાથી મોટી કરુણતા છે.

## ધર્મનિરપેક્ષતા

આપણા દેશમાં ધર્મનિરપેક્ષતાના મૂળ અર્થ સાથે બાંધછોડ કહો કે, છેડછાડ કરીને 'સર્વધર્મ સમભાવ' જેવું સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે. આનો મૂળ અર્થ આપણે જોઇ ગયા તેમ - રાજ્ય (સ્ટેટ)ને ધર્મ-ધાર્મિકતા-વિધિઓ-ધર્મગ્રંથો-ધર્મગુરૂઓથી તદ્દન અલગ રાખીને રાજ્યતંત્ર ચલાવવું - તે છે. પણ, આપણા દેશમાં તો રાજકીય, સામાજિક સાંસ્કૃતિક તમામ ક્ષેત્રોમાં ધર્મશ્રદ્ધાને લગભગ અફર અને અચળ મહત્વ આપી દેવામાં આવ્યું છે. આધુનિકતાના પ્રાણ સમા વૈજ્ઞાનિક અભિગમથી જીવન અને જગતને જોવા-જાણવાના ગુણલક્ષણને, ઈશ્વરના હસ્તક્ષેપનો ઈન્કાર કરીને માનવના કર્તૃત્વને મહત્વ આપવાના ગુણલક્ષણને તો સાચા અર્થમાં દેશનિકાલ કરવામાં આવ્યો છે. ખરેખર તો, ધર્મનિરપેક્ષતાનો બે રીતે અભ્યાસ થવો જરૂરી છે,

1. પ્રજાકીય ઘડતરમાં, પ્રજાના 'નાગરિક' તરીકેના ઘડતરમાં ધર્મનિરપેક્ષતા, બિનસાંપ્રદાયિકતાની જરૂર.
2. રાજ્ય અને ધાર્મિકતાને અલગ રાખીને, નિશ્ચિત કરેલી રાજ્ય વ્યવસ્થા.

જયારે જયારે આધુનિકતાની તરફેણમાં, ઈશ્વરનો ઈન્કાર, ભૌતિકવાદનું મહત્વ કે માનવીય કર્તૃત્વના મુદ્દાને આગળ ધરવામાં આવે છે ત્યારે, આપણા કેટલાક સમાજશાસ્ત્રીઓ, નેતાઓ, સંસ્કૃતિ-રક્ષકો જોરશોરથી દલીલ કરતા હોય છે કે, આપણો દેશ બહુધર્મી દેશ છે, શ્રદ્ધાળુ લોકોનો દેશ છે, આપણે ત્યાં પશ્ચિમની આધુનિકતાનું મોડેલ ના ચાલે અને પશ્ચિમની ધર્મનિરપેક્ષતાનું મોડેલ પણ ના ચાલે.

## કેટલાંક ઐતિહાસિક તથ્યો

આવા દાવા-દલીલો સામે આપણા દેશના ઇતિહાસનાં કેટલાંક પાનાં





ખોલીને પુરાવા આપવાની જરૂર છે. અનેક દેવો-ધર્મ-સંપ્રદાયો ધરાવતા આ જ દેશમાં, બ્રાહ્મણધર્મ અને વર્ણવ્યવસ્થા સામે વિદ્રોહ ઉઠાવવામાં આવ્યો હતો. આપણને ખ્યાલ હશે કે આજથી અઢી-ત્રણ હજાર વર્ષ પહેલાં, જૈન ધર્મ અને બૌદ્ધધર્મની વિચારણા ફેલાઇ, લોકપ્રિય બની અને જે તે ધર્મોની સ્થાપના પણ થઇ. આ બંને ધર્મોએ ઈશ્વરનો ઈન્કાર કરીને, માનવો જ પોતાનાં જીવન-કાર્યથી 'તીર્થંકર' કે 'બુદ્ધ' બની શકે - શ્રેષ્ઠતા પામી શકે એવા સિદ્ધાંતોનો પ્રસાર કર્યો. સાંખ્યયોગ, અનેકાંતવાદ, નિરીશ્વરવાદ જેવી તત્વજ્ઞાનની શાખાઓ પણ ફેલાઇ.

વળી આનાયે વિરોધમાં ચાર્વાક નામના જ્ઞાનીએ 'લોકાયતવાદ'નો પ્રસાર કર્યો, જે તત્કાલીન 'ભૌતિકવાદ' હતો. ચાર્વાકે તો જૈન અને બૌદ્ધ ધર્મની વધુ પડતા ત્યાગ-વૈરાગ્યની વિચારધારાનો પણ વિરોધ કર્યો. માનવીય ભેદભાવો અને ધર્મભીરૂતા, જડ કર્મકાંડો અને ભોળી શ્રદ્ધાનો પણ વિરોધ કર્યો. જીવનમાં સુખની પ્રાપ્તિ અને ભોગવાદની એની વિચારધારા જાણે અઢી હજાર વર્ષ પહેલાંની આધુનિકતા અને પ્રગતિશીલતાની ઝાંખી કરાવે છે.

આ તથ્યો યાદ કરાવવાનો એક જ હેતુ છે કે એવું નથી કે દેશમાં, કર્મકાંડ-ધર્મકાંડ-જ્ઞાતિવાદનો વિરોધ જ નહોતો થયો. બલ્કે તે એવો અને એવી રીતે થયેલો કે પુરાતનપંથીઓને પણ ડર લાગ્યો હશે. અફસોસની વાત એ છે કે, મધ્યકાળમાં જ બૌદ્ધધર્મની સામે, બ્રાહ્મણો અને એમના અનુયાયીઓ એવા ક્ષત્રિયો-રાજાઓએ હિંસક હુમલા કર્યા. બૌદ્ધ વિહારો, બૌદ્ધ ગ્રંથો સળગાવ્યા, કેટલાક સાધુઓની પણ હત્યા કરી. અંતે બૌદ્ધધર્મને આ દેશમાંથી ભગાડયો ને નબળો પાડી દીધો.

જો કે, જૈનધર્મની આવી અવદશા ન કરી શક્યા પણ જૈનધર્મે જ એક પ્રકારની શરણાગતિ સ્વીકારી લીધી એમ કહી શકાય. એક તો, એમના 'શ્રેષ્ઠ માનવો' -તીર્થંકરો- 'ભગવાન' બની ગયા, એમના પૂજાપાઠના કર્મકાંડ શરૂ થયાં અને પેલી તાર્કિકતાની ધાર બુઠ્ઠી બની ગઇ. આચાર

અને વિચાર -બંનેમાં, જૈનધર્મ બ્રાહ્મણધર્મની 'સર્વસમાવેશી નીતિ' (ઈન્ક્લુઝીવ પોલિસી)નો ભોગ બન્યો એમ કહી શકાય. ટકી રહેવા માટે કરેલા સમાધાને જૈનધર્મ સાથે સંકળાયેલી બુદ્ધિનિષ્ઠાનો છેદ ઉડાડી નાખ્યો.

ત્યાર પછી, લાંબા ગાળે છેક ઓગણીસમી સદીના આરંભે -અંગ્રેજોએ આણેલા જ્ઞાનપ્રકાશની લગભગ સમાંતરે -દયાનંદ સરસ્વતીએ રૂઢિવાદી અને કર્મકાંડથી ભરપૂર બ્રાહ્મણધર્મ -જેને આપણે 'હિંદુધર્મ' કહીએ છીએ -ની સામે તાર્કિક રીતે વિરોધ કરીને નવી વિચારધારા અને નવા સમાજ 'આર્યસમાજ'ની શરૂઆત કરી. પણ અહીં માત્ર કર્મકાંડ અને વિવિધ સંપ્રદાયો તેમજ, મૂર્તિપૂજાનો વિરોધ હતો, બાકી તો 'ધર્મ સામે ધર્મ' જ હતો, અને આગળ જતાં આ આર્યસમાજે રાષ્ટ્રનિર્માણમાં હિન્દુધર્મ - વૈદિકધર્મનો દૃઢપણે પક્ષ લીધો હતો.

આ મુદ્દાઓ બતાવે છે કે, 'નાગરિક' તરીકે આપણું ઘડતર કરવામાં બુદ્ધિનિષ્ઠા, તાર્કિકતા કે વૈજ્ઞાનિક અભિગમનો કોઈ આધાર જ લેવામાં નહોતો આવ્યો, બલ્કે એ જ જૂની કેડી ઉપર આપણે ચાલતાં આવ્યાં છીએ. આપણા દેશની પ્રાચીન-મહાન સંસ્કૃતિમાં બધું જ હતું -એ ગુમાન પણ ખરું જ.

આવી માનસિકતાને પોષતી હોય તેવી એક સિદ્ધાંતશ્રેણી આજકાલ કેટલાક સમાજશાસ્ત્રીઓ-સંસ્કૃતિચિંતકો ચલાવી રહ્યા છે કે પશ્ચિમની આધુનિકતાનું મૉડેલ છોડો- 'આધુનિકતા' તો આપણે ત્યાં ઠેઠ મધ્યકાળથી શરૂ થઈ ગઈ છે. આ વિચારકો કહે છે કે, આપણા દેશના 'ભક્તિયુગ'માં (ઇ.સ. 16થી 18મી સદીમાં) સંતો-ભક્તો-કવિઓએ સમાજનાં દૂષણો સામે બંડ પોકાર્યું હતું, કર્મકાંડની મજાક ઉડાવી હતી અને સાંપ્રદાયિકતાની ઘોર ટીકા કરી હતી. આવા વિદ્રોહી સંત -ભક્તો-કવિઓ તરીકે કબીર, નાનક, નરસિંહ મહેતા, મીરાંબાઈ, ગોરા કુંભાર, જનાબાઈ, દક્ષિણના આલ્વાર સંતો, બશવેશ્વર, મહારાષ્ટ્રના નામદેવ, તુકારામ અને વારકરી ભક્તો જાણીતાં છે. અલબત્ત, આ સર્વેએ પોતપોતાના સમયમાં બ્રાહ્મણધર્મ





સામે સામા પ્રવાહે સંઘર્ષ કરેલો. રૂઢિવાદીઓનો ઈશ્વર મોટાં મંદિરોમાંથી ગામેગામ ફરતા ભક્તકવિઓના કંઠે વસેલો. ધાર્મિકતાને અને આધ્યાત્મિકતાને કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓના એકાધિકારમાંથી મુક્ત કરીને સાર્વજનિક બનાવી. ધર્માભિમાનના ચૂરેચૂરા કર્યા... પણ એમને 'આધુનિક' શી રીતે કહેવાય? એમણે ઈશ્વરનો ઈન્કાર નથી કર્યો, માનવીય કર્તૃત્વનો મહિમા પણ નથી કર્યો, આધિભૌતિકને પડકાર્યું નથી કે ભૌતિકનો સ્વીકાર નથી કર્યો. એમણે અંધશ્રદ્ધા અને જડવાદને પડકાર્યો છે. પારંપરિકતાનો વિદ્રોહ કર્યો છે, એ જરૂર માનપૂર્વક નોંધી શકાય. વળી આ સંતો-ભક્તો તત્કાલીન રાજ્યાશ્રયથી દૂર રહ્યાં હતાં અને 'આમ ઈન્સાન' હતાં ને 'આમ ઈન્સાન'નું ગૌરવ કરતાં હતાં એ એમનું સૌથી મોટું સકારાત્મક પ્રદાન કહી શકાય. ટૂંકમાં, આ રાહે ગાંધીજી જેને 'બિનસાંપ્રદાયિકતા' કહેતા હતા તેવો કોઈ 'માનવધર્મ' જરૂર સ્થાપી શકાયો હોત.... પણ આજે હકીકતોનું વરવું રૂપ જોતાં, ધર્મની રોજિંદા જીવન ઉપરની મજબૂત પક્કડ જોતાં, એમાંનાં જ એક -અખા ભગતની વાણી યાદ કરવી પડેઃ "કથા સુણી સુણી ફૂટયા કાન તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન!"

કદાચ, આ દેશની સંસ્કૃતિ જ આ રીતે ઘડાઈ છે કે જેમાં બુદ્ધિનિષ્ઠા, તાર્કિકતા, વૈજ્ઞાનિક અભિગમ, માનવાર્થ, સમાનતા જેવા આધુનિકતાનાં ગુણ-લક્ષણોને 'પ્રારબ્ધવાદ'અને 'ઈશ્વરેચ્છા' હંફાવતાં રહે. 'નાગરિક'ને બદલે 'શ્રદ્ધાળુઓ' જ આ લોકશાહીને ચલાવતા રહે.

## ધર્મનિરપેક્ષ રાજ્યની વિભાવના

બની શકત કે રાજ્યે પોતાનું ચરિત્ર વધુ પરિપક્વતાથી અને પ્રગતિશીલ મૂલ્યો સાથે કર્યું હોત તો નાગરિકોનું ઘડતર પણ નવી રીતે થાત.

ઓછામાં ઓછું, સૌ પ્રથમ તો અંગ્રેજોના આગમન પછી મળેલા જ્ઞાનપ્રકાશ સમયે આવું ઘડતર થવાની શક્યતા હતી. પણ ત્યારેય પ્રયત્નો અધકચરા

રહ્યા, અડધીપડધી સમજણવાળા રહ્યા અને રાજ્ય તરફથી પણ છૂટાછવાયા 'સુધારક કાયદા' આપવા સિવાય કોઇ ગંભીર પગલાં ના લેવાયાં. 1858માં પ્રજાને થાબડવાના આશયથી વિક્ટોરિયા રાણીએ ઢંઢેરો પિટાવેલો કે અંગ્રેજોએ આ દેશની ધર્મ-સંસ્કૃતિની બાબતોમાં હસ્તક્ષેપ ન કરવો. આ રાજનીતિએ પણ કદાચ વ્યાપક સુધારાને પણ થતા અટકાવી દીધા.

આગળ જોયું તેમ, સ્વાધીનતા-સંગ્રામનો નક્શો ગાંધીજીએ દોરી આપ્યો અને આપણે 'ગાંધીચીંધ્યા માર્ગે' દેશની રાજનીતિને દોરતાં ગયાં. 'રામનામે' અંગ્રેજો સામે લડવાની હિંમત આપી હશે પણ દેશ આઝાદ થયો ત્યારે એ રામ-રહીમ એવા તો અલગ થયા કે આજ સુધી એના અલગાવનાં લોહિયાળ ફળ આપણે વેઠી રહ્યાં છીએ. ગાંધીજીએ આ દેશની પુરાણી તાસીર મુજબ 'સર્વધર્મસમભાવ'ની વિચારધારા અને આચારસંહિતા દૃઢ બને એવા પ્રયાસો કર્યા, તે પણ તત્કાલીન રાજકીય પરિબળોને કારણે કાચા ને ટાંચા સાબિત થયા. ભારતના ભાગલા પડયા તે અરસામાં ગાંધીજીના વિચારોને મળેલી નિષ્ફળતા અને એમની છેલ્લા દિવસોની હતાશા પૂરવાર કરે છે કે ક્યાંક 'રાજ્ય' વિશેની પરિકલ્પનામાં જ ચૂક રહી ગઇ હતી.

સ્વતંત્ર ભારતમાં નહેરૂ-આંબેડકરની ધર્મનિરપેક્ષતા અપનાવવામાં ના આવી. બંધારણમાં લખાયેલા 'બિનસાંપ્રદાયિકતા' શબ્દનું અર્થઘટન પણ એટલું ઢીલુંઢાલું રહ્યું કે 'રાજ્ય'નું ચરિત્ર બદલવામાં એનો કોઇ ગંભીર પ્રભાવ ન પડયો. શરૂઆતથી જ બિનસાંપ્રદાયિકતાના એ વચનનો ભંગ કેવી રીતે થવા માંડયો, એને માટે સોમનાથ મંદિરના જિર્ણોદ્ધારનું ઉદારહરણ પૂરતું થઇ પડશે!

## સોમનાથનો જિર્ણોદ્ધાર અને રાજ્યનું ચરિત્ર

આપણે જાણીએ છીએ કે, સ્વતંત્રતા સમયે દેશી રાજા-રજવાડાંને ભારતીય ગણતંત્રમાં ભેળવવા માટે, સરદાર પટેલ, કનૈયાલાલ મુનશી અને





ભારતીય સેના (આર્મી) ને ખાસો પ્રયત્ન કરવો પડેલો. મોટાભાગનાં રજવાડાં તાત્કાલિક ભળી ગયાં, પણ જૂનાગઢના નવાબ અને હૈદ્રાબાદના નિઝામનાં રાજ્યોમાં ભારતીય સરકારે બળપ્રયોગ કરવો પડયો. છેવટે આ બંને રિયાસતો પણ ભારતમાં ભળી ગઇ. અને પેલી તરફ એક આખેઆખો દેશ -પાકિસ્તાન-ઇસ્લામિક બની ગયો.

પોતાને ઇતિહાસ અને સંસ્કૃતના વિદ્વાન તરીકે સ્થાપનાર સાહિત્યકાર-રાજનીતિજ્ઞ કનૈયાલાલ મુનશીએ આખી સ્વતંત્રતાની ઘટનાને 'હિંદુઓનો વિજય' માન્યો અને કહ્યું કે સોમનાથના પતન પછી વારંવાર વિદેશીઓ અને વિધર્મીઓના ગુલામ બની ગયેલા દેશને આખરે મુક્તિ મળી છે અને તેનો ઉત્સવ ઉજવવો જ જોઇએ. ઇ.સ. 1025માં સોમનાથનો ધ્વંસ થયેલો ને ભારતની પરાધીનતા શરૂ થયેલી, હવે એ જ 'સોમનાથ' મંદિરનું પુનઃનિર્માણ આપણા વિજયનું પ્રતીક બની શકે.

પોતાનો આ નિર્ણય તેમણે, દેશના તત્કાલીન નાયબ વડાપ્રધાન સરદાર પટેલને જણાવ્યો. સરદાર, મુનશી અને કેટલાક રાજવીઓએ સોમનાથનાં જૂનાં ખંડેરોની યાત્રા કરી અને સંકલ્પ કર્યો કે અહીં જ નવા સોમનાથ મંદિરનું નિર્માણ કરીશું. '49 થી '51 દરમ્યાન, પ્રસ્તાવ પસાર થયો, રજવાડાંનું અઢળક ધન મળ્યું અને મંદિરનું બાંધકામ શરૂ થયું. 1951ના મે મહિનામાં મંદિરના શિલારોપણ વખતે મુનશી વગેરેએ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂને નિમંત્રણ આપ્યું. ત્યારે નહેરૂએ પેલાં જગપ્રસિદ્ધ વાક્યો તરતાં મૂકેલાં. "મારા આઝાદ હિંદુસ્તાનમાં મંદિરો નહીં, બંધો, કારખાનાં, શાળાઓ નવાં તીર્થધામ છે. ભારત ધર્મનિરપેક્ષ રાજ્ય છે. એનો વડાપ્રધાન કોઇ એક ધાર્મિક તીર્થધામને આ રીતે બહાલી આપી શકે નહિ." પણ આ વચનોની ઐસીતૈસી કરીને તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુને આ પ્રતિષ્ઠા મહોત્સવનું ધર્મકાર્ય વિધિસર કરવાનું સન્માન આપવામાં આવ્યું.... તો, આ ચરિત્ર હતું ભારતીય રાજ્યનું અને તેના બંધારણમાં વર્ણવેલી બિનસાંપ્રદાયિકતાનું.

આ જ ચીલે ચીલે પછી તો આ દેશનું 'રાજ્ય' ચાલતું રહ્યું છે. એ પછી 'બાબરી મસ્જિદ'ની વિવાદાસ્પદ ઇમારતનું તાળું તોડવાનું હોય કે હજ માટે સબસિડી આપવાનું હોય, અમરનાથના યાત્રીઓને આર્થિક સહાય આપવાનું હોય કે મંદિરોના/ધર્મસ્થળોનાં ટ્રસ્ટમાં રાજ્યના પ્રતિનિધિઓની સામેલગીરી હોય.... આપણા રાજ્યનાં વલણો-વર્તનો-વિચારો-પ્રચારો.... કશું જ કશું 'ધર્મનિરપેક્ષ' રહેવા પામ્યું નથી.

આ માત્ર 'થોડાંક' ઉદાહરણો નથી. રાજ્યે પાડેલો એક ચીલો છે. જે માર્ગે હવે તો દેશના પ્રત્યેક પ્રાન્તમાં ધર્મસ્થળો, ધાર્મિક તહેવારો, ઉજવણીઓ વગેરે રાજ્યની સીધી સામેલગીરી સાથે જ થતાં હોય છે. એટલું જ નહિ, મોટાભાગના -તમામ- રાજકીય સમારંભો પ્રાર્થના આદિથી જ શરૂ થતા હોય છે. જાણે કે, દેશના બંધારણે આપેલા એક મૂલ્યની આપણી શાસન વ્યવસ્થામાં કોઇ કિંમત જ નથી. એટલું જ નહિ, સરેઆમ તેનો ભંગ થઇ રહ્યો છે છતાં તેના ઉપર રોકટોક કરવાની નૈતિકતા પણ ક્યાંય નથી. જાતભાતના ધર્મ-સંપ્રદાયોની ભીડભાડમાં 'નાગરિક ધર્મ' સદંતર ભૂલાતો-ભૂંસાતો જશે?!

સમાનતા, ધર્મનિરપેક્ષતા પછી, જ્ઞાનપ્રકાશનું ત્રીજું મહત્વનું મૂલ્ય હતું 'માનવ કેન્દ્રિતા'. ભારતીય સંદર્ભમાં આ એક પડકાર છે. પરાપૂર્વથી 'માનવતા'ની વાત, 'માણસાઇ'ની વાત ચોક્કસ થતી આવી છે પણ સમાજ-રાજકારણ-અર્થકારણ-સંસ્કૃતિના કેન્દ્રમાં માણસ / વ્યક્તિને મૂકવાની કે તેને મહત્ત્વ આપવાની વાત આપણે કરતા નથી.

આપણે 'લોકો'ની અને 'સમુદાય'ની વાત કરીએ છીએ. આપણી લોકશાહી ચૂંટણીઓ પણ આવા સમુદાયવાદને ઉજાગર કરે છે. નાત-પેટાનાત, મહોલ્લા-ગામ-પ્રદેશ-રાજ્ય-બધું સમુદાયકેન્દ્રી છે. આપણી કુટુંબવ્યવસ્થાથી જ સમુદાયનો દાયરો શરૂ થાય છે. સંયુક્ત કુટુંબવ્યવસ્થાને ચડિયાતી ગણવામાં આવે છે. આ સમુદાયવાદનાં બે ભયસ્થાનો છેઃ એક તો સમુદાયના વડાની સત્તા લગભગ એકહથ્થુ અને અહંકેન્દ્રી રહે





છે. આવી 'વડીલશાહી'માં વ્યક્તિઓ મૂંઝાય છે, મુરઝાય છે, ગૂંગળાય છે. આ માત્ર કૌટુંબિક વડીલશાહીથી અટકતું નથી. સમાજના તમામ ક્ષેત્રે, વડીલ વ્યક્તિઓ ડગલે ને પગલે માર્ગદર્શન આપવા, ટોકવા, શિખામણ આપવા અને પોતાની રૂચિઓને બીજાઓ પર લાદવા તૈયાર જ હોય છે. આમાં વ્યક્તિની મરજીને કદી પૂછવામાં આવતી નથી. પરિણામે, વ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર-જે આધુનિક સમાજનું મુખ્ય લક્ષણ છે - તેનો ભંગ થતો રહે છે અને તેની સભાનતાને પણ નકારવામાં આવે છે. વ્યક્તિગત અધિકારો, વ્યક્તિત્વની ખીલવણી, વ્યક્તિગત સુખ-સુવિધા.... બધાંને ટીકાની દૃષ્ટિએ જોવામાં આવે છે. સમાજ અને વ્યક્તિ વચ્ચેની આ ખેંચતાણ પૂર્વઆધુનિક માનસિકતા છે.

'વ્યક્તિવાદ' કે 'માનવકેન્દ્રિતા'નો એક બીજો અર્થ પણ છેઃ સૃષ્ટિના સર્જન અને સંચાલનમાં, માનવજીવનની ઉત્ક્રાંતિ, વિકાસ અને ઉન્નતિમાં; અરે, સુખ ને દુઃખમાં પણ -કોઇ દૈવી તત્વ, ઇશ્વર કે આધિભૌતિકનો હાથ નથી. પ્રકૃતિના ઉત્ક્રાન્તિમાં માનવનું સર્જન થયું છે અને વનમાનવીથી માંડીને એકવીસમી સદીના માનવ સુધીની યાત્રા માણસે પોતે, પોતાના સ્વબળે કરી છે અને અવનવી સિદ્ધિઓ હાંસલ કરી છે. હવે વિચારો, આપણા દેશમાં 'માનવ'ના આ ચરિત્રની વાત આગળ ધરીએ તો અચૂક હાહાકાર મચી જાય છે. 'અહંકારી' -'ઘમંડી' -'સ્વાર્થી' -'એકલપેટા'... જેવાં અનેક અપશબ્દોથી વ્યક્તિકેન્દ્રીતાને વખોડવામાં આવે છે અને સૌથી વધારે તો ઇશ્વરના ઇન્કારનું પાપ, નાસ્તિકતા તો સામાજિક અપરાધ છે અને એ કોઇ પણ વ્યક્તિને ઉતારી પાડવા માટે હાથવગો આક્ષેપ બને છે.

### વૈશ્વિકતા-કોસ્મોપોલિટાનિઝમ

આધુનિકતાએ સમાજ-અર્થવ્યવસ્થા વગેરેની નાનીમોટી દીવાલો તોડી, વૈશ્વિક મૂડીવાદે એને ટેકો આપ્યો અને 'વિશ્વ' એક 'ગ્રામ' બની ગયું એમ કહેવાય છે. સમૂહસંચારના માધ્યમોએ એને વેગ આપ્યો. (ટેલિફોન,

મોબાઈલ, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ આદિ). એ એક પ્રકારની વૈશ્વિકતા થઇ. આધુનિક સમયમાં -આજકાલ- આ સંચાર માધ્યમોથી દુનિયાના એક ખૂણે બનતા બનાવોની જાણ ગણતરીની સેકન્ડોમાં જગતભરમાં ફેલાઇ શકે છે. પણ આ બનાવોમાં જો અન્યાય-અત્યાચારની ઘટનાઓ હોય તો તેનો તરત વિરોધ કરી શકાય છે, અભિપ્રાયો આપી શકાય છે, સહી-ઝૂંબેશ કરી શકાય છે, કંમ્પ્યૂટર-આંદોલન છેડીને ન્યાયાલય સુધી મુદ્દાને પહોંચાડી શકાય છે, અને સૌથી વધારે તો પ્રચંડ પ્રમાણમાં જનજાગૃતિ કરીને લોકઆંદોલનો પણ શરૂ થઇ શકે છે -સફળ થઇ શકે છે. તાજેતરનું સકારાત્મક ઉદાહરણ છે 'ઇજિપ્તમાં વસંત'.

આ એ જ પ્રકારની વૈશ્વિકતા છે જે જ્ઞાનપ્રકાશ યુગમાં યુરોપના પ્રબુદ્ધ ચિંતકોએ પ્રેરી હતી અને એના દ્વારા યુરોપભરમાં એ લોકો સામાજિક ન્યાય માટે જાગૃત થતા હતા ને જાગૃત કરતા હતા. ભલે ત્યારે સમૂહસંચાર માટેનાં ઇલેક્ટ્રોનીક્સનાં સાધનો નહોતાં પણ લેખન અને વક્તવ્યથી પ્રબુદ્ધોએ આવી વિશાળ મનની વૈશ્વિકતા કલ્પી હતી -સર્જી હતી અને સફળ બનાવી હતી. 'નાગરિકત્વ'ની આ ઊંચી ઊડાન હતી. સરહદોને વળોટી જતી જાગરૂકતા હતી.

આ વૈશ્વિકતાએ જાતિ-વંશ-પ્રદેશ-પ્રાંત-દેશની દિવાલો તોડી હતી. 'વ્યક્તિ મટીને વિશ્વમાનવી' થવાની કેડી કંડારી આપી હતી. સંકુચિતતાનો સદંતર લોપ હતો - માનવકેન્દ્રિતાના વિસ્તરતા જતા પરિઘની આ વાત હતી.

ભારતીય સંદર્ભમાં વૈશ્વિકતાનો પેલો 'વિશ્વ-ગ્રામ'માં ફેલાઇ જવાનો અર્થ કદાચ શહેરી-શિક્ષિત-સંપન્ન લોકો પૂરતો સાર્થક હોઇ શકે. એક તાજગી લઇને આવેલો આ જુવાળ આધુનિકતાનો થનગનાટ જરૂર પ્રગટ કરે છે. પણ જનસાધારણ-મધ્યમવર્ગ-નાનાં શહેરો-ગ્રામીણ વિસ્તારનાં પ્રજાજનો માટે એ સુલભ છે ખરું?





પણ આપણી ચિંતા તો પેલા વિશ્વમાનવીની વૈશ્વિકતાના અભાવની છે. છેલ્લાં થોડાં વર્ષોમાં, ઓળખના સમાજકારણ અને રાજકારણે અને અસ્મિતાના શંખ ફૂંકતા સંસ્કૃતિકારણે સંકુચિતતાને જ વધારી મૂકી છે, એ કબૂલવું રહ્યું. આપણે જ્ઞાતિ-જાતિ વગેરેની સંકુચિતતામાં નવેસરથી ફસાઇ રહ્યાં છીએ. ભાષાવાદ અને પ્રાંતવાદ એટલાં વકર્યાં છે કે હિંસાખોરી લગભગ રમખાણોનું રૂપ લેવા માંડી છે. આ કે તે પ્રાન્તનાં લોકોને 'બહારનાં' કહીને એમની રહેણીકરણીની ટીકા કરવી, મજાક કરવી, એ લોકોને 'રોજી-રોટીનાં છીનવનારાં' કહેવા, ઘૂસણખોર કહેવા... એ તો રોજબરોજની અને સર્વસાધરણ બાબત બની ગઇ છે. બીજી તરફ ઓળખના રાજકારણે આપણી વ્યાપક સંવેદના બુઠ્ઠી કરી દીધી છે અને બીજાની સમસ્યાઓ પ્રત્યે બેધ્યાન-બેદરકાર-બેજવાબદાર બનાવી દીધાં છે. ''આપણા જેવા'' નહિ તે ''પારકા'' -આ 'અધર'ની માનસિકતાને લીધે વૈશ્વિકતા તો દૂર.... માનવતાથી પણ આપણે દૂર થતાં જઇએ છીએ.

યાદ રહે, આવી સંકુચિતતા હિટલરના 'યહૂદી-સંહાર'ને નોતરી લાવે છે. આપણા દેશની ધર્મ-સાંપ્રદાયિક હિંસા પણ આવા સંકુચિત વલણોને લીધે જ થતી હોય છે.

નવાઇની વાત તો એ છે કે, આપણે ગુજરાતીઓ તો સદીઓથી વેપાર માટે વિશ્વપ્રવાસ કરનારા. અનેક સભ્યતા-સંસ્કૃતિનો પરિચય મેળવનારા અને દુનિયાભરમાં ઠરીઠામ થઇને, સમૃદ્ધ પણ થનારાં.... છતાં, આટલી અસહિષ્ણુતા કેમ જોવા મળે છે! દા. ત. મુખ્યપ્રવાહની વિકાસ-યોજનાઓની ટીકા-સમીક્ષા કરીએ, રાજકારણની નીતિ-રીતિની ટીકા-સમીક્ષા કરીએ, પ્રગતિશીલ સાહિત્યકલાની પ્રશંસા કરીએ, સમાનતાવાદી રાજનીતિનો પક્ષ લઇએ.... તો તરત આક્ષેપ મૂકાય છે. ''આ તો ગુજરાત વિરોધી છે!'' સામાજિક ન્યાય, માનવીય ધારાધોરણો અને માનવ-અધિકારોના ભોગે પણ 'ગુજરાતીપણું' ટકાવી રાખવાનું?! તો

શું 'અસ્સલ' ગુજરાતીઓ 'વૈશ્વિકતા'ના આટલા વિરોધી છે?!

આ વલણ છેલ્લા થોડાં વર્ષથી પ્રબળ બનતું જાય છે, જે આમ તો, 'આધુનિક' યુગ કહેવાય છે! આ પણ આધુનિકતાને અવરોધનારૂં એક પરિબળ છે અને તેનો સામનો કરવાનો પડકાર પણ પ્રબળ છે.

## આત્મપ્રશ્નેયતા

વ્યક્તિ મટીને વિશ્વમાનવી બનવાની ઝંખના ધરાવતા ગુજરાતી ભાષાના કવિ ઉમાશંકર જોષીએ દેશને સ્વતંત્રતા મળી પછી તરત, એક કાવ્ય લખ્યું -કહો કે દેશના તમામ નાગરિકો સામે સવાલ મૂક્યો, સૌથી વધુ તો જાતને કઠેડામાં ખડી કરી દીધી અને વેધકતાથી પૂછ્યું

"દેશ તો આઝાદ થાતાં થઇ ગયો, તેં શું કર્યું?"

આ છે કડક આત્મપરીક્ષણ. આધુનિક માણસનું એક ખાસ લક્ષણ. કારણ કે, આધુનિકતાની એક શરત એ છે કે આ વિશ્વના સંચાલનમાં કોઇ દૈવીતત્ત્વ, ઇશ્વર, ભગવાનનો ફાળો નથી. માણસ વિશ્વના કેન્દ્રમાં છે અને જે કંઇ થાય છે તેની જવાબદારી માણસની છે -સારાંમાઠાં તમામ પરિણામો એનું કર્તૃત્વ છે અને એટલે જ, એ જે કંઇ વિચારે છે-આચરે છે તેને માટે તેણે સતત સતર્ક રહેવાનું છે, સજાગ રહેવાનું છે અને પળે પળે જાતને પ્રશ્નો પૂછતાં રહેવાનું છે. નિર્મમ રહીને જાતતપાસ કરવાની છે.

ભારતીય સંદર્ભ કહે છે કે, "બધું ઉપરવાળાના હાથમાં છે." "ધાર્યું ધણીનું થાય." "ઇશ્વરેચ્છા બલિયસી". "રામ રાખે તેમ રહીએ". "સબ કો સન્મતિ દે ભગવાન"... વગેરે... આવાં સેંકડો સૂત્રો-કહેવતો આપણા જીવનમાં વણાઇ ગયાં છે, જે આપણા સમાજની માનિસકતા પ્રગટ કરે છે. આમાં દૈવી તત્ત્વ ઉપરની અપાર શ્રદ્ધા ઉજાગર થાય છે, એ એક વાત છે અને એની પાછળ માણસ તરીકેની જવાબદારી લેવામાંથી છટકવાની પલાયનવૃત્તિ-ભાગેડુવત્તિ પણ છે. સમાજમાં બનતી ઘટના-દુર્ઘટનાઓ





ક્યાંક ને ક્યાંક માણસજાતની જવાબદારીઓ બને છેઃ યુદ્ધ, રમખાણો, હુમલા, અત્યાચારો, ભ્રષ્ટાચાર વગેરે તો દેખીતી રીતે માનવસર્જિત હોનારતો છે.... પણ ધરતીકંપ, સુનામિ જેવા બનાવો વખતે ને બનાવો પછી પણ માણસો બીજાં માણસો પ્રત્યે કેટલી અનુકંપાથી, સહાનુભૂતિથી, મદદ કરવાની ભાવનાથી વર્તે છે એ પણ મોટા સવાલો છે. જેમ કે, 2001માં ગુજરાતમાં ધરતીકંપ આવ્યો તે કુદરતી હોનારત હતી, પણ રાહત અને પુનર્વસન સુદ્ધામાં નાત-જાત-કોમ-ધરમના ભેદભાવો થયા હતા એ નોંધાયેલી હકીકતો છે. આવે વખતે ફરી ફરીને પૂછી શકાયઃ "તેં શું કર્યું?"

ફક્ત આ સંદર્ભે જ નહિ, જીવનમાં, સમાજમાં, રાજકારણમાં એવા વળાંકો પળે પળે આવે, જ્યારે જાતને પૂછવું પડે કે, આપણે કેટલા આધુનિક છીએ -કેટલા બુદ્ધિનિષ્ઠ છીએ -વૈજ્ઞાનિક દષ્ટિકોણથી ઘટનાઓને જોઇએ છીએ કે પછી શ્રદ્ધા-અંધશ્રદ્ધાથી? આપણે કેટલા સજાગ નાગરિક છીએ? કેટલા પ્રામાણિક છીએ? આપણા અધિકારો મેળવવા-ભોગવવા કેટલા સજાગ છીએ? કેટલો સંઘર્ષ કરવા તૈયાર છીએ? આપણે જ્યારે પોતાના અધિકારોની ચિંતા કરીએ છીએ ત્યારે બીજાના હક્કો વિશે વિચારીએ છીએ? બીજાને કેટલી 'સ્પેસ' (અવકાશ) આપીએ છીએ? ધર્મ-કોમ-જાતિ વગેરે મુદ્દે કેટલા સહિષ્ણુ છીએ?... આવા તો કેટલાયે સવાલો છે જે એક 'નાગરિકે' જાતને સતત પૂછવાના છે અને તેના જવાબ માટે તૈયાર રહેવાનું છે. થયેલી ભૂલોને સ્વીકારીને સુધારવાની કોશીશ કરવાની છે. જાતતપાસ અને આધુનિકતા નાગરિકના લોહીનો ગુણ બનવો જોઇએ તો જ, પેલી આગળ વાત થઇ તે- નાગરિકનું ઘડતર-પ્રજાનું ઘડતર-લોકશાહીનું ઘડતર થયું કહેવાય.

## શા માટે 'આધુનિકતા'?

આટલે સુધી પહોંચતાં આવો સવાલ પણ થાય કે, આપણા દેશમાં આપણે શા માટે આધુનિકતાનાં - જ્ઞાનપ્રકાશયુગનાં આ મૂલ્યોને આત્મસાત્

કરવાનો આટલો આગ્રહ રાખવો? કેમ, આપણે એ વગર પણ આપણી રીતે, ઈશ્વરને માથે રાખીને, માનવતા સાથે જીવીએ જ છીએ ને? સાચી વાત છે. જીવીએ છીએ, પણ આનાથી બહેતર રીતે જીવવા માટે જો જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો મદદરૂપ થતાં હોય તો? અને સામે પક્ષે એ પણ પૂછી શકાય કે, 'આપણી રીતે' જીવતાં જીવતાં આપણે જાતને પૂછવાની ચિંતા રાખીએ છીએ? એક તંદુરસ્ત, પારદર્શક લોકશાહી રાજ્યનું નિર્માણ થઈ શક્યું છે? આપણે ગમે એટલા 'સારા', 'ભલા' માણસો હોઈએ પણ બુદ્ધિનિષ્ઠ, પ્રમાણિક નાગરિકો છીએ? આ સવાલો અને તેના સાચા જવાબો જ કદાચ આપણને કહી શકશે કે આપણે આધુનિકતાના માર્ગે, નાગરિક થવાની કોશિશ કરવાનો સમય પાકી ગયો છે!





## પ્રકરણ - 8

# નવા નવા પડકારો

આપણે જાણીએ છીએ કે, આ દેશે આધુનિકતા દ્વારા મળેલા લાભોનો ભરપેટે ઉપયોગ પણ કર્યો છે અને ઉપભોગ પણ કર્યો જ છે, કરે પણ છે અને ભવિષ્યમાં પણ ભરપૂરપણે કરશે. યંત્રીકરણ-ઔદ્યોગિકીકરણ-સ્વાધીનતા-ન્યાયપરકતા.... તમામ ક્ષેત્રે વિશ્વના વિકસિત દેશોને પડખે બેસવાની સજ્જતા પ્રાપ્ત કરી છે અને હજુ પણ વધુ સજ્જ બનશે. આપણો વૃદ્ધિદર જે આંક વટાવી રહ્યો છે તે જોતાં 'વિકસિત' નહિ પણ 'વિકાસપ્રાપ્ત' દેશ બની રહ્યો છે. વિશ્વભરમાં ઊભાં રહેવાની એની ક્ષમતા પણ વધી છે - મહાસત્તા બનવાની મહત્વકાંક્ષા આવતી કાલે પૂરી થાય તો ના નહિ!

પણ, મૂળ સવાલ જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો હજી 'રાજ્ય'માં કે 'પ્રજા'માં આત્મસાત્ થયાં નથી, લોહીમાં ભળ્યાં નથી એનો છે. અવરોધક પરિબળો વિશે આપણે જોઈ ગયા પણ છેલ્લાં ત્રીસેક વર્ષમાં વળી જે હતાં તે અને ઉપરાંત બીજાં પણ એવાં પરિબળો ઊભાં થયાં છે ને ફેલાયાં છે જેણે લોકશાહી અને આધુનિકતા.... બંનેનાં સ્વરૂપો અને ભાવનાઓને ગૂંચવી માર્યા છે અને એ જ છે આ જમાનાના પડકારો. સૌથો મોટો પડકાર છે 'પ્રજા'નું 'નાગરિક' તરીકે સર્વાંગી-સમગ્રલક્ષી ઘડતર કરવાનો.

આ દેશની અર્થવ્યવસ્થા તો ખાસી મૂડીવાદી છે અને બજાર પણ વૈશ્વિક સ્તરે ધમધમે છે. કોઈપણ વિચારો અને મૂલ્યોનું આકર્ષક પેકેજીંગ કરીને વેચવાનો રસ્તો આપણે ત્યાં ખાસ્સો મોકળો થઇ ગયો છે. ઉપભોગની ચીજવસ્તુની સાથે સાથે એક તરફથી, કહેવાતી પશ્ચિમી ઢબછબ, ફેશન, સ્ટાઇલ, ભાષા, વલણો સાથેની જાહેરાતો તમામ પ્રકારનાં માધ્યમોમાં છવાયેલી રહે છે, કહેવાતી (ઉપરછલ્લી) આધુનિક જીવનશૈલી જાણે આ દેશે પૂરેપૂરી અપનાવી લીધી હોય એવો આભાસ ઊભો કરે છે. આ મુદ્દો 'આધુનિકતા' સાથે આવતી ઉપભોક્તાવાદની નીતિઓને છતી કરે છે, ઉપરાંત આધુનિકતાનું વરવું રૂપ પ્રગટ કરે છે જે ક્યારેક બેજવાબદારીભર્યું હોવાથી સામાજિક તંદુરસ્તી માટે સ્વીકાર્ય નથી બનતું.

... અને બીજી તરફ, આપણા દેશનાં તમામ વર્ગોની જીવનશૈલીમાં ધાર્મિકતા, અંધશ્રદ્ધા, ધાર્મિક તહેવારોના ગળાકાપ ખર્ચા, સામાજિક પ્રસંગોનો ઉડાઉ ઠાઠ - ભપકા, જૂનવાણી મૂલ્યો, પિતૃસત્તાત્મક વિચારો અને આચાર પરંપરાનો બેફામ મારો આ જ મીડિયા ઉપર ચાલતો રહે છે. ફક્ત મીડિયાનો દોષ શા માટે?.... આપણી જીવનશૈલીનું ત્યાં પ્રતિબિંબ પડે છે અને એના ઘેરા રંગો આપણી પારંપરિકતાને ઘૂંટે છે અને માનસિકતાને 'જૈસે થે' અવસ્થામાં જકડી રાખે છે.

આ દેખીતો વિરોધાભાસ આપણી દુવિધાયુક્ત - સ્કીઝોફ્રેનિક - માનસિકતા, જીવન પદ્ધતિ અને વિચારોની દરિદ્રતા સૂચવે છે. આટલાં બેવડાં ધોરણોથી જીવતા સમાજને તંદુરસ્ત કઇ રીતે કહેવાય? આવું **સાંસ્કૃતિક ત્રિશંકુપણું** છે આ નવા જમાનાનો પડકાર.

બીજી તરફ દેશમાં ઉત્પાદન પદ્ધતિ બદલાઇ છે. ઉત્પાદન વધ્યું છે. બહારના દેશો પાસે અપેક્ષા રાખવી નથી પડતી. છતાં ગ્રામીણ ભારતના કેટલાય વિસ્તારોમાં ખેતી પરંપરાગત રીતે થાય છે, બેન્કો વગેરે આવી ગયાં હોવા છતાં 'આમ ઇન્સાન' શાહુકારોના દેવાની ચુંગાલમાંથી પૂરેપૂરો મુક્ત નથી. શિક્ષણપ્રસારના ઢંઢેરા ધામધૂમથી પિટાય છે પણ હજી ઘણાય





ગ્રામીણ અને શહેરી ગરીબ વિસ્તારો શિક્ષણ-આરોગ્ય-રહેણાંક વગેરે પ્રાથમિક અધિકારોથી વંચિત છે. પછાત માનસિકતા અને આર્થિક અભાવોથી ગ્રસ્ત મોટો સમુદાય હજી અંધકારયુગમાં છે. બીજી તરફ દુનિયા ને દેશની આર્થિક વૃદ્ધિ કૂદકે ને ભૂસકે વધતી જાય છે. વર્ગભેદની ખાઇ ઊંડી થતી ગઇ છે. બજાર પડકારભર્યું છે અને પ્રજા અભાવોથી ટળવળે છે. આવી **આર્થિક ત્રિશંકુ સ્થિતિ** પણ આધુનિકતા સામેનો પડકાર છે.

યુરોપના જ્ઞાનપ્રકાશયુગમાં પ્રબુદ્ધ ચિંતકોનાં વિચાર-વાણી અને વર્તન સ્વાયત્ત હતાં. સત્તા સામે અવાજ ઊઠાવવાનો ડર ન હોતો. એમનાં સંશોધનો-પ્રવચનો-લેખનની સમાજ ઉપર વ્યાપક અસર રહેતી. પ્રબુદ્ધ ચિંતકો વિચાર-વિમર્શ-ચર્ચા માટે મુક્ત હતા અને પોતાના સમયના સામાજિક-રાજકીય સવાલોમાં હસ્તક્ષેપ કરતા હતા. સતત બૌદ્ધિક માહૌલ અને આધુનિકતાનાં મૂલ્યોને ફેલાવવાની સજાગતા એ સમયની ખાસિયત હતી.

યુરોપની ઓગણીસમી અને વીસમી સદીએ પણ ઘણા દેશોમાં રાજકીય-સામાજિક-આર્થિક ક્રાન્તિનો ઉદય જોયો. વૈચારિક અને સાંસ્કૃતિક પરિવર્તનો સંસ્કૃતિમાં ઝીલાયાં. કલાઓ-સિનેમા-સાહિત્ય વગેરે માધ્યમો દ્વારા નવા વિચારો ફેલાતા ગયા અને અસરકારક બનતા રહ્યા.

આપણા દેશમાં વર્ષોથી બૌદ્ધિક નેતાગીરી વેરવિખેર છે અને રાજકીય માહૌલ ભ્રષ્ટ. વૈચારિક ઉદારતા ફક્ત ઉપલા કહેવાતા વર્ગો સુધી જ સીમિત છે. આવડો મોટો વિસ્તાર ધરાવતા આ દેશમાં, આટલું બધું સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતા આ દેશમાં બૌદ્ધિક નેતાગીરીનો અભાવ છે કે જે નવાં મૂલ્યોનો, જ્ઞાન પ્રકાશનો પ્રસાર પ્રચાર અસરકારક રીતે કરી શકે. સંસ્કૃતિના નામે 'વેપાર' ચાલે છે -કહો કે 'સંસ્કૃતિ-ઉદ્યોગ' ચાલે છે જે પારંપરિક મૂલ્યોને દૃઢ બનાવે છે અને એ રસ્તે થોડીઘણી આવક પણ અપાવે છે તેથી આ અ-બૌદ્ધિક, અ-તાર્કિક, અ-વૈજ્ઞાનિક અને સંકુચિત

પ્રવૃત્તિઓમાં દેશ રમમાણ છે. આ પ્રકારની વિચાર-દરિદ્રતા અને સાચાં આધુનિક મૂલ્યો પ્રત્યેનું જડ - નકારાત્મક વલણ આપણા દેશમાં એક પ્રકારની સાંસ્કૃતિક કટોકટીનું નિર્માણ કરી રહ્યું છે. આ પરિસ્થિતિ પણ આધુનિકતા સામેનો પડકાર છે.

સરવાળે જોતાં, ભારતીય સંદર્ભમાં, આધુનિકતા અને જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો, મૂડીવાદી આર્થિકવ્યવસ્થા અને પૂર્વઆધુનિક મૂલ્યોથી ગ્રસ્ત સમાજવ્યવસ્થા, ખોટાં સાંસ્કૃતિક અભિમાનની ભ્રામકતા અને અદોદળી-પોકળ લોકશાહીનાં વમળોમાં ફસાયાં છે- અટવાયાં છે- ખોવાયાં છે. ભારતે પોતાની 'આધુનિકતા' ઘડવાને બદલે આધુનિકતા અને જ્ઞાન પ્રકાશનાં મૂલ્યોને કાં તો નકાર્યાં કે તિરસ્કાર્યા છે અને કાં તો મારીમચડીને વામણાં બનાવી દીધાં છે. અફસોસ તો એ વાતનો છે કે, દુરાવસ્થા વિશે કોઈ જાગૃતિ નથી, બલ્કે.... ઘેનભર્યું ગુમાન છે. સવાલ મોટો ને મોટો થતો જાય છે કે ખરેખર, આપણને- આપણા દેશમાં જ્ઞાનપ્રકાશનો અભાવ, આધુનિકતાનાં વિકૃત નહિ પણ સ્વસ્થ સ્વરૂપની ખામી સાલે છે ખરી?!

એક મહત્ત્વનો વિરોધાભાસ એ છે કે, આપણા દેશમાં 'લોકશાહી' એ ફક્ત એક રાજકીય પરિઘટના બનીને રહી ગઈ છે. 'લોકશાહી' સાથે સંકળાયેલાં મૂલ્યો આપણી સંસ્કૃતિમાં, સંસ્કારોમાં, જીવનશૈલીમાં ઓતપ્રોત નથી થયાં. અંગ્રેજોના સામ્રાજ્યવાદી શાસનનો એક લાંબા સંઘર્ષ પછી અંત આવ્યો. આપણે 'લોકશાહી'ની પસંદગી કરી અને તે પણ 'સેક્યુલર' લોકશાહી. યુરોપના જ્ઞાનપ્રકાશે જે સેક્યુલર વિચારધારાઓને ફેલાવીને માહૌલ ઊભો કરેલો, એવો કોઈ સેક્યુલર વિચાર કે કાર્યક્રમ પ્રતિબદ્ધતાપૂર્વક અખત્યાર કર્યો હોય કે એ વિચારસરણીને આપણી માનસિકતામાં ઓતપ્રોત કરવાની કોશિશ કરી હોય એવું નથી લાગતું.

નવું બંધારણ રચાયું, રાજયતંત્ર સક્રિય બન્યું. માળખાગત નવીનતા આવી પણ અંતરતત્ત્વ / આંતરિક રીતે આપણી પ્રાચીનતા અને અંશતઃ અર્વાચીનતાનાં આપણાં મૂલ્યોમાં અને કાર્યોમાં ઉજાગર થતી રહી.





હવે, આઝાદીના છ-સાડા છ દાયકા પછી આવું 'કલ્ચર' વિકસાવવાની તાતી જરૂર છે. પ્રાથિમક શિક્ષણથી શરૂઆત કરીને, સારીયે શિક્ષણ પ્રથા-પદ્ધતિ... તમામમાં લોકશાહી મૂલ્યો - જ્ઞાન પ્રકાશનાં મૂલ્યોનો સમાવેશ થાય તો આધુનિકતાનાં બીજ વવાય. સમૂહ માધ્યમો, સાહિત્ય, નાટક, ચિત્રકલા.... તમામ ક્ષેત્રે આયોજનબદ્ધ રીતે સક્રિય થવામાં આવે, તો આવું અભિયાન જરૂર શક્ય બને. બહુ થોડાં વર્ષો માટે, '50 થી '58 સુધીના ગાળામાં અને 'દૂરદર્શન'ની શરૂઆતના તબક્કામાં ('81... '85) થોડાઘણા અંશે નહેરૂની વિચારધારાને બહાલી આપતું થોડુંક કામ શરૂ થયેલું પણ આજકાલ તો 'દૂરદર્શન' તદ્દન બિનઅસરકારક બની ગયું છે અને બાકીની અસંખ્ય ચેનલો કાં તો આધુનિકતાનું વરવું સ્વરૂપ પ્રસારિત કરે છે, કાં તો કહેવાતી ભારતીય / હિંદુ સંસ્કૃતિનો બજારૂ પ્રચાર કરે છે. આ સ્થિતિને બદલવી હોય તો સાંસ્કૃતિક પરિવર્તન થવું જોઈએ.

'સાંસ્કૃતિક ક્રાન્તિ' શક્ય છે, વિચારધારાની સ્પષ્ટતા સાથે સાધારણ જન સમુદાયને સમજાય અને રસ પડે તેવાં વિવિધ માધ્યમો-સાધનો મારફતે સુવ્યવસ્થિત આયોજન થાય તો!

આવું આયોજન અને આવી પ્રતિબદ્ધતા આપણા બુદ્ધિજીવીઓ, કલાકારો, સર્જકો અને તંત્રની સામે એક પડકાર ઝીલવાનો મોકો ઊભો કરી શકે. આખરે આધુનિકતા એક વિચારસમૂહ (પેરેડાઈમ) છે, એનો પ્રચાર કરવામાં સંકોચ શાને?!

## પ્રકરણ - 9

# ત્યારે કરીશું શું?

-ના! માત્ર રાહ જોઇને બેસી ન રહેવાય, કે પછી આધુનિકતાની આ શોધયાત્રાને થાકીને અધૂરી મૂકીને હાર ના માની લેવાય. અધકચરી શોધયાત્રા મોટેભાગે મોટું નુકસાન વહોરે છે. મંઝિલ સુધી તો નથી જ પહોંચાડતી પણ મંઝિલ સુધી પહોંચવાની ઝંખનાને પણ મારી નાખે છે! પૂર્વ આધુનિક, સામંતી અને સંસ્થાનવાદી ભારતમાં ક્રાન્તિકારી પરિવર્તન માટે એક જુવાળ ઊઠયો હતો તે સ્વતંત્ર, મૂડીવાદી અને અડધા આધુનિક ને અડધા પૂર્વ આધુનિક ભારતમાં કંઇક અંશે શમી ગયો છે. આનો મતલબ એ હરગિઝ નથી કે પુરાણું ભારત આજના ભારત કરતાં સારૂં હતું. અહીં આપણે લોકોનાં જીવનધોરણ, એમની જિન્દગીઓની આમ હાલતની ચર્ચા કરવા નથી બેઠાં. આપણે અહીં આધુનિકતાના માર્ગે માનવસમાજ અને ભારતીય સમાજની યાત્રાનું વિશ્લેષણ કરી રહ્યાં છીએ. મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિની સરખામણીએ એમાં વિકાસની શક્યતાઓ વધારે રહેવાની. લોકશાહી ગમે તેટલી મર્યાદાઓ લઇને આવી હોય - જનવાદના નારાની બુલંદી એને એક જાતની તાકાત જરૂર પ્રદાન કરવાની. આધુનિકતા તરફ નિર્ણાયક રીતે આગળ વધવા માટે ભારતીય સમાજમાં આવશ્યક ઊર્જાનો સંચાર આજે એક એવો ઐતિહાસિક પડકાર બન્યો છે, જેને ઝીલવા માટે ઓછામાં ઓછી ત્રણ રણનીતિઓને





ધ્યાનમાં રાખવી પડશે.

1. ઉત્પાદન સંબંધો બદલવાનો સવાલ ભારતીય આધુનિકતાના ભવિષ્ય માટે પ્રાથિકતા ધરાવે છે. મતલબ કે 'શ્રમ' અને 'શ્રમજીવીઓ'ની વ્યાખ્યાનો વ્યાપ વધારવો પડશે. માત્ર ખેતરમાં-ખાણોમાં અને કારખાનાંમાં કઠોર શારિરીક શ્રમ કરનારને જ 'શ્રમજીવી' નહિ કહેવાય. કહેવાતા મધ્યમવર્ગીય કામો, વ્યવસાયો જેમ કે શિક્ષણ, વકીલાત, લેખનવ્યવસાય, આરોગ્ય સેવાઓ. જેવા 'વ્હાઇટ કોલર' મનાતા 'ઉજળાં કામો' પણ શ્રમની ગણતરીમાં આવશે. એ 'શ્રમિકો' પોતાના હક્કો માટે જાગૃત બનશે, સંગઠિત થશે અને સંઘર્ષ કરશે ત્યારે આ મુદ્દે બદલાવ આવશે. ભારતીય સમાજનો આવો 'બહોળો' શ્રમજીવીવર્ગ જયારે પોતાનાં 'વર્ગીય હિતો' સાથે આધુનિક સંસાધનો ઉપર પોતાનું પ્રભુત્વ ધરાવે અને નફામાં સમાન હિસ્સો મેળવે ત્યારે સમાનતાવાદી ઉત્પાદન સંબંધોની સરસાઇ કહેવાશે. આવા સમાનતાવાદી-સમાજવાદી માર્ગે ભારતીય સમાજની વર્ગીય ચેતના અને સદીઓથી ધરબાઇ ગયેલી ઊર્જા બંધનુમુક્ત થવાની શક્યતા છે. આ માટે આર્થિક અને રાજકીય પરિબળો સમજવાં અને માત્ર મુઠ્ઠીભર મૂડીદારો અને સત્તાધીશો માટે નહિ પણ બહોળા સમાજ સુધી આ પરિવર્તનનાં ફળ પહોંચે તેવા પ્રયાસો કરવાને પ્રાથમિકતા આપવી પડશે.

2. સાથોસાથ આપણાં સામાજિક અને સાંસ્કૃતિક માળખાંમાં બદલાવ પણ જરૂરી છે. જેમ કે જ્ઞાતિ, ધર્મસંપ્રદાયો, સ્ત્રી-પુરુષ સમાનતાના પ્રશ્નો, કૌટુંબિક માળખું, વ્યક્તિવિકાસને રૂંધતા પરિબળો છે. આ બધી દેખીતી વિવિધતાઓ ભેદભાવને પોષે છે અને વ્યક્તિની સ્વાધીનતા, આધિકારોને રૂંધે છે. આધુનિકતાનાં મહત્વનાં મૂલ્યો છે વ્યક્તિમત્તા-વ્યક્તિનું મહત્વ અને સ્વાધીનતા. તો પેલી તરફ પૂર્વઆધુનિક માળખાંમાં વ્યક્તિને જયારે પરંપરાઓ નિભાવવાની

ફરજ પાડવામાં આવે કે આભડછેટ, ઉચ્ચાવચતા જેવા અમાનવીય ભેદભાવો દ્વારા અન્યાય કરવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે જ વ્યક્તિમત્તા અને સ્વાધીનતા જેવાં મૂલ્યોં ખોવાઇ જાય છે. ધર્મનિરપેક્ષતા અને માનવવાદ (કોસ્મોપોલિટાનીઝમ) એવાં મૂલ્યો છે જે દેશની વર્તમાન સંકુચિત સંપ્રદાયવાદી, જાતિવાદી અને પિતૃસત્તાત્મક નીતિઓ અને રહેણીકરણીને લીધે અમલમાં આવી જ નથી શકતાં. આધુનિકતાના રસ્તે ચાલવા માટે, સમાજવાદી સમાજરચનાનું સ્વપ્ન સાકાર કરવા માટે, આપણી અંદરનાં અને બહારનાં આવાં ભેદક તત્ત્વોને દૂર કરવાં જ પડશે. આમતેમ, જરાતરા બાંધછોડ કર્યે નહિ ચાલે. એટલે જ કહેવાય છે કે ભારતની ઉન્નતિ, પ્રગતિ અને આધુનિકતા માટે સંકુચિત અને શોષણકર્તા સામાજિક-સાંસ્કૃતિક માળખામાં પરિવર્તન લાવવું એ પ્રાથમિક કાર્યભાર (એજન્ડા) હોવો જોઇએ. આવનારા સમયમાં આપણે અનેક કાર્યક્રમો, પરિયોજનાઓ અને શિક્ષણ પદ્ધતિ (પેડેગોજી) દ્વારા સભ્યતા અને સંસ્કૃતિના પરિવર્તનનું સાહસ કરવું જ પડશે. કેમ કે, માત્ર સ્થૂળ રીતે રાજયવ્યવસ્થા બદલાવથી કે ઉત્પાદન પ્રણાલિ બદલાવથી સમાજ પરિવર્તન ન થાય.... એ આપણે છેલ્લાં સાઠ વર્ષથી સ્વતંત્ર થયેલા ભારતની અવદશા દ્વારા જોઇ શકીએ છીએ, અનુભવી શકીએ છીએ. ભૂતકાળમાં સમાજવાદી ક્રાન્તિની સાથે જ હતા. આપણી ભાવિ ક્રાન્તિ માટે પણ એ જ વ્યૂહરચના જરૂરી બનશે.

3. ભારતીય આધુનિકતાની આગળની યાત્રા માટે બૌદ્ધિક અને સાંસ્કૃતિક ઊર્જાનો વિસ્ફોટ જરૂરી છે. મતલબ કે, બૌદ્ધિકોએ કર્મશીલોએ, સર્જકોએ, કલાકારોએ સાંસ્કૃતિક પરિવર્તન માટે પોતપોતાની સર્જકતા દ્વારા નિરંતર પ્રયત્નો કરવા પડશે. સર્જકના હેતુ અનેક હોઇ શકે પણ જો સાંસ્કૃતિક-સામાજિક પરિવર્તન કરવું





હોય તો તે માટેની પ્રતિબદ્ધતા જરૂરી છે. માનવીય ગૌરવ, સ્વાધીનતા, વૈશ્વિકતા, ધર્મનિરપેક્ષતા જેવાં મૂલ્યો ફક્ત 'સૂત્રો'માં જ નહિ, સાંગોપાંગ કલાકૃતિઓમાં, સાહિત્યમાં અને જીવન પ્રણાલીમાં ઉતારવાં પડશે.

તત્વજ્ઞાન, માનવવિદ્યાઓ, પ્રાકૃતિક વિજ્ઞાન, વિચારધારા અને આધુનિકતાનાં મૂલ્યોને સમજીને, તેનું નવેસરથી અર્થઘટન કરીને, સમાજના છેવાડાનાં લોક સુધી પહોંચાડવાના પ્રયોગો હાથ ઉપર લેવા પડશે. જ્ઞાન-વિજ્ઞાનથી વંચિત રાખવામાં આવેલા વર્ગો, જાતિઓ, સમુદાયોને તે જ્ઞાનપ્રકાશની કેડી ઉપર લઇ જવા પડશે. વૈચારિક રીતે સજ્જ બનીને, સમાજનાં તમામ સ્તરો સુધી પાહોંચવાની નેમ સાથે સક્રિય બનવું પડશે. આખરે, 'આધુનિકતા' આપણા સમયની તાતી જરૂરિયાત છે, સૈદ્ધાન્તિક રીતે અને વ્યવહારૂ રીતે- એને હાંસલ કરવાના ધ્યેયને આપણો ભાવિ કાર્યભાર (એજન્ડા) બનાવવો પડશે. સદીઓથી આગળ ને આગળ ધપતી માણસજાતે આપણને હમેશાં ઉન્નતિ અને પ્રગતિની એંધાણી આપી જ છે, તો પછી આજે પણ નવી ઉર્જા સાથે આધુનિકતાની ખોજની આશા શા માટે ન રાખવી?!

## સંદર્ભ સૂચી

(આ પુસ્તિકા તૈયાર કરવા માટે આધારભૂત સામગ્રી)


1. **'આધુનિકતાની ખોજમાં'** -વિચાર વિમર્શ-1
   (*કન્સલ્ટેશન*)નો સમગ્ર અહેવાલ.
2. **આધુનિકતા અને અર્થવ્યવસ્થાઓ** -વિચાર વિમર્શ -2
   (*કન્સલ્ટેશન*)નો સમગ્ર અહેવાલ.
3. **આધુનિકતા અને ભારતનું બંધારણ** -વિચાર વિમર્શ -3
   (*કન્સલ્ટેશન*)નો અહેવાલ.


## પુસ્તક / લેખની યાદી


1. **Enlightenment and Moderinty** Prof. Madhusudan Bakshi
2. **પ્રબુદ્ધતા (એન્લાઈટનમેન્ટ)** પ્રો. યોગેન્દ્ર માંકડ
3. **હાબરમાસ અને એન્લઈટનમેન્ટ પ્રોજેક્ટ** પ્રો. યોગેન્દ્ર માંકડ
4. **લ્યોટાર્ડ અને આધુનિકતા** પ્રો. યોગેન્દ્ર માંકડ
   **(પ્રો. યોગ્રેન્દ્ર માંકડના ત્રણ લેખો 'કુમાર'માં પ્રકાશિત છે.)**
5. **આધુનિકતા ઔર આધુનિકતાએં** ડો. રવિ સિન્હા
   **('સંધાન-3' - ઓક્ટોબર -ડિસેમ્બર, 2010).**
6. **પ્રબોધન ક્યા હૈ?** કાંટ
   (*અનુવાદઃ લાલ બહાદુર વર્મા* )
   (લેખ 'સંધાન-3' - ઓક્ટોબર-ડિસેમ્બર, 2010).
7. **પ્રબોધન ક્યા હૈ?** મિશેલ ફૂકો
   (*અનુવાદઃ સુરેન્દ્ર રાહી* )
   (લેખ 'સંધાન -3' - ઓક્ટોબર - ડિસેમ્બર, 2010).






# પરિશિષ્ટ - 1

# યુરોપના જ્ઞાનપ્રકાશ યુગના મશાલચીઓ

### રેને દેકાર્ત



René Descartes
(31 Mar. 1596
–11 Feb. 1650)

*સત્તરમી સદીના એ ફ્રેન્ચ પ્રબુદ્ધ ચિંતકે (ફિલોસોફરે) માનવનું અને માનવી દ્વારા થતા વિચારનું મહત્વ પારખીને જગતભરમાં પહેલવહેલું એલાન કર્યું: "હું વિચારું છું તેથી હું છું." પ્રબુદ્ધ ચિંતકોએ વિશ્વના સર્જન અને નિયમનમાં કોઈ દૈવી હાથ છે કે 'ઈશ્વર' આ બધું કરે છે તે પારંપરિક વિશ્વાસ અને માન્યતાઓનું જોરશોરથી ખંડન કર્યું હતું. દેકાર્ત આમાં પહેલી હરોળમાં પ્રથમ સ્થાને હતો. જ્ઞાનનું મહત્વ, તર્કબુદ્ધિની અગત્યતા એણે સ્થાપી. ખાસ તો મગજ અને શરીર વચ્ચેના સંબંધ વિશે ઊંડું મનન કરીને એને વિશેના સિદ્ધાંતો ઘડયા. તત્વજ્ઞાન ઉપરાંત શરીર વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં પણ તેણે ચિંતન કરીને ગ્રંથો લખ્યા છે.*


*તેના સમયના ત્રણ અન્ય તત્વજ્ઞાનીઓએ પણ 'માનવકેન્દ્રીતા'ના ખ્યાલમાં પોતપોતાનું યોગદાન આપેલું. જે હતા -*



**ફ્રાન્સિસ બેકન**
Francis Bacon
(22 Jan. 1561
– 9 Apr. 1626)



**જ્હોન લૉક**
John Locke
(29 Aug. 1632
– 28 Octo.1704)



**હૉબ્સ.**
Thomas Hobbes
(5 Apr. 1588
– 4 Dec. 1679)

## ડૅનિસ દિદેરો



Denis Diderot
(1713-1784)

*1713માં જન્મ અને 1784માં અવસાન પામેલા આ ફ્રેન્ચ તત્વજ્ઞાની અને લેખક, વિવેચક દિદેરો જ્ઞાનપ્રકાશયુગનું એક જ્વલંત ચરિત્ર છે. ખાસ તો જ્ઞાનગ્રંથ ‘એન્સાઇક્લોપિડિયા’ના મુખ્ય સંપાદક - તંત્રી અને લેખક તરીકે ‘જ્ઞાન પ્રકાશ’ ક્ષેત્રે તેનું પ્રદાન અમૂલ્ય ગણાય છે. ‘મુક્ત મનોબળ (ફ્રી વીલ) અને ‘ગ્રાહકની ઇચ્છાઓ અને ઇચ્છા પૂર્તિ’ જેવા ભૌતિક સુખના સિદ્ધાંતો વહેતા મુકનાર ચિંતક તરીકે પણ તેને યાદ કરવામાં આવે છે.*

## સર આઇઝેક ન્યૂટન



Isaac Newton
(1643 - 1727)

*ઇંગ્લેંડના મહાન ભૌતિક વિજ્ઞાની, ગણિત વિજ્ઞાની, ખગોળશાસ્ત્રી, રસાયણ વિજ્ઞાની અને ફિલોસફર તરીકે, માનવીય ઇતિહાસમાં સૌથી પ્રભાવશાળી મનુષ્યમાંના એક તરીકે ન્યૂટનની ગણના થાય છે. પરંપરાગત યંત્રવિજ્ઞાનનો પાયો નાખનાર ન્યૂટને ‘સાર્વત્રિક ગુરૂત્વાકર્ષણ’ અને ‘ગતિના નિયમો’ ની સમજૂતી આપી છે, જે ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રે સદીઓ સુધી સીમાચીહ્ન રૂપે યાદ રહેશે. સૌ પ્રથમ ટેલિસ્કોપ પણ એણે બનાવ્યું હતું. રંગનો સિદ્ધાંત, મેઘધનુષ, અવાજની ગતિનો સિદ્ધાંત પણ આપ્યો. ન્યૂટને ગણિતમાં વિકલન, સંકલનની પદ્ધતિનો વિકાસ કર્યો. જ્ઞાનપ્રકાશ યુગના સૌથી વધુ ક્ષેત્રોમાં પહેલ કરનાર ન્યૂટનને માનવજાત ઉપર સૌથી વધુ અસર કરનાર વિજ્ઞાની તરીકે જગત સદાય બિરદાવતું રહેશે.*





## ગિયાર્દિનો બ્રૂનો



Giordano Bruno
(1548 - 1600)

*ઇટલિના જ્ઞાનપ્રકાશ યુગનો અગ્રગામી કવિ અને ચિંતક બ્રૂનોને તેની શહાદત માટે હંમેશા યાદ કરવામાં આવે છે. ઍરિસ્ટોટલના તત્વજ્ઞાનની પરિપાટિનો આ ચિંતક શરૂઆતમાં તો ડોમિનિકન ખ્રિસ્તી-સાધુસંઘનો સભ્ય રહી ચૂક્યો હતો. સંઘને છોડ્યા પછી રહસ્યવાદનો પ્રસાર-પ્રચાર કરતો રહ્યો. ઇશ્વરના અસ્તિત્વ અને વૈશ્વિક એકત્વના સિદ્ધાંતે તેના સિવાય અન્ય ડચ પ્રબુદ્ધ સ્પિનોઝા અને જર્મન ચિંતક લેબિનિઝ ઉપર પણ પ્રભાવ પાડયો. સોળમી સદીના આ ચિંતકે બ્રહ્માંડ વિશે પણ અતિશયોક્તિભરી ધારણાઓ કરી હતી, જે તત્કાલીન ધર્મગુરુઓને માટે ઇશ્વરદ્રોહ સમી હતી. રોમના ચર્ચે બ્રૂનોની ધરપકડ કરી અને 1600ની સાલમાં એને જીવતો સળગાવી દીધો હતો.*

## ગૅલિલિયો ગેલિલિ




Galileo Galilei
(1564 - 1642)

*આ ઇટાલિયન ભૌતિકશાસ્ત્રી, ગણિતશાસ્ત્રી, ખગોળશાસ્ત્રી અને તત્વચિંતકને ‘યુગપુરુષ’ તરીકે ઓળખવામાં કશી અતિશયોક્તિ નહી કહેવાય. વૈજ્ઞાનિક ક્રાન્તિમાં ગેલિલિયોઓનો સિંહફાળો રહ્યો છે. ટેલિસ્કોપમાં સંશોધન કરીને તેણે નવેસરથી અવકાશનું અવલોકન કર્યું અને નવી શોધ કરી. સૂર્યકલંકો શોધીને તેની મિમાંસા કરી. ગુરુના ચાર ઉપગ્રહો શોધ્યા અને શુક્રની કળાઓ ગણાવી. તેના જીવનકાળમાં રોમન ચર્ચ અને અન્ય લોકો ‘પૃથ્વીકેન્દ્રી’ સિદ્ધાંતમાં માનતા હતા ત્યારે પોતાના સંશોધનના પરિપાકરૂપે ગેલિલિયોએ સૂર્યકેન્દ્રી સિંદ્ધાંત આપ્યો. રોમન ચર્ચે ગેલિલિયો સામે ખટલો ચલાવ્યો અને ધર્મદ્રોહી તરીકે તેને આજીવન નજરકેદની સજા ફટકારી. તેના સિદ્ધાંતોનું ખંડન કરવાની ફરજ પાડી, પણ નજરકેદ દરમ્યાન ગેલિલિયોએ પોતાના સિદ્ધાંતોને લગતો ગ્રંથ તૈયાર કર્યો, જે તેનું સમગ્રજીવન*

કાર્ય બન્યો. આ ઉપરાંત ગેલિલિયોએ જીવનોપયોગી યંત્રોની શોધ પણ કરી અને માનવસમાજને હોકાયંત્ર જેવું અદ્યતન સાધન બક્ષ્યું. બહુ સાચી રીતે આજના વિજ્ઞાનીઓ પણ ગેલિલિયોને 'ફાધર ઓફ મોડર્ન ફિઝિક્સ' તરીકે નવાજે છે.

## નિકોલસ કોપરનિકસ



Nicolaus opernicus
(19 Feb. 1473
– 24 May 1543)

પોલાન્ડમાં જન્મેલા કોપરનિકસે પણ ચર્ચમાન્ય પૃથ્વીકેન્દ્રીયતાને નકારી હતી. તે પણ ખગોળશાસ્ત્રી અને ગણિતજ્ઞ હતો. એરિસ્ટોટલનના પૃથ્વીકેન્દ્રીવાદનો પહેલો વિરોધ કરનાર કોપરનિકસ હતો -બ્રૂનો અને ગેલિલિયોએ તેના અનુસરણમાં આ સિદ્ધાંતને વિકસાવ્યો હતો. કોપરનિકસે પૃથ્વી ધરી ઉપર ફરે છે અને તેના દૈનિક અને વાર્ષિક ભ્રમણનો સિદ્ધાંત આપ્યો હતો. તારાઓની સ્થાનસ્થિતિરચનાનો તેનો સિદ્ધાંત અન્ય ખગોળશાસ્ત્રીઓને માર્ગદર્શન પૂરું પાડનાર નીવડેલો.

ખગોળશાસ્ત્રી હોવા ઉપરાંત કોપરનિકસ ચિકિત્સક, લેખક, કલાકાર, સેનાપતિ, ન્યાયાધીશ અને ગવર્નર પદે પણ પહોંચેલો. આ બહુમુખી પ્રતિભા ધરાવનાર પ્રબુદ્ધ ચિંતકે દૂરબીનની શોધ થયા પહેલાં નરી આંખે આકાશ દર્શન કરીને ખગોળવિજ્ઞાનની ક્ષિતિજો પાર કરી હતી.

## ડેવિડ હ્યૂમ




David Hume
(26 Apr.1711–
25 Aug.1776)

સ્કોટલેન્ડમાં જન્મેલા ડેવિડ હ્યૂમને આધુનિક તત્વચિંતક તરીકે ઘણું કામ કરવા છતાં, ઓછા જ બિરદાવાય છે. પાછળનાં વર્ષોમાં ફ્રાન્સમાં સ્થળાંતરિત થયા પછી એમના વિચારો ખીલ્યા. માનવકેન્દ્રીતાનો ખ્યાલ એમણે ખીલવ્યો, પરિણામે જેસુઈટ પાદરીઓ સાથે તેમને સંઘર્ષમાં ઊતરવું પડયું. 'માનવ-સ્વભાવ' વિશેના એના મહાનિબંધે આધુનિક તત્વજ્ઞાનના ક્ષેત્રે ચીલો ચાતરવાનું કામ કર્યું.






## ઇમાનુએલ કાંટ



Immanuel Kant
22 Apr. 1724
–12 Feb. 1804

આ જર્મન વૈજ્ઞાનિક, નીતિશાસ્ત્ર નિષ્ણાત અને દાર્શનિકે 'હાઈપોથિસિસ'થી વૈશ્વિક ખ્યાતિ મેળવી. સૌરમંડળની ઉત્પત્તિનો સિદ્ધાંત તેણે આપ્યો. પ્રખર માનવતાવાદ, નૈતિક શુદ્ધતા, કર્તવ્યનો સિદ્ધાંત અને અલોચનાત્મક દર્શનના રૂપે તેના પ્રદાને પાછળના અનેક તત્વજ્ઞાનીઓ માટે માર્ગદર્શક સિદ્ધાંતો આપ્યા.

## કાર્લ માર્ક્સ



Karl Marx
5 May 1818 -
14March 1883

જર્મન દાર્શનિક, અર્થશાસ્ત્રી અને વૈજ્ઞાનિક સમાજવાદના પ્રણેતાએ ઓગણીસમી સદીની વિચારધારાનું ઘડતર કરીને, વીસમી સદીની ક્રાન્તિઓને દીવાદાંડી ચિંધી હતી. શરૂઆતમાં કાનૂન, સાહિત્ય, ઈતિહાસ અને તત્વજ્ઞાનનું અધ્યયન કર્યું અને યુવાવસ્થામાં જ દર્શનશાસ્ત્રમાં ડોક્ટરેટ મેળવી. ગરીબોની સત્તા અને ક્રાન્તિના સિદ્ધાંતો વિશે લખવા માટે તેમના લેખન ઉપર રાજકીય પ્રતિબંધ નખાયો. માર્ક્સને જર્મની છોડીને પેરિસ વસવું પડયું. ત્યાં પણ નૈતિક દર્શન ઉપરના તેના લખાણોને કારણે દેશનિકાલ વેઠવો પડયો. બ્રસેલ્સમાં પોતાના મિત્ર એન્જલ્સની સાથે રહીને તેણે મજદૂર સંગઠન અને કમ્યૂનિસ્ટ લીગના નિર્માણમાં સહયોગ આપ્યો. 1847માં તેણે અને એન્જલ્સે 'કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો' (ઘોષણાપત્ર) પ્રકાશિત કર્યો. 1848થી જર્મનીને સમાજવાદી ક્રાન્તિનો સંદેશ આપવાનો આરંભ કર્યો. 1849માં ફરી દેશનિકાલ પામ્યો અને આજીવન લંડન નિવાસ સ્વીકાર્યો. લંડનમાં અધ્યયન અને લેખનનાં વર્ષોમાં રાજનૈતિક અર્થશાસ્ત્ર, સમાજવાદ અને

*વિશ્વકલ્યાણનાં ગ્રંથો રચ્યા. ‘દાસ કેપિટલ’ મહાગ્રંથ 1867માં બહાર આવ્યો. ‘વર્ગસંઘર્ષ’નો સિદ્ધાંત માર્ક્સના ‘વૈજ્ઞાનિક સમાજવાદ’ના મેરુદંડ સમો છે. માર્ક્સના આર્થિક-રાજનૈતિક દર્શને વિશ્વઇતિહાસની દિશા બદલનાર સર્વહારા ક્રાન્તિનું નિર્માણ કર્યું.*

## યુર્ગેન હાબરમાસ



Jürgen Habermas
June 18, 1929 - 1984

*આધુનિક પાશ્ચાત્ય પ્રબુદ્ધ ચિંતકોમાંના છેલ્લામાં છેલ્લા આ ચિંતકે ‘ક્રિટીકલ થિયરી’નું સંપાદન કર્યું. સામાજિક સિદ્ધાંતો, એપીસ્ટેમોલોજી, રાજનૈતિક સિદ્ધાંતો અને ઉપયોગિતાવાદ એમના ખાસ ક્ષેત્રો છે.*

*સોળમી સદીના યુરોપિયન તત્વચિંતકોની તર્કબુદ્ધિની પ્રણાલીને આગળ વધારીને આધુનિકતાની પરિયોજના ઉપર એમણે ઊંડું ચિંતન કર્યું. માનવ સભ્યતા અને સંસ્કૃતિને ઉન્નત શિખરે પહોંચાડનાર આધુનિકતાની અણસમજુ ટીકાઓનો તેમણે સામનો કર્યો અને અનુઆધુનિકતાના સિદ્ધાંત સામે ટક્કર ઝીલી. હાબરમસની ચિંતનધારા જો આગળ વધારવામાં આવે - ખાસ કરીને ત્રીજા વિશ્વના દેશોમાં, તો મોટા ભાગના સાંસ્કૃતિક સવાલોના જવાબો શોધવામાં મદદ રૂપ થાય.*





# પરામર્શકનો પરિચય



***પ્રા. યોગેન્દ્ર માંકડ** ગુજરાત યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના નિવૃત્ત અધ્યાપક છે. તેમના રસનો વિષય છે, જ્ઞાનપ્રકાશ યુગથી શરૂ થયેલ પશ્ચિમી ફિલસૂફી. તેમણે હાલમાં જ યુ.જી.સી. ના પોસ્ટ ગ્રેજ્યુએશનના શૈક્ષણિક કાર્યક્રમો માટે જ્ઞાનપ્રકાશ યુગ વિશેના અગિયાર ભાગની દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ શ્રેણી તૈયાર કરી છે. 2004માં નિવૃત્ત થયા બાદ તેઓ સ્વૈચ્છિક રીતે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરતા રહ્યા છે. આ ઉપરાંત ફ્રેન્કફ્રન્ટ સ્કૂલની વિચારધારા તથા હાબરમાસની વિચારધારા વિશે નિરીક્ષક, ફાર્બસ સભા અને તથાપિ જેવી અગ્રગણ્ય વિચાર પત્રિકાઓમાં વિદ્વત્તાપૂર્ણ લેખો લખતા રહ્યા છે. તેમના સંપર્ક સૂત્રો છે-*

õ *57-A, શારદા સોસાયટી, ભીમનાથ મહાદેવના મંદિર પાસે, પાલડી, અમદાવાદ — 380 007.*

õ *ઈ-મેઈલ: profmankad@gmail.com*

## લેખકનો પરિચય



- **ડૉ. સરૂપ ધ્રુવ**
- જન્મ : 1948.
- અભ્યાસ : એમ.એ. ; પી.એચ.ડી.

- પ્રતિબદ્ધ સામાજિક-રાજનૈતિક કવયિત્રી-નાટ્ય લેખક-સાંસ્કૃતિક કર્મશીલ તથા ભાષા અને સંસ્કૃતિ શિક્ષક-અવૈધિક શિક્ષણકર્તા.

- **પ્રકાશિત પુસ્તકો:**

1. **મારા હાથની વાત** કાવ્ય સંગ્રહ [1981]
2. **સળગતી હવાઓ** કાવ્ય સંગ્રહ [1995]
3. **હસ્તક્ષેપ** કાવ્ય સંગ્રહ [2003]
4. **સહિયારા સૂરજની ખોજમાં** ગીત સંગ્રહ [2003]
5. **હીરનો હીંચકો**
   દલિત મહિલાઓના લોકગીતોનું સામાજિક-સાંસ્કૃતિક વિશ્લેષણ કરતું અભ્યાસ પુસ્તક [2001]
6. **‘કાળમુખો અંધાર ભેદવા’**
   વિશ્વભરની વિવિધ ભાષામાં સામ્પ્રદાયિકતા સંદર્ભે લખાયેલી કેટલીક વાર્તાઓ-કવિતાઓનાં કુલ 6 સંગ્રહનું સહસંપાદન. [2003]
7. **ઉમ્મીદ હોગી કોઈ** (હિન્દી)
   ગુજરાત જનસંહાર -2002ની સત્યઘટનાઓ ઉપર આધારિત કથાનક સંગ્રહ [2009]

